# मुक्ति मार्ग

## (ગુણસ્થાનક ક્રમારોહ)

### (સચિત્ર-વિવેચન સહિત)

વિવેચનકાર

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના સુશિષ્યા
સા. જયદર્શિતાશ્રીજી (M.sc.,Ph.D.)

પ્રકાશક

**શ્રી શત્રુંજય એકેડમી**
શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય,
સ્ટેશન રોડ,
ચાલીસગામ તીર્થ (જલગામ)
મહારાષ્ટ્ર.

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વર્ષીતપ નિમિત્તે પ્રકાશિત

# મુક્તિ માર્ગ

## (ગુણસ્થાનક ક્રમારોહ)

સા.જયદર્શિતાશ્રીજી

પ્રથમ આવૃત્તિ
વિ.સં.૨૦૭૧
ઈ.સ. ૨૦૧૬

નકલ
૧૦૦૦ નકલ

પ્રકાશક એવં પ્રાપ્તિ સ્થાન
શ્રી શત્રુંજય એકેડમી
શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય,
સ્ટેશન રોડ, ચાલીસગામ તીર્થ (જલગામ)
મહારાષ્ટ્ર.

મુદ્રક
અશોક પ્રિન્ટરી, પાલીતાણા.
મો. ૯૨૨૮૨૮૫૪૮૮

# અંતરના અનુગ્રહ દાતા

પ્રાતઃ સ્મરણીય, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ



## પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બાલ બ્રહ્મચારી..

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**



પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**



## મંગલમય પ્રેરણા

શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

# ગુણભાવે
# ગૌરવવંતુ
# સમર્પણ

ગુણોના સાગરની જેમના ઉપર કૃપા વરસે છે...
ગુણોના ઉદયને જે પામેલા છે...
ગુણાનુરાગથી જે શોભાયમાન છે...
ગુણોની ગંગામાં સ્નાન કરી જે પાવન બન્યા છે...
ગુણોના જે પૂજારી છે...
ગુણસ્થાનોમાં ક્ષણે ક્ષણે આગળ વધી રહ્યા છે...
એવા
ગુણવૈભવના સ્વામી તપસ્વીરત્ન-અચલગચ્છાધિપતિ
સુવર્ણ (૫૦) વરસીતપારાધક પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના
કરકમળમાં
ગુણભાવે ગૌરવવંતુ સમર્પણ.

સા. જયદર્શિતાશ્રીજી.

# વાત મુક્તિ માર્ગની

ગુણસ્થાન !

ગુણોનું રહેવાનું સ્થાન

આત્મા એ જ ગુણોને રહેવાનું સ્થાન છે.

જેમ જેમ આત્મામાં ગુણોની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ આત્મા ઉર્ધ્વગતિ કરતો જાય છે. આત્માના ગુણ અનંત છે એ અપેક્ષાએ ગુણસ્થાન પણ અનંત સંભવી શકે. પરંતુ આપણી સમજણ માટે પૂર્વાચાર્યોએ આ અનંતગુણ સ્થાનોને ચૌદ મુખ્ય સ્થાનોમાં સંગ્રહીત કર્યા છે. જેમાં પ્રથમ સ્થાન મિથ્યાત્વ સહિત જીવોનું છે જ્યારે ચૌદમું સ્થાન સિદ્ધ પદને પામેલા સદાકાળ મોક્ષમાં રહેનારા જીવોનું છે.

વિશ્વમાં બધા જ જીવોનો સમાવેશ આ એકથી ચૌદ ગુણસ્થાનોમાં થાય છે.

આપણો નંબર ક્યાં લાગે છે ?

આપણે કયા ગુણસ્થાને છીએ ?

આપણે આગળ વધવાનો પુરૂષાર્થ કરીએ છીએ ? કે નીચે નીચે ઉતરી રહ્યા છીએ ? ગુણસ્થાનોમાં આગળ ને આગળ વધવા કેવા પ્રકારનો પુરૂષાર્થ કરવો આવશ્યક છે ? આત્મ વિકાસના ચૌદ પગથિયાનો સુંદર ચિતાર આ ગુણસ્થાનના ક્રમારોહમાં આપવામાં આવ્યો છે. જીવને શિવ બનાવનાર આ માર્ગને જાણી સમજીને આપણે એ મુક્તિ માર્ગના પથિક બની સત્વરે મોક્ષ મંઝિલ વરીએ.

મુક્તિમાર્ગમાં અગ્રેસર એવા તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ મહોત્સવ પ્રસંગે 'મુક્તિ માર્ગ'નું ૨૧ મું પુષ્પ પ્રકાશન કરતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

પ્રકાશનનો લાભ લેનાર શ્રુત પ્રેમી પરિવારની હાર્દિક અનુમોદના...

સા. જયદર્શિતાશ્રીજી.

## સુકૃતના લાભાર્થી

# જ્ઞાન પ્રેમી પરિવાર

# ગુણસ્થાન ક્રમારોહ

ગુણ!

જીવન વિકાસમાં એમનું અદ્‌ભૂત યોગદાન છે... જેમના વિના જીવન બાગ મઘમઘતું નથી... સુનૂં સુનૂં બની જાય છે... આવા ગુણોનું જીવન વિકાસમાં વિશિષ્ટ મહત્વ છે.

જ્યાં જ્યાં અપૂર્વ ગુણ વિશેષનો જે અવિર્ભાવ થાય છે એટલે જ ગુણ વિશેષની પ્રાપ્તિ થાય છે તેને ગુણસ્થાન કહેવાય છે.

જેમ જેમ વધુને વધુ વિશેષ ગુણોની પ્રાપ્તિ થાય તેમ તેમ જીવ અધ્યાત્મના ઉંચા ઉંચા લક્ષને પામતો જાય છે. આવા ગુણોના રહેવાના સ્થાન તે ગુણસ્થાન કહેવાય છે. આત્મવિકાસની ઇચ્છા રાખનાર પ્રત્યેક સાધકને ગુણસ્થાનોનું જ્ઞાન અતિ આવશ્યક છે. આત્મિક વિકાસના આ પગથિયા છે. આપણે **શ્રીમદ્ રત્નશેખરસૂરિ કૃત 'ગુણસ્થાનક ક્રમારોહ'** ગ્રંથના આધારે સંક્ષિપ્તમાં ગુણસ્થાનો સંબંધી જ્ઞાન મેળવવા પ્રયાસ કરીશું.

**गुणस्थान क्रमारोह, हत मोहं जिनेश्वरम् ।**
**नमस्कृत्य गुणस्थान, स्वरुप किंचिदुच्यते ॥१॥**

ગ્રંથકાર મહર્ષિ ગ્રંથનો પ્રારંભ કરતા પૂર્વે માંગલિક કરી રહ્યા છે. વિઘ્ન નિવારણ કરવા તેમજ શાંતિપૂર્વક ગ્રંથની પૂર્ણાહુતિ થાય તે માટે જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરી રહ્યા છે.

રાગ અને દ્વેષને જીતવાવાળા જિન કહેવાય છે. એવા સામાન્ય જિનમાં (કેવલીમાં) ઇન્દ્ર સમાન તે જિનેન્દ્ર-જિનેશ્વર કહેવાય છે. આ જિનેશ્વર વળી કેવા છે ? તે જણાવતાં કહે છે કે ચૌદમા ગુણસ્થાનનો જે આરોહ ક્રમ જેનાથી એમણે મોહનીય કર્મનો નાશ કર્યો એવા જિનેશ્વર છે. મોહનીય કર્મના નાશથી જેમણે ગુણસ્થાનકોમાં આરોહણ કર્યું છે એવા શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને સંક્ષેપથી ગુણસ્થાનનું સ્વરૂપ જણાવે છે.

હવે ચાર ગાથા વડે ચૌદ ગુણસ્થાનકના નામ જણાવે છે -

**चतुर्दश गुणश्रेणि स्थानकानि तदादिमम् ।**
**मिथ्यात्वाख्य द्वितीयन्तु स्थानं सास्वादनाभिधम् ॥२॥**
**तृतीयं मिश्रकं तुर्यं सम्यग्दर्शनमव्रतम् ।**
**श्राद्धत्व म्पचमंषष्ठं प्रमत्त श्रमणाभिधम् ॥३॥**
**सप्तमं त्वप्रमत्तंचाऽपूर्वकरण मष्टमम् ।**
**नवमञ्चानिवृत्याख्यं दशमं सूक्ष्लोभकम् ॥४॥**

**एकादश शांत मोहं, द्वादशं क्षीण मोहकं ।**
**त्रयोदशं सयोग्याख्यं मयोग्याख्यं चतुर्दशम् ।।५।।**

સર્વ સંસારી જીવોના ગુણો કર્મના આવરણના કારણે થોડા અથવા વધારે અંશે ઢંકાયેલા છે. જેમ જેમ કર્મ આવરણ ઘટતું જાય. તેમ તેમ જ્ઞાનાદિ ગુણોનો પ્રકાશ વધતો જાય... જેમ જેમ ગુણવૃદ્ધિ થતી જાય, તેમ તેમ જીવ ઉપર-ઉપરના ગુણસ્થાનને પામતો જાય છે. જ્ઞાનાદિ ગુણોના અસંખ્ય ભેદો સંભવે છે તેથી ગુણસ્થાન પણ અસંખ્ય સંભવે. પરંતુ મહા પુરુષોએ તે અસંખ્ય ભેદોને ૧૪ ગુણસ્થળળાનમાં સમાવી લીધા છે.

ભવ્ય જીવને સિદ્ધિરૂપી મહેલમાં ચઢવા માટે ચૌદ ગુણસ્થાનની શ્રેણિ એટલે સીડી કહી છે. જેવી રીતે મનુષ્ય સીડી ઉપર ચઢીને પોતાના મકાનમાં જઇ શકે છે તેમ ચૌદ ગુણસ્થાનની શ્રેણિથી જીવ મુક્તિપદ અથવા સિદ્ધિ પદને પ્રાપ્ત કરે છે.

અહીં ચાર ગાથાઓથી ચૌદ ગુણસ્થાનકના નામ જણાવે છે.

| | |
|---|---|
| (૧) મિથ્યાત્વ ગુણસ્થાન | (૨) સાસ્વાદન ગુણસ્થાન |
| (૩) મિશ્ર ગુણસ્થાન | (૪) અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ ગુણસ્થાન |
| (૫) દેશવિરતિ ગુણસ્થાન | (૬) પ્રમત્ત સંયત ગુણસ્થાન |
| (૭) અપ્રમત્તસંયત ગુણસ્થાન | (૮) અપૂર્વકરણ ગુણસ્થાન |
| (૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાન | (૧૦) સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન |
| (૧૧) ઉપશાન્તમોહ ગુણસ્થાન | (૧૨) ક્ષીણ મોહ ગુણસ્થાન |
| (૧૩) સયોગી કેવલી ગુણસ્થાન | (૧૪) અયોગી કેવલી ગુણસ્થાન |

ચૌદ ગુણસ્થાનકના નામ જણાવ્યા પછી એક - એક ગુણસ્થાનકની વિશેષ સમજણ આપે છે -

## (૧) મિથ્યાત્વ ગુણસ્થાન

જ્યાં મિથ્યાત્વની હાજરી છે એવું મિથ્યાત્વ સહિતનું સ્થાન તે મિથ્યાત્વ ગુણસ્થાન જાણવું. આ મિથ્યાત્વ બે પ્રકારે છે -

**अदेवाऽगुर्व धर्मेषु या देव गुरु धर्मधीः ।**
**तन्मिथ्यात्वं भवेद व्यक्त मव्यक्तं मोह लक्षणम् ।।६।।**

મિથ્યાત્વ બે પ્રકારે છે - (૧) વ્યક્ત મિથ્યાત્વ અને (૨) અવ્યક્ત મિથ્યાત્વ.

કુદેવ-કુગુરુ અને કુધર્મને વિષે જે દેવ-ગુરુ-ધર્મની બુદ્ધિ હોવી તે વ્યક્ત મિથ્યાત્વ છે. એવી બુદ્ધિ સંજ્ઞિ પંચેન્દ્રિયને જ હોય છે.

અવ્યક્ત મિથ્યાત્વ મોહરુપ છે એટલે અને અજ્ઞાન તુલ્ય જાણવું.

# મિથ્યાત્વનું સ્વરૂપ

**अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौ च या ।**
**अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद् विपर्ययात् ।।**

અદેવમાં દેવબુદ્ધિ... અગુરુમાં ગુરુ બુદ્ધિ... અને અધર્મમાં ધર્મબુદ્ધિ તે મિથ્યાત્વ છે.

મિથ્યાત્વ મહારોગ છે... મિથ્યાત્વ મહાઅંધકાર છે...

મિથ્યાત્વ મહાશત્રુ છે... મિથ્યાત્વ મહાવિષ છે...

રોગ... અંધકાર અને વિષ ભવમાં એક જ વખત દુઃખ, વેદના, પીડા આપે છે. પરંતુ મિથ્યાત્વ હજારો નહીં લાખો ભવો સુધી દુઃખ, વેદન, પીડા આપે છે.

આવું આ મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે –

**૧. આભિગ્રહિક મિથ્યાત્વ –** પાખંડીઓ પોતાના શાસ્ત્રના જ્ઞાનના જાણકાર હોય તેમજ બીજાનો પ્રતિપક્ષનો પ્રતિકાર કરવામાં પણ ચતુર અને હોંશિયાર હોય છે તેમને આ મિથ્યાત્વ હોય છે.

**૨. અનાભિગ્રહિક મિથ્યાત્વ –** જે જીવોમાં સંપૂર્ણ સમજણ કે કેળવણી ન હોવાથી બધા દેવ-ગુરુ અને ધર્મોને વંદનીય – પૂજનીય માનતા હોય છે. કોઇને નિંદનીય નથી માનતા. સર્વ ધર્મ સમાન માને છે.

**૩. આભિનિવેશિક મિથ્યાત્વ –** સાચા-ખોટાનું યથાર્થ જ્ઞાન-સમજણ હોવા છતાં કેવળ ખોટા કદાગ્રહના કારણે સાચાને ખોટું અને ખોટાને સાચું કહે છે.

**૪. સાંશયિક મિથ્યાત્વ –** દેવ-ગુરુ-ધર્મના વિષયમાં શું સાચું ? કોણ સાચું ? આ સાચો હશે ? કે બીજો સાચો હશે ? આવા પ્રકારના સંશયને ધારણ કરવું તે સાંશયિક મિથ્યાત્વ છે.

**૫. અનાભોગિક મિથ્યાત્વ –** એકેન્દ્રિયાદિક વિશેષ જ્ઞાન રહિત અને વિચાર શૂન્ય જીવોને દેવ-ગુરુ-ધર્મની સમજણનો જે અભાવ તે અનાભોગિક મિથ્યાત્વ છે.

**મિથ્યાત્વ ગુણસ્થાન શા માટે ?**

મિથ્યાત્વ તો ખરાબ છે પછી એની ગણના ગુણસ્થાનમાં કેમ કરવામાં આવી છે ? એનો જવાબ સમજાવે છે –જેને કમળો થયો છે એને બધું જ પીળું દેખાય છે... ધોળું પણ પીળું દેખાય છે તેવી રીતે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી જીવ-અજીવાદિ તત્વોના સ્વરૂપની યથાર્થ પ્રતીતિ ન થાય એટલું જ નહિં એ સંબંધમાં વિપરીત શ્રદ્ધા હોય છે તેથી તે મિથ્યાદૃષ્ટિ નામના પ્રથમ ગુણસ્થાનકે હોય છે.

આવા આત્માઓમાં પણ જ્ઞાનનો અતિ અલ્પ એવો પણ અંશિક ઉઘાડ છે. તેમજ જ્ઞાન એ આત્માનો ગુણ છે. નિગોદના જીવમાં પણ અક્ષરના અનંતમાં ભાગનો જ્ઞાન ગુણનો ઉઘાડ છે તેથી જ તેનો સમાવેશ ગુણસ્થાનમાં થાય છે.

**अनाद्यव्यक्त मिथ्यात्वं, जीवेस्त्येव सदापरम् ।**
**व्यक्त मिथ्यात्व धीप्राप्ति र्गुणस्थान तयोच्यते ।।७।।**

અનાદિકાળથી એકેન્દ્રિય જીવને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે. પરંતુ નિગોદમાંથી નિકળીને જીવ જ્યારે સંવ્યવહાર રાશિમાં આવે છે ત્યારે તે જીવ વ્યક્ત મિથ્યાત્વને પ્રાપ્ત કરે છે. તેને મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે. એક વખત વ્યક્ત મિથ્યાત્વને સ્પર્શેલો જીવ ફરીથી નિગોદમાં જાય તો તે અવ્યક્ત મિથ્યાત્વને પામે છે તો પણ તે જીવને મિથ્યાત્વ ગુણસ્થાન છે. પરંતુ જે જીવ ક્યારે પણ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવ્યો જ નથી અને વ્યક્ત મિથ્યાત્વને સ્પર્શ્યો જ નથી તેને ગુણસ્થાનક જ નથી.

**મિથ્યાત્વ દૂષણ**

મિથ્યાત્વમાં શું દોષ છે ? એ જણાવતાં કહે છે –

**मद्यमोहात् यथा जीवो न जानाति हिताहितम् ।**
**धर्म्माधर्म्मौ न जानाति तथा मिथ्यात्वमोहितः ।।८।।**

મનુષ્યાદિ જીવ મદિરાના ઉન્માદથી – નશાથી હિત – અહિત કશું જ જાણતા નથી. તેમ નષ્ટ થઈ ગયુ છે જ્ઞાનરુપી ચિત્ત જેમનું એવા તથા મિથ્યાત્વથી મોહિત થયેલા જીવો ધર્મ–અધર્મને જાણતાં નથી.

જન્માંધ વ્યક્તિ વસ્તુના રમ્ય–અરમ્ય; સારા–ખરાબપણાને જાણતો નથી... અથવા અંધકારથી ભરેલી કોટડીમાં રહેલા વસ્તુને જેમ વ્યક્તિ જાણી શકતી નથી તેવી રીતે મિથ્યાત્વથી મોહિત થયેલો જીવ ધર્માધર્મને જાણતો નથી.

**મિથ્યાત્વની સ્થિતિ**

મિથ્યાત્વની સ્થિતિ એટલે સમય જણાવે છે. મિથ્યાત્વ કેટલો સમય રહી શકે ? આપણે પુરુષાર્થથી એ મિથ્યાત્વમાંથી બહાર કેવી રીતે આવી શકીએ ?

**अभव्याश्रित मिथ्यात्वे, नाद्यनन्ता स्थितिर्भवेत् ।**
**साभव्याश्रित मिथ्यात्वे, नादि सान्ता पुनर्मताः ।।९।।**

જીવરાશિ બે પ્રકારની છે –

(૧) ભવ્ય અને (૨) અભવ્ય.

અભવ્ય જીવોને આશ્રયીને મિથ્યાત્વની સ્થિતિ અનાદિ અનંત છે. ભવ્ય જીવોને આશ્રયીને અનાદિ સાન્ત મિથ્યાત્વની સ્થિતિ છે.

અભવ્ય જીવને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ ક્યારે પણ થવાની જ નથી તેથી સદા મિથ્યાત્વ દશા જ છે તેથી મિથ્યાત્વની સ્થિતિ અનાદિ કાળથી છે અને અનંત કાળ સુધી રહેશે.

ભવ્ય જીવને જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે ત્યારે મિથ્યાત્વનો અંત થાય છે તેથી મિથ્યાત્વની સ્થિતિ જે અનાદિ કાળથી હતી એનો અંત આવ્યો એટલે અનાદિ સાન્ત બને છે.

## ભવ્ય-અભવ્ય-જાતિભવ્ય

વિશ્વમાં જેટલા પણ જીવ છે, આ બધા જીવોને ત્રણ પ્રકારમાં વિભાજીત કરી શકાય છે. (૧) ભવ્ય (૨) અભવ્ય અને (૩) જાતિભવ્ય.

જે જીવોમાં મોક્ષને પામવાની યોગ્યતા છે તે જીવો ભવ્ય હોય છે. સામગ્રી મળતાં જ આ આત્માઓ વિકાસ સાધે છે અને સિદ્ધપદને પ્રાપ્ત કરે છે.

જે જીવોમાં જીવત્વની સમાનતા હોવા છતાં પણ મોક્ષને પામવાની યોગ્યતા નથી અથવા જે જીવોને આત્મ વિકાસની સર્વ સામગ્રી પ્રાપ્ત થવા છતાં સિદ્ધ પર્યાયમાં પરિણમવાની યોગ્યતા નથી તે જીવો અભવ્ય કહેવાય છે.

ઉંટડીનું પણ દૂધ હોય છે... ગાયનું પણ દૂધ હોય છે. ગાયના દૂધમાં દહીં બનવાની જે યોગ્યતા હોય છે તે યોગ્યતાનો ઉંટડીના દૂધમાં અભાવ હોય છે.

ભવ્ય જીવોમાં મોક્ષે જવાની યોગ્યતા હોય છે પરંતુ બધા જ ભવ્ય જીવો મોક્ષમાં જશે જ એવું નથી. કેટલાક ભવ્ય જીવો એવા હોય છે જેમનામાં મોક્ષે જવાની સંપૂર્ણ યોગ્યતા હોવા છતાં તેઓ ક્યારે પણ મોક્ષગતિ યોગ્ય સામગ્રી પામવાના જ નથી. સામગ્રીના અભાવે આ જીવો ક્યારે પણ મોક્ષે જવાના જ નથી. આવા જીવો જાતિભવ્ય જીવો કહેવાય છે. જાતિભવ્ય જીવો સાધારણ વનસ્પતિકાય (અનંતકાય)માંથી ક્યારેય બહાર આવવાના જ નથી અને પ્રત્યેકપણું જ પામવાના નથી પછી મોક્ષે જવાની તો વાત જ ક્યાંથી આવે.

ત્રણ પ્રકારના જીવોને સમજાવવા પૂર્વાચાર્યોએ ત્રણ દષ્ટાંત આપ્યા છે -

૧) જે સ્ત્રીમાં ગર્ભાધાનની યોગ્યતા હોય, તેનો સ્વામિ જીવીત હોય તે સ્ત્રી રતિ-સુખ મેળવીને પુત્રરત્નને પ્રાપ્ત કરે છે તે સ્ત્રી ભવ્ય જીવ સમાન છે. ભવ્ય જીવ એવી જ રીતે સામગ્રી પામીને મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

૨) જે સ્ત્રીમાં ગર્ભાધાનની યોગ્યતા છે, પરંતુ એનો સ્વામિ લગ્નમાં જ ચોરી ફેરા ફરતાં મરી જાય છે. આ સતી સ્ત્રી છે. પરપુરુષ સામે જોતી પણ નથી. આવી સ્ત્રીને પુત્રરત્નની પ્રાપ્તિ ક્યારે પણ થવાની નથી. એવી જ પરિસ્થિતી છે. જાતિ ભવ્ય આત્માની મોક્ષે જવાની યોગ્યતા છે પરંતુ એને સામગ્રી મળવાની નથી. તેથી તેનો આત્મવિકાસ સંભવિત નથી.

૩) જે સ્ત્રી વાંઝણી છે... ગર્ભાધાનની એમાં યોગ્યતા જ નથી એને કદાચ સ્વામિ સંબંધાદિ સામગ્રી મળે તો પણ પુત્રરત્નની પ્રાપ્તિ થતી નથી. તેવી જ રીતે અભવ્ય આત્મામાં મોક્ષે જવાની યોગ્યતા જ ન હોવાથી તેને મોક્ષની બધી જ સામગ્રી મળવા છતાં એ જીવને મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

## ચરમ પુદ્‌ગલ પરાવર્તન (ચરમાવર્ત)

જ્યાં સુધી જીવમાં મિથ્યાત્વ છે ત્યાં સુધી અરિહંતાદિ ઉપર અથવા નવ તત્વાદિ ઉપર અતુટ શ્રદ્ધા નથી. રાગ-દ્વેષની ગ્રંથીનો ભેદ થયો નથી. છતાં પણ નદિ ઘોળ ન્યાયની જેમ આપોઆપ જીવમાં અનાદિથી રહેલા સહજ ભાવ મળ એટલે અનાદિના તીવ્ર રાગ-દ્વેષના પરિણામ એનો હ્રાસ એટલે નાશ થાય છે. તીવ્ર રાગ-દ્વેષમાં જ્યારે મંદતા આવે છે ત્યારે જ એ જીવમાં ચરમ (છેલ્લા) પુદ્‌ગલ પરાવર્તમાં પ્રવેશવાની યોગ્યતા પ્રગટે છે.

કેવળજ્ઞાની ભગવંતની દૃષ્ટિથી જે જે જીવોને મોક્ષ પામવા માટે એક પુદ્‌ગલ પરાવર્ત જેટલો જ કાળ બાકી રહ્યો છે ત્યારે આ બધા જ ભવ્ય જીવો ચરમ પુદ્‌ગલ પરાવર્તમાં પ્રવેશ્યા એમ કહેવાય છે.

(પુદ્‌ગલ પરાવર્ત કાળમાં અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી સમાઇ જાય છે.)

ચરમ પુદ્‌ગલ પરાવર્તકાળમાં પ્રવેશ મેળવવામાં કર્મ-નસીબ (ભાગ્ય) કે પુરૂષાર્થ કશું જ કામ આવતું નથી. અહીં ફક્ત જીવનો ભવ્યત્વ સ્વભાવ અને કાળ જ ભાગ ભજવે છે.

## અપુનર્બંધક

ચરમાવર્તમાં પ્રવેશ્યા પછી પણ મિથ્યાત્વ છે... એમાં તીવ્રતા પણ છે. પરંતુ હવે ક્યારેક તીવ્રતા... ક્યારેક મંદતા એમ મિથ્યાત્વના ભાવોની ચડતી-પડતી જોવા મળે છે. મિથ્યાત્વ ભાવની તીવ્રતા ક્યારેક એવી વધી જાય છે જેથી જીવ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરે છે. મોહનીય કર્મ બધા કર્મોનો રાજા છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ( ૭૦) કોડાકોડી સાગરોપમની છે. ચરમાવર્તમાં પ્રવેશેલો જીવ પણ ઘણીવાર આવી ઉત્કૃષ્ટ મોહનીયકર્મની સ્થિતિ બાંધે છે.

કેવળજ્ઞાની ભગવંતની દૃષ્ટિથીહવે આ ચરમાવર્તમાં પ્રવેશેલો જીવ એના સમગ્ર સંસાર કાળમાં બે થી વધુ વખત તીવ્ર મિથ્યાત્વ ભાવ પામવાનો નથી. અને બે વાર જ સિત્તેર કોડાકોડી સાગરોપમની મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધશે ત્યારે તે દ્વિર્બન્ધક કહેવાય છે.

દ્વિર્બન્ધક જીવ એકવાર ૭૦ કોડાકોડી સાગરોપમની મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી લે પછી એ જીવ હવે એક જ વાર આ સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધશે તે જીવ સકૃત બંધક કહેવાય છે.

સકૃત બંધક જીવ જો એક વખત સિત્તેર સાગરોપમની મોહનીય કર્મની સ્થિતિ બાંધી લે છે પછી એ જીવ ક્યારે પણ મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (સિત્તેર કોડાકોડી સાગરોપમની) બાંધવાનો નથી તે જીવ હવે અપુર્નબંધક અવસ્થાને પ્રાપ્ત કરે છે.

# અપુનર્બંધકના મુખ્ય લક્ષણ

અપુનર્બંધક અવસ્થામાં મિથ્યાત્વ હોય છે. મિથ્યાત્વ હોવા છતાં એની મંદતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ જીવ આત્મવિકાસમાં આગળ વધે છે. એના જીવનમાં મુખ્ય ધર્મનો પ્રારંભ થતો જોવા મળે છે. અપુનર્બંધક જીવમાં પણ ત્રણ મુખ્ય લક્ષણ જોવા મળે છે –

(૧) અપુનર્બંધક જીવોમાં પાપ ક્રિયાઓ તો હોય છે પરંતુ આ પાપમાં તીવ્ર રાગ-દ્વેષ નથી હોતા.

(૨) અપુનર્બંધક જીવોમાં પાપમય સંસારની અનુમોદના કે એવા સંસાર પ્રત્યે બહુમાન ન હોય.

(૩) સંસારમાં ઉચિત વ્યવહાર કરે છે.

અપુનર્બંધક આત્માની સર્વ પ્રવૃત્તિઓ ઉત્તમ હોય છે. એના જીવનની ઉત્તમતાના દર્શન કરાવતા ''લલિત વિસ્તરા'' ગ્રંથમાં હરિભદ્રસૂરિ મહારાજા જણાવે છે કે અપુનર્બંધક આત્મા (૧) પાપી મિત્રોનો ત્યાગી હોય છે. (૨) કલ્યાણમિત્રોનો સાથી હોય છે. (૩) ઔચિત્ય પાલન કરનારો હોય છે. (૪) લોક માર્ગને અનુસરનારો હોય છે. (૫) માતા-પિતા એવં કલાચાર્યની આજ્ઞાનું પાલન કરનારો તથા એમનું બહુમાન કરનારો હોય છે. (૬) દાનાદિ ધર્મમાં પ્રવૃત્તિ કરનારો હોય છે. (૭) પ્રભુજીની અષ્ટ પ્રકારી પૂજા કરનારો હોય છે. (૮) સુસાધુ અને કુસાધુના ભેદને જાણનારો વિવેકી હોય છે. (૯) વિધિપૂર્વક શાસ્ત્ર શ્રવણ કરનારો હોય છે .(૧૦) શાસ્ત્ર શ્રવણ પછી ચિંતનમાં પ્રયત્નશીલ હોય છે. (૧૧) યથાશક્તિ શાસ્ત્રાનુસાર વર્તન કરનારો હોય છે. (૧૨) ધર્મકાર્યાદિમાં ધૈર્યને ધારણ કરનારો હોય છે. (૧૩) દિર્ઘ દૃષ્ટિના કારણે ભવિષ્યનો વિચાર કરનારો હોય છે. (૧૪) મૃત્યુ અને પરલોકને નજર સમક્ષ રાખનારો હોય છે. (૧૫) સાધુ સેવા કરનારો હોય છે. (૧૬) ઓમકાર – હ્રિંકારાદિનું દર્શન-ધ્યાન કરનારો હોય છે. (૧૭) યોગ સાધનામાં બાધક કાર્યોનો ત્યાગી હોય છે. (૧૮) જ્ઞાનાદિ આરાધનામાં તત્પર હોય છે. (૧૯) જિન પ્રતિમાદિ ભરાવનાર હોય છે. (૨૦) જિનાગમ લખાવનારો હોય છે. (૨૧) નવકારમંત્રનો જાપ કરનારો હોય છે. (૨૨) ચાર શરણનો સ્વીકાર કરનારો હોય છે. (૨૩) દુષ્કૃત નિંદા અને સુકૃત અનુમોદના કરનારો હોય છે. (૨૪) મન્ત્ર-પદાદિના અધિષ્ઠાયક દેવોને પૂજનારો હોય છે. (૨૫) સદાચારનું શ્રવણ કરનારો હોય છે. (૨૬) ઉદાર હોય છે. અને (૨૭) ઉત્તમ પુરૂષોના આચારને પોતાના જીવનમાં ઉતારવા-અનુસરવા પ્રયત્નશીલ હોય છે.



# માર્ગાભિમુખ-માર્ગપતિત- માર્ગાનુસારી

અપુનર્બંધક અવસ્થામાં પણ જેમ જેમ જીવના મનમાં સંક્લેશ ભાવ મંદને મંદ થતા જાય છે તેમ તેમ જીવ માર્ગમાં આગળ ને આગળ વધતો જાય છે અને ગુણોની ઉચ્ચ-ઉચ્ચ કક્ષાને પામે છે. અપુનર્બંધક અવસ્થામાં રહેલા જીવો આગળ વધતા ત્રણ પ્રકારની કક્ષાને પ્રાપ્ત કરે છે. (૧) માર્ગાભિમુખ (૨) માર્ગપતિત અને (૩) માર્ગાનુસારી.

પ્રથમ માર્ગ એટલે શું ? એને સમજાવતાં કહે છે કે ચિત્તનું અવક્રગમન એટલે જ સરળતા એ માર્ગ છે. સર્પ સર્વદા - સર્વત્ર નાગમોડી એટલે જ આડી અવળી - વાંકી ચૂકી ચાલથી જ ચાલે છે. પરંતુ જ્યારે એને ગૃહ પ્રવેશ કરવાનો છે... પોતાના દરમાં પ્રવેશવાનું છે ત્યારે એ સીધો જ પોતાના ઘરમાં પ્રવેશે છે. તેવી જ રીતે મનની ચંચળતાના કારણે જીવનમાં જે માયા - છેતરપીંડી રૂપ જે વક્રતા હોય છે તે જીવ જ્યારે આ વક્રતાને ત્યાગીને સરળતાને સ્વીકારે છે ત્યારે મોક્ષ માર્ગ યોગ્ય ગુણોનો પણ જીવનમાં પ્રવેશ થાય છે. તે સરળતાની પ્રાપ્તિમાં નિમિત્તભૂત કે કારણભૂત બનતા કર્મના ક્ષયોપશમને માર્ગ કહેવાય છે.

આવા ક્ષયોપશમરૂપ માર્ગમાં પ્રવેશ કરવાની યોગ્યતા કે પાત્રતા પ્રાપ્ત કરનાર જીવ **માર્ગાભિમુખ** કહેવાય છે.

માર્ગાભિમુખ બનેલા જીવમાં ઉત્તરોત્તર અનેક ગુણોની વૃદ્ધિ થતી જાય છે તેથી તે **માર્ગપતિત** કહેવાય છે. માર્ગપતિત એટલે માર્ગે ચાલનારો.

એવી રીતે ઉત્તરોત્તર ક્ષયોપશમની વૃદ્ધિ કરતાં જીવ જ્યારે છેલ્લા યથાપ્રવૃત્તિકરણને પૂર્ણ કરવાની તૈયારીમાં હોય છે ત્યારે તેને **માર્ગાનુસારી** કહેવાય છે. માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો જણાવવામાં આવ્યા છે.

એવી રીતે જીવ ઉત્તરોત્તર પ્રગતિ કરતા સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી ગુણસ્થાનોમાં આગળ વધે છે. વધુને વધુ આત્માવબોધને પામી આત્મ કલ્યાણ સાધે છે.

પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી વિનયપૂર્વક પૂછે છે - ''હે કરૂણાનિધાન ! આ ગુણસ્થાનથી ક્યો ગુણ પ્રાપ્ત થયો ?''

ત્યારે અનંત ઉપકારી પ્રભુ મહાવીરસ્વામીએ કહ્યું -''હે ગૌતમ ! મિથ્યાત્વના યોગથી... કર્મથી પ્રેર્યો જીવ ચાર ગતિ, ચોવીસ દંડક અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે પરંતુ ક્યાંય પણ શાતા ન પામે.''




## ૨. સાસ્વાદન ગુણસ્થાન

સાસ્વાદન ગુણસ્થાનક સમજાવતાં પહેલા ઉપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ જણાવે છે –

### ઉપશમ સમ્યક્ત્વ

**अनादि काल संभूत मिथ्या कर्म्मोपशान्ति तः ।**
**स्यादौ पसमिकं नाम जीवे सम्यक्त्त मादितः ॥१०॥**

જીવને વિષે અનાદિ કાલથી ઉત્પન્ન થયેલા મિથ્યાત્વ મોહનીય કર્મના ઉપશાંત થવાથી ઉપશમ સમ્યક્ત્વ થાય છે. ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ ગ્રંથિભેદથી થાય છે. ઉપશમ સમ્યક્ત્વ બે પ્રકારે છે – ( ૧ ) અંતરકરણથી પ્રાપ્ત થતું ઉપશમસમ્યક્ત્વ અને ( ૨ ) ઉપશમ શ્રેણિમાં રહેલા જીવનું ઉપશમસમ્યક્ત્વ.

ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે જીવ ત્રણ કરણ કરે છે – ( ૧ ) યથાપ્રવૃત્તિકરણ ( ૨ ) અપૂર્વકરણ અને ( ૩ ) અનિવૃત્તિકરણ. આ ત્રણે કરણ આગળ ચોથા ગુણસ્થાનમાં વિસ્તારથી જણાવવામાં આવ્યા છે. અહીં જીવ અપૂર્વકરણ કરીને સમ્યગ્દર્શનને સ્પર્શે છે. અનિવૃત્તિકરણથી પહેલાની આ અવસ્થા છે. ગ્રંથિ ભેદ કરે છે. પરંતુ ત્રણ પૂંજ નથી કરતો. મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલો ઉદયમાં આવે છે એને ખપાવે છે. ઉદયમાં ન આવે એમને ઉપશમાવે છે અને ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. ઉપશમ સમ્યક્ત્વની સ્થિતિ અંતર્મુહૂર્તની છે. આ ઉપશમ સમ્યક્ત્વ સાસ્વાદનનું કારણ છે. આ સમ્યક્ત્વને અંતરકરણ સમ્યક્ત્વ કહે છે.

અંતરકરણમાં પ્રવેશ કરતા જીવને અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોના ઉદયને ભોગવવાનો નથી. કારણ પૂર્વે આ સમયે ઉદયમાં આવનાર મિથ્યાત્વ મોહનીયના કેટલાક દલિકોને એણે

ભોગવી લીધા છે અથવા તો કેટલાક દલિકોને દાબી દીધા છે. તેથી તે કશું જ કરી શકતા નથી. જીવ અહીં સમ્યગ્દર્શન પામે છે પરંતુ આ સમ્યક્ત્વ ઉપશમ ભાવનું હોવાથી ઉપશમ સમ્યક્ત્વ કહેવાય છે.

ઉપશમ સમ્યક્ત્વ શ્રેણિવાળા જીવોના ઉપશમ સમ્યક્ત્વની વાત જણાવતા કહે છે કે મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી ચાર કષાયના ઉપશમનથી શ્રેણીગત ઉપશમ સમ્યક્ત્વ થાય છે. આ પણ સાસ્વાદનનું કારણ છે.

હવે સાસ્વાદન ગુણસ્થાનનું સ્વરૂપ જણાવે છે.

અંતરકરણમાં પ્રવેશેલા જીવને જ્યારે અશુદ્ધ પૂંજ ઉદયમાં આવે ત્યારે શું બને છે ? તે જણાવતાં કહે કે જે જીવને અંતરકરણની છેલ્લી આવલિકામાં સીધો અશુદ્ધ પૂંજનો ઉદય આવે છે, તો તે તરત ઉદયમાં આવતો નથી પરંતુ એના ઉદયમાં આવતાં વધુમાં વધુ ૬ આવલિકા જેટલો સમય લાગે છે. જ્યાં સુધી આ ૬ આવલિકા પૂર્ણ થાય નહીં અને અશુદ્ધ પૂંજનો ઉદય થાય નહીં ત્યાં સુધી તે જીવ મિથ્યાત્વી કહેવાય નહીં... ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થવાથી ઉપશમ સમ્યક્ત્વી કહેવાય નહીં... તો શું કહેવાય ?

ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થતાં જ ચાર અનંતાનુબંધીમાંથી કોઇ પણ એક અનંતાનુબંધી અવશ્ય ઉદયમાં આવે છે અને તેથી એની સ્થિતિ ડહોળાયેલી બની જાય છે. જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકાના ડહોળાયેલા ભાવને સાસ્વાદન ભાવ કહેવાય છે.

**સાસ્વાદન** એટલે સ+આસાદન.

સમ્યગ્દષ્ટિ જીવને જ્યારે અનંતાનુબંધી કષાયનો ઉદય થાય છે ત્યારે સમ્યગ્ દર્શનનો નાશ થાય છે. (ઉપશમ) સમ્યક્ત્વના લાભનો નાશ કરનાર એવા અનંતાનુબંધી કષાયના ઉદયને 'આસાદન' કહેવાય છે.


આય એટલે લાભ અને સાદન એટલે નાશ. (ઉપશમ) સમ્યક્ત્વના લાભનો નાશ કરનાર હોવાથી 'આયસાદન' થયું. 'ય'નો લોપ થતાં શબ્દ બને છે આસાદન. આસાદન સહિત તે સાસાદન. તેથી આવો જીવ સાસાદન સમ્યગ્દષ્ટિ કહેવાય છે. આવા જીવનું ગુણસ્થાન તે સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક.

**एकास्मिन्नुदितेमध्या च्छान्तानन्तानुबन्धिनाम् ।**
**आद्यौपशमसम्यक्त शैलमौले: परिच्युत: ॥११॥**
**समया दावलिषट्कं यावन्मिथ्यात्व भूतलम् ।**
**नासादयति जीवोयं तावत् सासादनो भवेत् ॥१२॥**

ઉપશમ સમ્યક્ત્વવાન જીવે જે અનંતાનુબંધી ચાર કષાય ઉપશમાવ્યા છે એમાંથી એકપણ કષાયનો જ્યારે ઉદય થાય છે ત્યારે કષાયના ઉપશમનથી ઉપશમ સમ્યક્ત્વ પામ્યા હતા તે ઉપશમ સમ્યક્ત્વરૂપી પર્વતના શિખર ઉપરથી નીચે ગબડે છે અને જ્યારે મિથ્યાત્વ રૂપી ભૂમિને સ્પર્શતો નથી ત્યાં સુધી તે છ આવલિકા જેટલા સમય સુધી સાસ્વાદન ગુણસ્થાન કહેવાય છે. સાસ્વાદન ગુણસ્થાન ભવ્ય જીવને જ હોય છે તથા જેનો અર્ધપુદ્ગલ પરાવર્તન સંસાર બાકી છે એવા જીવને જ હોય છે. સાસ્વાદનથી પડતાં પણ જીવને સમ્યક્ત્વનો અંશ હોય છે. આ વાત દૃષ્ટાંત દ્વારા સમજાવતાં કહે છે કે કોઇએ દુધપાકનું ભોજન કર્યું.

અને તેને વમન થયું. વમન સમયે એને ગળામાં દુધપાકની મિઠાસ અને એના સ્વાદનો અનુભવ થાય છે. તેવી રીતે મિથ્યાત્વ ગુણસ્થાનકે જતાં પહેલા જીવ સમ્યક્ત્વનું વમન કરે છે તેથી ક્ષણવાર સમ્યગ્દર્શનનો આસ્વાદ જીવ અનુભવે છે. તેથી પણ આ ગુણસ્થાનક સાસ્વાદન ગુણસ્થાનક કહેવાય છે. આ ગુણસ્થાનકે રહેલો જીવ ૧૦૧ પ્રકૃતિનો બંધ કરે છે, ઉદયમાં ૧૧૧ પ્રકૃતિ હોય છે, ઉદિરણા ૧૧૧ની છે તથા સત્તામાં ૧૪૭ પ્રકૃતિ હોય છે.

બીજું ગુણસ્થાન : સાસ્વાદન




## ૩. મિશ્ર ગુણસ્થાન

બીજા સાસ્વાદન ગુણસ્થાન પછી આવે છે ત્રીજું મિશ્ર ગુણસ્થાન.

**મિશ્રકર્મોદયા જ્જીવે સમ્યગ્મિથ્યાત્વમાશ્રિત: ।**
**યો ભાવોऽન્તર્મુહૂર્તસ્યાત્તન્મિશ્રસ્થાન મુચ્યતે: ॥૧૩॥**

જીવને વિષે મિશ્રમોહનીય કર્મના ઉદયથી સમ્યક્ત્વ અને મિથ્યાત્વના મિલનથી જે ભાવ ઉત્પન્ન થાય છે અને અંતર્મુહૂર્ત સુધી રહે છે એને **મિશ્ર ગુણસ્થાન** કહે છે.

અંતરકરણની છેલ્લી આવલિકામાં પ્રવેશેલા જીવને મિથ્યાત્વ મોહનીય કર્મનો પહેલો શુદ્ધ પૂંજ ઉદયમાં ન આવે અને બીજો મિશ્ર પૂંજ ઉદયમાં આવી જાય તો જીવ મિશ્રભાવને પ્રાપ્ત કરે છે. અડધો સમ્યક્ત્વ અને અડધો મિથ્યાત્વ ભાવ અન્તર્મુહૂર્ત સુધી રહે છે. અંતર્મુહૂર્ત પછી જો શુદ્ધ પૂંજ ઉદયમાં આવે તો ક્ષયોપશમિક સમ્યગ્દર્શન પામે છે. અશુદ્ધ પૂંજનો ઉદય થાય તો મિથ્યાત્વ ગુણસ્થાનકે ગબડે છે. સમ્યગ્દર્શન કે મિથ્યાત્વ ન પામે ત્યાં સુધી મિશ્ર ભાવમાં હોય છે તેથી તે ચોથા ગુણસ્થાનકે નથી અને

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે પણ નથી પરંતુ ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે છે. આ અવસ્થામાં જીવને તત્વ ઉપર અરુચિ ભાવ ન હોય અને અતત્વ ઉપર રુચિ ભાવ પણ ન હોય . આ સ્થિતિ અંતર્મુહૂર્તની જ છે.

જે જીવ સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વના એક ભાવમાં પ્રવર્તે છે તેને સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ હોય પણ જે જીવ ઉભય ભાવમાં હોય એને જાત્યંતર ત્રીજો ભાવ - મિશ્ર ભાવ હોય છે.

ઉભયભાવ કેવો હોય તે દૃષ્ટાંતથી જણાવે છે -

**जात्यन्तर समुद्भूति र्वडवा खरयो र्यथा ।**
**गुडदघ्नो: समायोगे रसभेदान्तरं यथा ॥१४॥**
**तथा धर्मद्वयेश्रद्धा जायते समबुद्धित: ।**
**मिश्रोऽसौ भण्यते तस्माद्भावो जात्यन्तरात्मक: ॥१५॥**

જેવી રીતે ઘોડા અને ગધેડાના સંયોગથી જે ઉત્પન્ન થાય તે ઘોડો નથી કહેવાતો તેમ જ ગધેડો પણ નથી કહેવાતો. પરંતુ એ ત્રીજી જાતિ ખચ્ચર કહેવાય છે.

એવી જ રીતે ગોળ અને દહીંનો સંયોગ થવાથી જે ઉત્પન્ન થાય છે એમાં ન તો ગોળનો સ્વાદ હોય છે ન તો દહીંનો સ્વાદ હોય છે એમાં ત્રીજો જ રસ નિર્માણ થાય છે જે શિખરણ કહેવાય છે.

આ બન્ને દૃષ્ટાંતની જેમ જે જીવની શ્રદ્ધા સર્વજ્ઞ અને અસર્વજ્ઞ પ્રણીત ધર્મને વિષે સમાન બુદ્ધિ વાળી હોય છે તેને જાત્યાંતર રૂપે **મિશ્ર ગુણસ્થાન** કહે છે. આ ગુણસ્થાનની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. મિશ્ર ગુણસ્થાને રહેલો જીવ બીજા ભવનું આયુષ્ય ન બાંધે અને મરે પણ નહીં. સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાત્વી બનીને મરે છે.

## મિશ્ર ગુણસ્થાનની વિશેષતા

**आयुर्बध्नाति नो जीवो मिश्रस्थो म्रियते न वा ।**
**सद्दृष्टिर्वा कुदृष्टिर्वा, भूत्वा मरणमश्नुते ॥१६॥**

મિશ્ર ગુણસ્થાનમાં રહેલો જીવ આયુષ્ય બાંધતો નથી અને મૃત્યુ પણ પામતો નથી. મૃત્યુ પામતાં પહેલાં એ અવશ્ય ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને અથવા પહેલા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને જાય છે. ત્યાં જઈને મરણ પામે. કોઈ પણ જીવ મિશ્ર ગુણસ્થાને મરણ ન પામે.

ચૌદ ગુણસ્થાનોમાંથી મિશ્રગુણસ્થાન, ક્ષીણમોહ ગુણસ્થાન અને સયોગી ગુણસ્થાન એ ત્રણ ગુણસ્થાનમાં જીવ મરણ પામતો નથી. બાકીના અગિયાર ગુણસ્થાનમાં જીવ મરણ પામે છે.


અવિરતિ ગુણસ્થાન, મિથ્યાત્વ ગુણસ્થાન અને સાસ્વાદન ગુણસ્થાન એ ત્રણ ગુણસ્થાનો પરભવમાં જીવની સાથે જાય છે બાકીના આઠ ગુણસ્થાન (સર્વ મળીને અગિયાર ગુણસ્થાન) પરભવમાં સાથે જતાં નથી.

## પૂર્વ બદ્ધાયુ મિશ્રગુણસ્થાનસ્થ જીવનું મરણ અને ગતિ

**सम्यग्मिथ्यात्वयोर्मध्ये, ह्यायुर्येनार्जितं पुरा ।**
**म्रियते तेन भावेन, गतिं याति तदाश्रिताम् ॥१७॥**

મિશ્ર ગુણસ્થાનની પ્રાપ્તિ પહેલાં જીવ કાં તો મિથ્યાત્વ ગુણસ્થાને હોય છે અથવા અવિરતિ ગુણસ્થાને હોય છે. ત્યાં આયુષ્ય કર્મ બાંધ્યું હોય અને ત્યાર પછી એ જીવ મિશ્ર ગુણસ્થાને આવ્યો હોય તો મિશ્ર ભાવને અનુભવીને જે ભાવે આયુષ્ય બાંધ્યું હોય તે ભાવ સહિત જીવ મરણ પામે છે અને તે ભાવ અનુસાર સદ્ગતિ અથવા દુર્ગતિમાં જાય છે.

આ ગુણસ્થાનમાં ૭૪ પ્રકૃતિઓનો બંધ, હોય છે. ઉદય અને ઉદિરણા ૧૦૦ પ્રકૃતિની છે. સત્તામાં ૧૪૭ પ્રકૃતિઓ હોય છે.




## ૪. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન

**यायथोक्तेषु तत्वेषु रुचिर्ज्जीवस्य जायते ।**
**निसर्ग्गादुपदेशाद्वा सम्यत्त्कंहितदुच्यते ॥१८॥**

જે સંજ્ઞી પંચેન્દ્રિય ભવ્ય જીવની જિન પ્રણીત તત્વને વિષે, એટલે જીવાદિ પદાર્થોને વિષે સ્વભાવથી અથવા ગુરુ ઉપદેશથી જે શ્રદ્ધા હોય છે તે સમ્યક્ત્વ કહેવાય છે.

સમ્યક્ત્વ બે પ્રકારે છે.

(૧) **નિસર્ગ સમ્યક્ત્વ -**

સંજ્ઞી પંચેન્દ્રિય ભવ્ય પ્રાણીને પૂર્વભવના અભ્યાસ વિશેષથી અતિ નિર્મળ ગુણયુક્ત આત્મભાવ ઉત્પન્ન થવાથી જીવાદિ નવતત્વમાં શ્રદ્ધા થાય તે **નિસર્ગ સમ્યક્ત્વ** છે.

(૨) **અધિગમ સમ્યક્ત્વ** - સદ્ગુરુના ઉપદેશથી... શાસ્ત્રોના શ્રવણથી જીવ-અજીવાદિ નવતત્વમાં શ્રદ્ધા થાય છે તે **અધિગમ સમ્યક્ત્વ** છે.

આપણે અનાદિ કાળથી ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં ભટકી રહ્યા છીએ. આપણો નિસ્તાર ન થયો. આપણે સંસાર સાગરને પાર ન કરી શક્યા ?

"શું હશે એનું કારણ ?"

જ્ઞાની ભગવંતો કહે છે કે મિથ્યાત્વ જીવ ને શિવ ન બનવા દે. પહેલા ગુણસ્થાનથી આગળ જ ન વધવા દે. સમ્યક્ત્વને આવવા ન દે.

તો પછી પ્રશ્ન થાય કે મિથ્યાત્વ જાય કેમ ? અને સમ્યગ્ દર્શન મળે કેમ ?

કર્મ સિદ્ધાંત મિથ્યાત્વમાંથી સમ્યગ્દર્શન પામવાનો વ્યવસ્થિત માર્ગ જણાવે છે. આ સંપૂર્ણ માર્ગ સમજવા જેવો છે.

અનંત પુદ્ગલ પરાવર્તન કાળથી આ જીવ મિથ્યાત્વના કારણે સંસારમાં ભટકી રહ્યો છે. દરેક મિથ્યાત્વી જીવમાં કર્મજનિત તીવ્ર રાગ-દ્વેષના અતિ ગાઢ પરિણામ રૂપ કઠણ-વક્ર એવી દુઃખે કરી ભેદી શકાય પરંતુ જીવે પૂર્વે ક્યારેય ભેદી નથી એવી ગ્રંથિ-ગાંઠ છે.

ભવ્ય અને અભવ્ય જીવ આ ગ્રંથિ પાસે અનંતીવાર આવે છે. પરંતુ સર્વે અભવ્ય જીવો અને ઘણા ભવ્ય જીવો અહીંથી જ પાછાવાળી જાય છે.


પ્રથમ તો જીવ કોઇ પણ પ્રયત્ન અથવા લક્ષ્ય વિના જ નદી ઘોલ ન્યાયથી આયુષ્ય કર્મ છોડીને સાત કર્મની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમથી ઓછી કરે. નદીઘોળ ન્યાય એટલે નદીમાં પડેલો પત્થર અથડાતો - કુટાતો સ્વયંમેવ ગોળ થઇ જાય. કોઇ એને ગોળ ન કરે. તેવી રીતે જીવ કોઇ વિશેષ પ્રયત્ન વિના સંસારમાં અથડાતોને કુટાતો અકામ નિર્જરાથી નિબીડ ગ્રંથિની પાસે આવે છે. આ યથાપ્રવૃત્તિકરણ છે.

મિથ્યાત્વી જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતાં ત્રણ પ્રકારની ક્રિયા કરે છે જે કરણના નામે ઓળખાય છે. આ ત્રણ કરણના નામ નીચે મુજબ છે - (૧) યથાપ્રવૃત્તિકરણ (૨) અપૂર્વકરણ અને (૩) અનિવૃત્તિકરણ.

જ્યાં સુધી તીવ્ર રાગ-દ્વેષની ગાંઠ-ગ્રંથિ છે ત્યાં સુધી પ્રથમ યથાપ્રવૃત્તિકરણ છે.

આત્માના વિશુદ્ધ અધ્યવસાયના બળથી જીવ પૂર્વે કદી ન કરેલું ગ્રંથિ ભેદવાનું કાર્ય કરે તે અપૂર્વકરણ છે.

ગ્રંથિભેદ પછી તરત સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે જીવને અનિવૃત્તિકરણ હોય છે.



યથાપ્રવૃત્તિ કરણ બધા જ જીવોએ અનંતીવાર કર્યા પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થઇ. સમ્યગ્દર્શન પ્રાપ્તિ પહેલાનું યથાપ્રવૃત્તિકરણ છેલ્લું યથાપ્રવૃત્તિકરણ કહેવાય છે. આ છેલ્લા યથાપ્રવૃત્તિકરણનો કાળ પણ અંતર્મુહૂર્તનો છે.

અપૂર્વકરણમાં પાંચ અપૂર્વ ક્રિયાઓ થાય છે. (૧) અપૂર્વસ્થિતિ ઘાત (૨) અપૂર્વ રસઘાત (૩) અપૂર્વ ગુણશ્રેણિ (૪) અપૂર્વ ગુણસંક્રમ અને (૫) અપૂર્વસ્થિતિ બંધ.

અપૂર્વ ઉલ્લાસભાવ... વીર્યોલ્લાસ પ્રગટે છે જેથી જીવ અનાદિની નિબીડ રાગ-દ્વેષની ગ્રંથિ-ગાંઠને ભેદે છે.

**(૧) અપૂર્વસ્થિતિઘાત -** અપૂર્વ કરણના એક મુહૂર્તના વીર્યોલ્લાસમાં એવી પ્રચંડ શક્તિ હોય છે કે કર્મસ્થિતિ પ્રતિ સમયે તુટતી જ જાય છે. અપૂર્વકરણના અંતિમસ્થિતિના કર્મસ્કંધોને પ્રતિ સમયે અસંખ્ય ગુણની વૃદ્ધિ સાથે ઉપાડીને ઉપર-નીચેની સ્થિતિવાળા કર્મસ્કંધોમાં ભેળવી દે છે. આ ક્રિયાથી હવે એ ભાગની સ્થિતિમાં કોઇ કર્મ જ રહેતું નથી તેથી તેટલી સ્થિતિનો ઘાત થયો એમ કહેવાય છે.

યથાપ્રવૃત્તિકરણના પ્રારંભમાં કર્મોની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમથી ઓછી હતી તે આ કરણથી અંતઃ કોડાકોડીથી પણ ઓછી કરી હતી તે હવે અપૂર્વકરણના અંતે એમાંથી સંખ્યાત ભાગ ઓછા થઇ જવાથી પ્રારંભ કરતાં સંખ્યાતમાં ભાગ જેટલી જ કાળસ્થિતિ બાકી રહે છે એને અપૂર્વસ્થિતિઘાત કહેવાય છે.

**(૨) અપૂર્વ રસઘાત -** અપૂર્વકરણમાં અશુભ કર્મોમાં રહેલા તીવ્રરસનો ઘાત થાય છે... તેથી તે રસ મંદ બને છે.

**(૩) અપૂર્વ ગુણશ્રેણિ - ગુણ** એટલે 'અસંખ્ય ગુણાકારે'

**શ્રેણિ** એટલે 'કર્મના દળની રચના કરવી'

સ્થિતિઘાતના સમયે પ્રતિસમય ઉપરની સ્થિતિમાંથી જે કર્મ દલિકો નીચે ઉતારે તેને ઉદયના સમયથી અંતર્મુહૂર્ત સુધીનાં સ્થિતિ સ્થાનોમાં અસંખ્ય ગુણના ક્રમે ગોઠવે (જો જીવે લાખ કર્મદળિયા ઉપાડયા હોય તો પ્રથમ સમયે જે કર્મો ઉદયમાં આવવાના છે તેમની સાથે ૧૦૦ દળિયા ગોઠવે, બીજા સમયે ઉદયમાં આવનાર કર્મ સાથે ૫૦૦ દળિયા ગોઠવે, ત્રીજા સમયે ઉદયમાં આવનાર કર્મો સાથે ૨૫૦૦ દળિયા ગોઠવે. એવી રીતે ઉદયથી માંડીને અપૂર્વ કરણના અંત સુધીનાં (અંતર્મુહૂર્ત) સ્થિતિસ્થાનોમાં અસંખ્ય ગુણના ક્રમથી થતા દલિક રચનાને ગુણશ્રેણિ કહેવાય છે.

**(૪) અપૂર્વ ગુણસંક્રમ -** સામાન્ય નિયમ પ્રમાણે નવા બંધાતા શુભ કર્મોમાં પૂર્વ બાંધેલા સજાતીય (એક જ કર્મના પેટાભેદ) અશુભ કર્મના અમુક અંશોનું અને બંધાતા અશુભ કર્મમાં પૂર્વ બાંધેલા સજાતીય શુભકર્મના અમુક અંશોનું સંક્રમણ ચાલુ જ હોય છે. પરંતુ અહીં અસંખ્યાત ગુણ - અસંખ્યાત ગુણ ચડતા ક્રમે અશુભ કર્મ દલિકોનું નવા બંધાઇ રહેલા શુભ કર્મોમાં સંક્રમણ કરે છે. અર્થાત્ અશુભને શુભમાં પલટાવી

નાંખે છે. પ્રતિ સમયે સંક્રમ પામતો અંશ અસંખ્ય ગુણ બનતો જાય છે તેને ગુણસંક્રમ કહે છે.

મિથ્યાત્વ મોહનીય ગુણસંક્રમ અહીં થતો નથી પરંતુ આયુષ્ય સિવાયના સાત કર્મોમાં ગુણસંક્રમ ચાલુ છે.

**(૫) અપૂર્વ સ્થિતિબંધ –** સામાન્ય નિયમ એવો છે કે અધ્યવસાયનો સંકલેશ જેમ વધારે તેમ સ્થિતિબંધ પણ વધારે અને વિશુદ્ધિ જેમ વધે તેમ સ્થિતિબંધ ઓછો થતો જાય છે. શુભ કે અશુભ બન્ને કર્મ માટે આજ વાત છે. અહીં અપૂર્વકરણમાં અંતર્મુહૂર્તે – અંતર્મુહૂર્તે નવા નવા કર્મબંધમાં કાળસ્થિતિ, પલ્યોપમના સંખ્યાતમાં ભાગ જેટલી ઓછીને ઓછી થતી જાય છે તે અપૂર્વ સ્થિતિબંધ છે.

રસબંધનો નિયમ એવો છે સંક્લેશમાં શુભકર્મનાં મંદરસ અને અશુભનો તીવ્રરસ થાય. પરંતુ વિશુદ્ધિમાં અશુભનો મંદ રસ અને શુભનો તીવ્રરસબંધ થાય છે.

એવી રીતે આ બધાનો સાર એક જ છે કે અપૂર્વકરણમાં ક્ષણે ક્ષણે જીવ ચડતે પરિણામે હોય છે. આવા ચડતા પરિણામ કદાપિ જીવના થયા ન હતા. જે થાય છે તે પ્રથમવાર છે. તેથી તે અપૂર્વ છે.

અપૂર્વકરણમાં એક જ સમયે પ્રવેશેલા જીવોના અધ્યવસાયમાં પરસ્પર તરતમતા – ફેરફાર જોવા મળે છે.

અપૂર્વ વીર્યોલ્લાસવાળું અપૂર્વકરણ અંતર્મુહૂર્ત સુધી જ ચાલે છે. અહિં અપૂર્વ વીર્યોલ્લાસના બળથી જીવ રાગ-દ્વેષની ગાંઠનું ભેદન કરે છે.

અપૂર્વકરણનો એક અંતર્મુહૂર્તનો કાળ પૂર્ણ થતાં જ જીવ ફરી એક અંતર્મુહૂર્તવાળા અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે. અનિવૃત્તિકરણમાં સ્થિતિ ઘાતાદિ ક્રિયાઓ તો ચાલુ જ હોય છે. અપૂર્વકરણમાં સાથે પ્રવેશેલા જીવોના અધ્યવસાયમાં જે તરતમતા જોવા મળે છે તે અહીં નથી. અનિવૃત્તિકરણમાં એક સાથે પ્રવેશેલા સર્વ જીવોના અધ્યવસાય સમાન હોય છે.

અનિવૃત્તિકરણના ત્રણ ભાગ પૂરા થઇ જાય અને બે ભાગ બાકી રહે ત્યારે અનિવૃત્તિકરણની પૂર્ણાહુતિ પછી ઉદયમાં આવનારા મિથ્યાત્વ મોહનીયના દળિયાઓને કાં તો બાકી રહેલી (૨ ભાગ) અનિવૃત્તિકરણની નીચેની સ્થિતિમાં અથવા અનિવૃત્તિકરણ પછીના અંતર્મુહૂર્તની ઉપરની સ્થિતિમાં નાંખતો જાય છે. આ ક્રિયા પણ અંતર્મુહૂર્ત કાળ સુધી ચાલે છે. આ ક્રિયાથી અનિવૃત્તિકરણ પછીનો અંતર્મુહૂર્ત સુધીનો કાળ મિથ્યાત્વ મોહનીયના દળિયા વિનાનો થાય છે તેને **અંતરકરણ** કહેવાય છે.

અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો વ્યતીત થાય અને છેલ્લો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે જીવ અંતરકરણ કરે છે. અંતરકરણ એટલે મિથ્યાત્વ ઉદયમાં અંતર પાડવું – ગાબડું પાડવું. આ જીવને સતત મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્‌ગલો ઉદયમાં આવે છે તેમને ઉપશમાવવા અંતરકરણ કરવું આવશ્યક છે.


અંતરકરણ કરતાં મિથ્યાત્વના ત્રણ વિભાગ કરે છે.

(૧) અંતરકરણ પહેલાના મિથ્યાત્વના દળિયા અને તેની સ્થિતિ. (ઉપરના)

(૨) અંતરકરણ કરતી વખતના દળિયા અને તેની સ્થિતિ (વચલા)

(૩) અંતરકરણ પછીના દળિયા અને તેની સ્થિતિ. (નીચેના/હેઠેના)

મિથ્યાત્વના જે દળિયા ઉદયમાં આવવાના છે એ દળિયાને જીવ ઉપરના દળિયામાં અથવા નીચેના દળિયામાં નાંખે છે તેથી વચ્ચે ખાલી જગા નિર્માણ થાય છે.




ઉપરની પહેલી સ્થિતિમાં રહેલા આત્માને મિથ્યાત્વ મોહનીયનો ઉદય ચાલુ હોય છે. પરંતુ આ સમયે આત્મા ઉપરના અને નીચેના દળિયાની ઉદીરણા કરતો જાય છે દળિયા ક્ષય કરતો જાય છે. ઉપરના દળિયાની ઉદીરણાને ઉદીરણા કહે છે જ્યારે નીચેના દળિયાની ઉદીરણાને આગાલ કહે છે. ઉપરની સ્થિતિ ભોગવતાં જ્યારે અંતિમ બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ બંધ થાય છે અને છેલ્લી આવલિકાએ ઉદીરણા પણ બંધ થાય છે.

અંતિમ આવલિકામાં પણ જીવને મિથ્યાત્વ મોહનીયનો જ ઉદય ચાલુ હોય છે. પરંતુ આ સમયે અંતરકરણ કરવા એણે જે મિથ્યાત્વના દળિયા ઉપરની અને નીચેની સ્થિતિમાં નાખ્યા હતા અને ઉપશમાવ્યા હતા એ દળિયાના સત્તામાં જ ત્રણ પૂંજ થાય છે -

(૧) શુદ્ધ પુંજ (૨) અર્ધશુદ્ધ પુંજ અને (૩) અશુદ્ધ પુંજ

ઉપરના સ્થિતિની છેલ્લી ઉદયાવલિકા પૂર્ણ થતાં જ વચ્ચેના સાફ કરેલા - ગાબડું પાડેલા ભાગમાં ભોગવવા યોગ્ય મિથ્યાત્વના દળિયા નથી. મિથ્યાત્વના ઉદયમાં અંતર પડ્યું - ગાબડું પડ્યું. તેથી હવે જીવને મિથ્યાત્વનો ઉદય નથી. આજ દિવસ સુધી મિથ્યાત્વ મોહનીયના ઉદયથી આત્માનો સમકિત ગુણ

દબાયેલો હતો તે મિથ્યાત્વ મોહનીયના ઉદયની ગેરહાજરીમાં આત્માનો એ સમકિત ગુણ પ્રગટ થાય છે. આ અદ્ભૂત અવસ્થા એ આત્મ વિકાસની પ્રભાત છે. અહીં મિથ્યાત્વ મોહનીયનો ક્ષય નથી થયો પણ ઉપશમ થયો છે તેથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

વચ્ચે જે ગાબડું પાડેલું છે તે અંતરકરણનો સમય અંતર્મુહૂર્તનો છે. એ પૂર્ણ થાય એટલે અંતરકરણથી પ્રાપ્ત થયેલ ઉપશમ સમ્યક્ત્વ પણ ટકે નહીં. ફરી નીચેની સ્થિતિના દલિકોનો ઉદય ચાલુ થઈ જ જાય. પરંતુ નીચેની સ્થિતિમાં હવે ફક્ત મિથ્યાત્વના દળિયા નથી. અહીં ત્રણ પુંજ થયેલા છે.




મિથ્યાત્વના ત્રણ વિભાગ થયેલા છે –

(૧) શુદ્ધ પુંજ છે તે સમ્યક્ત્વ મોહનીય છે.

(૨) અર્ધ શુદ્ધ પુંજ છે તે મિશ્ર મોહનીય છે અને

(૩) અશુદ્ધ પુંજ છે તે મિથ્યાત્વ મોહનીય છે.

અંતરકરણના અંતે જો શુદ્ધ પુંજ એટલે સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં આવે તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

અંતરકરણના અંતે જો અર્ધશુદ્ધ પુંજ એટલે મિશ્ર મોહનીય ઉદયમાં આવે તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે.

અંતરકરણના અંતે જો અશુદ્ધ પુંજ એટલે મિથ્યાત્વ મોહનીય ઉદયમાં આવે તો ઉપશમ સમ્યક્ત્વ પામીને વધુમાં વધુ છ આવલિકા સુધી સાસ્વાદને રહીને અંતે મિથ્યાત્વ ગુણસ્થાન પામે છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિ ઉપર ત્રણ મુસાફરોનું દૃષ્ટાંત કહે છે. ત્રણ મિત્રો પરદેશ જવા માટે નીકળ્યા... વાટે ચાલતાં ચાલતાં સાંજે એક જંગલમાં પહોંચ્યા. ત્યાં બે ચોર આવ્યા. ત્રણે મુસાફરોએ ચોરોને જોયા. આ ત્રણમાંથી એક મુસાફર ચોરોને જોતાં જ ભયભીત થયો અને ત્યાંથી જ પાછો ફરી ગયો.

બીજો મુસાફર એ ચોરો સાથે લડાઈ કરતો ત્યાં જ રહ્યો.

જ્યારે ત્રીજો મુસાફર ચોરોને જીતીને જ્યાં પહોંચવું હતું તે નગરીમાં પહોંચી ગયો.

દૃષ્ટાંતનો ઉપનય જણાવતાં કહે છે –

જંગલ સમાન સંસારનું પરિભ્રમણ છે... મુસાફરો તુલ્ય સંસારી જીવો જાણવા. જંગલમાંના ભયસ્થાન જેવી જે ગ્રંથિ – ગાંઠ અને રાગ-દ્વેષ એ બે ચોર છે.

ત્રણ મુસાફરોમાંથી જે પાછો ફર્યો એના જેવું પ્રથમ યથાપ્રવૃત્તિકરણ છે.

ત્યાં જ લડતો રહ્યો તે બીજા મુસાફર જેવું બીજું અપૂર્વકરણ છે.

ચોરોને જીતીને મંઝિલે પહોંચેલા ત્રીજા મુસાફર જેવું ત્રીજું અનિવૃત્તિકરણ છે. જ્યાં જીવ સમકિત પામીને અંતે પોતાના મોક્ષરૂપી મંઝિલને પામે છે.

ક્ષાયોપશમિક સમકિતિ જીવ મનુષ્ય અથવા દેવ ગતિમાં જાય છે.

સમ્યક્ત્વની સ્થિતિ ૬૬ (છાસઠ) સાગરોપમની છે.

ક્ષાયિક સમકિતિ જીવ આયુષ્ય બંધ ન પડ્યો હોય તો એ જ ભવે અથવા ત્રીજે - ચોથે ભવે મોક્ષમાં જાય છે.

**द्वितीयानां कषायाणा-मुदयाद्व्रतवर्जितम् ।**
**सम्यक्तं केवलं यत्र, तच्चतुर्थं गुणास्पदम् ॥१९॥**

બીજા અપ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી જીવ વ્રત-પચ્ચક્ખાણ રહિત હોય છે, ત્યાં ફક્ત સમ્યક્ત્વ જ હોય છે. તે ચોથું ગુણસ્થાન કહેવાય છે.

આ જીવો અવિરતિને ખરાબ જાણે છે... વિરતિની અતિશય ઇચ્છા ધરાવે છે. પરંતુ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી વ્રત-પચ્ચક્ખાણ સ્વીકાર કરી શકતા નથી.

### ચોથા ગુણસ્થાનની સ્થિતિ -

**उत्कृष्टा ऽस्य त्रयास्त्रिंशत्सागरा साधिका स्थितिः ।**
**तदर्धपुद्गलावर्त्त भवैर्भव्यैरवाप्य ते ॥२०॥**

ચોથા ગુણસ્થાનની સ્થિતિ સાધિક તેત્રીસ સાગરોપમ કહી, તે સર્વાર્થસિદ્ધ આદિ પાંચ અનુત્તર વિમાનગત દેવોના આયુષ્યરૂપ જાણવી અને મનુષ્યભવની અધિકતા જાણવી.

આ સ્થિતિ સમ્યક્ત્વની નહિ પણ સમ્યક્ત્વ ગુણસ્થાનની છે કારણ કે સમ્યક્ત્વની સ્થિતિ સાધિક છાંસઠ સાગરોપમ છે.

ભવ્ય જીવ અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહે ત્યારે આ સમ્યક્ત્વ પામે છે.

અભવ્ય જીવોને આ સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી.

### સમ્યગ્ દષ્ટિનાં લક્ષણ

**कृपाप्रशमसंवेग-निर्वेदास्तिक्य लक्षणाः ।**
**गुणा भवन्ति यश्चित्ते, स स्यात्सम्यक्त्वभूषितः ॥२१॥**

જેના ચિત્તમાં (કૃપા) દયા, (પ્રશમ) શાંતતા, સંવેગ, નિર્વેદ અને આસ્તિક્ય આ પાંચ ગુણો છે તે સમ્યક્ત્વથી અલંકૃત છે.

(૧) **કૃપા** - (દયા) દુઃખી જીવોના દુઃખ દૂર કરવાની ચિન્તા તે દયા (અનુકંપા) છે.

(૨) **પ્રશમ** - ક્રોધાદિનાં કારણ ઉત્પન્ન થવા છતાં તીવ્ર ક્રોધનો અભાવ તે ઉપશમ છે.

(૩) **સંવેગ** - સિદ્ધિરૂપી મહેલમાં જવા માટે પગથિયા સમાન સમ્યગ્જ્ઞાન દર્શનાદિ માર્ગમાં ઉત્સાહરૂપ મોક્ષનો અભિલાષ, તે સંવેગ છે.

(૪) **નિર્વેદ** - અત્યંત બિભત્સ અને કુત્સિત આ સંસારરૂપ બંદીખાનામાંથી નીકળવાની ચાહનારૂપ જે ખેદ તે નિર્વેદ છે.

(૫) **આસ્તિક્ય** - સર્વજ્ઞ ભાષિત સર્વ ભાવો નિશ્ચય 'જેમ કહ્યા છે તેમજ છે.' એ રીતે સર્વજ્ઞોક્ત ભાવોનું અસ્તિત્વ વિચારવું, તે આસ્તિક્ય છે.

### સમ્યગ્ દર્શન શું આપે ?

**क्षायोपशमिकी दृष्टिः, स्यान्नरामरसंपदे ।**
**क्षायिकी तु भवे तत्र, त्रितुर्ये वा विमुक्तये ।।२२।।**

ક્ષયોપશમ સમ્યક્ત્વ જીવોને મનુષ્યગતિ અને દેવગતિની સંપદા આપે છે. ક્ષાયિકદૃષ્ટિ જીવોને તે જ ભવમાં અથવા ત્રીજે, ચોથે ભવે મોક્ષ આપે છે.

સમ્યગ્ દર્શન જીવને કેવી ગતિ પરલોકમાં આપે એનું વિવેચન અહિં કરવામાં આવ્યું છે.

ક્ષાયોપશમ સમ્યક્ત્વ મનુષ્યને દેવગતિ અને દેવને મનુષ્યગતિ આપે છે. પરંતુ આજ સમ્યક્ત્વ અંતે ક્ષાયિક બનીને જીવને ભવાંતરમાં મોક્ષની મંઝિલે પહોંચાડે છે.

ક્ષાયિક સમ્યક્ત્વ જો આયુષ્યનો બંધ ન થયેલો હોય તો એ જ ભવમાં મોક્ષ અપાવે પરંતુ આયુષ્યનો બંધ થઇ ગયો હોય તો ત્રણ-ચાર (ક્યારેક પાંચ) ભવમાં મુક્તિને અપાવે છે.

### ચોથા ગુણસ્થાને રહેલો જીવ શું કરે ?

ચોથા ગુણસ્થાને વિરતિનો ઉદય ન હોવાથી જીવ વ્રત - નિયમ - પચ્ચક્ખાણ ન કરે પરંતુ એ સિવાય પણ કરવા જેવા ઘણા જ કૃત્યો છે જેથી એમનો પરિચય કરાવતાં કહે છે -

**देवे गुरौच संघेच सद्भक्तिं शासनोन्नतिम् ।**
**अव्रतोऽ पि करोत्येव स्थित स्तुर्ये गुणालये ।।२३।।**

ચોથા ગુણસ્થાને રહેલો અવ્રતી જીવ પણ દેવ-ગુરુ-સંઘની સુંદર ભક્તિ અને શાસનની ઉન્નતિ કરે છે.

અરિહંત પરમાત્માની અપૂર્વભક્તિ એના અંતરમાં વસેલી હોય છે. પરમાત્માના જિનાલય બનાવવા, જિન પ્રતિમાઓ ઘડાવવી, ભરાવવી, પધરાવવી, એમની પૂજા-અર્ચના કરી અમુલ્ય કર્મક્ષય કરી પુણ્યોપાર્જન કરવું. રાવણ રાજાએ જિનભક્તિથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે. પાંચ કોડીના અઢાર

પુષ્પથી જિનપૂજા કરી કુમારપાળ રાજા થયા. અહિંસા પ્રતિપાલક બન્યા આગળ ગણધર બની મુક્તિપદના ભોગી બનશે.

સમ્યગ્દૃષ્ટિ જીવના હૃદયમાં જિનભક્તિ સાથે જ ગુરુભક્તિ પણ વસેલી જ હોય છે. ગુરુનો પરમ વિનય... સેવા... વૈયાવચ્ચ... ભક્તિ એના રગરગમાં વ્યાપેલા હોય છે. આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર-સ્થાન આદિ દ્વારા એ ગુરુભક્તિનો લાભ લેતો હોય છે.

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ સમ્યગ્દૃષ્ટિની નજરમાં પચ્ચીસમા તીર્થંકર સ્વરૂપ હોય છે. આ ચતુર્વિધ સંઘની ભક્તિમાં એ પોતાનું પરમ સૌભાગ્ય સમજતો હોય છે. તક મળે તો ચૂક્યા વગર એ લાભ લુંટી લેતો હોય છે.

શાસનની ઉન્નતિ અને જયજયકાર માટે એ રથયાત્રા, સંઘ પૂજા, તીર્થયાત્રા, મહોત્સવ આદિ અનુષ્ઠાન આદરતો હોય છે. મને જે જયવંતુ શાસન મળ્યું એ વિશ્વના સર્વ જીવોને મળે એ માટે એ સતત પ્રયત્નશીલ હોય છે.


આવો ! આવા અનેરા અનુષ્ઠાનોને આપણા અંતરમાં અદ્ભૂત સ્થાન આપીએ. આવા અનુષ્ઠાનો દ્વારા તન-મન-વચનને આરાધનામાં જોડી અન્યોને પણ આરાધનામાં જોડતા રહીએ. જિન શાસનની અપૂર્વ પ્રભાવના કરી અનેકોના અંતરમાં જિન શાસનની સ્થાપના કરીએ.

ચોથા ગુણસ્થાને ૭૭ પ્રકૃતિ બંધમાં હોય છે. ૧૦૪ પ્રકૃતિ ઉદય અને ઉદીરણામાં હોય છે. જ્યારે ઉપશમ સમ્યક્ત્વની અપેક્ષાએ ૧૪૮ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

## સમ્યક્ત્વ - મિથ્યાત્વ

| ક્રમ | સમ્યક્ત્વ/મિથ્યાત્વ | કાળ | પૌદ. કે અપૌ. | ગુણસ્થાન |
|---|---|---|---|---|
| ૧. | ઉપશમ સમ્યક્ત્વ | ૧ અંતર્મુહૂર્ત | અપૌદ્ગલિક | ૪થે |
| ૨. | ક્ષાયિક | સાદિ અનંત | અપૌદ્ગલિક | ૪થે થી ૧૪મે |
| ૩. | ક્ષાયોપશમિક | ૧ અંતર્મૂહુર્તથી ૬૬ સાગરોપમ | પૌદ્ગલિક | ૪થે થી ૭મે |
| ૪. | વેદક | ૧ સમય | પૌદ્ગલિક | ૪થે થી ૭મે |
| ૫. | મિશ્ર | ૧ અંતર્મૂહુર્ત | પૌદ્ગલિક | ૩ જે |
| ૬. | સાસ્વાદન | ૧ સમયથી ૬ આવલિકા | પૌદ્ગલિક | ૨ જે. |
| ૭. | મિથ્યાત્વ (ભવ્યનું) | અનાદિ સાન્ત | પૌદ્ગલિક | ૧ લે |
| ૮. | મિથ્યાત્વ (અભવ્યનું) | અનાદિ અનંત | પૌદ્ગલિક | ૧ લે |

ક્ષાયોપશમિક - વેદક - સાસ્વાદન - મિશ્ર ભાવના સમ્યક્ત્વ પૌદ્ગલિક છે કેમ કે તે બધા ભાવ મિથ્યાત્વ મોહનીય કર્મ (પુદ્ગલ)ના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થયા છે. જ્યારે ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વ ભાવ આત્માના ઘરના હોવાથી અપૌદ્ગલિક છે.




A - અનંતાનુબંધી

## ૫. દેશવિરતિ ગુણસ્થાન

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જીવ વ્રત-નિયમ લઇ આરાધી જીવનને શક્ય એટલા પાપોથી દૂર રાખવા પ્રયત્ન કરે છે. ત્યારે એ પાંચમા શ્રાવક યોગ્ય દેશવિરતિ ગુણસ્થાનને પામે છે -

**प्रत्याख्यानोदया द्देश विरति र्यत्र जायते ।**
**तच्छ्राद्धत्वं हिदेशोन पूर्व कोटि गुरुस्थितिः ।।२४।।**

તત્વના જાણપણાથી વૈરાગ્ય વાસિત થયેલા સમ્યક્દૃષ્ટિ જીવને ઇચ્છા તો સર્વવિરતિ ગ્રહણ કરવાની જ હોય છે. પરંતુ સર્વવિરતિનો ઘાત કરનાર પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયથી સર્વવિરતિ સ્વીકારવાનું સત્વ ઉત્પન્ન થતું નથી... પ્રગટ થતું નથી. આવો જીવ જઘન્ય, મધ્યમ અથવા ઉત્કૃષ્ટ દેશવિરતિ ધર્મને પ્રાપ્ત કરે છે. એથી જ ગુણસ્થાનનું નામ દેશવિરતિ ગુણસ્થાન છે.

જઘન્ય દેશવિરતિવાળો જીવ માંસ-મદિરા યુક્ત સાત વ્યસનનો ત્યાગી હોય છે. પ્રાણાતિપાત વિરમણ વ્રતાદિને ધારણ કરનાર તથા નમસ્કાર મહામંત્રનો આરાધક હોય છે.

મધ્યમ દેશવિરતિધર શ્રાવકના બાર વ્રતોનું પાલન કરનાર તથા શ્રાવકના છ કર્તવ્યની (જિનેન્દ્ર પૂજા, ગુરુભક્તિ, અનુકંપા, સુપાત્રદાન, ગુણાનુરાગ અને આગમરૂચિ) આરાધના કરનાર હોય છે.

ઉત્કૃષ્ટ દેશવિરતિધર સચિત્તાહારનો ત્યાગી હોય છે. નિત્ય એકાસણું કરનાર તથા સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રતનો આરાધક હોય છે. સર્વવિરતિની ઇચ્છા રાખનાર અને સર્વ આરંભ-સમારંભ યુક્ત કાર્યોનો ત્યાગી હોય છે.

આ ગુણસ્થાનની સ્થિતિ દેશઉણા પૂર્વ ક્રોડ વરસની હોય છે.

## દેશવિરતિ ગુણસ્થાને કેવું ધ્યાન સંભવે ?

ધ્યાન એ એકાગ્રતા છે. જીવનના વિવિધ પ્રસંગોમાં જ્યાં રૂચિ હોય ત્યાં એકાગ્રતા સંભવે છે. દેશવિરતિ ગુણસ્થાને કેવા કેવા ધ્યાનની સંભાવના હોય છે તે જણાવે છે -

**आर्त्तं रौद्रं भवेदत्र मंदं धर्म्यं तु मध्यमम् ।**
**षद् कर्म प्रतिमा श्राद्ध व्रतपालन संभवम् ।।२५।।**

આ ગુણસ્થાનકે આર્ત અને રૌદ્રધ્યાનની મંદતા હોય છે અને મધ્યમ એવું ધર્મધ્યાન હોય છે. આ ધર્મધ્યાન છ આવશ્યકના સેવનથી, શ્રાવકના બાર વ્રત અને અગિયાર પ્રતિમાના પાલનથી હોય છે.

રૌદ્રધ્યાનના ચાર પ્રકાર જણાવે છે -

(૧) હિંસાનંદ રૌદ્રધ્યાન (૨) મૃષાવાદાનંદ રૌદ્રધ્યાન (૩) ચૌર્યાનંદ રૌદ્રધ્યાન તથા (૪) સંરક્ષણાનંદ રૌદ્રધ્યાન.

રૌદ્રધ્યાની જીવને હિંસા-અસત્ય-ચોરી આદિમાં આનંદ આવે છે. પોતાનો સ્વાર્થ સાધવા તથા સત્તા-સંપત્તિના સંરક્ષણ માટે એ હિંસા પણ આચરે... અસત્ય પ્રયોગ પણ કરે અને ચોરી કરી પરનો માલ પચાવી જાણે. એટલું જ નહીં આવી પ્રવૃત્તિ કરીને તે ખુશી પણ અનુભવે. પરંતુ તત્વ અને ધર્મને જાણ્યા પછી દેશવિરતિ ગુણસ્થાને આ પ્રવૃત્તિ મંદ બની જાય છે. હવે આવી પ્રવૃત્તિમાં કોઇ આનંદ ન આવે - રસ પણ ન હોય છતાં ક્યારેક અનાદિના અભ્યાસથી ક્ષણિક આવી કોઇ પ્રવૃત્તિ સંભવે છે.

સર્વ લોક જ્યારે આર્તધ્યાનમાં ડૂબેલો છે. ત્યારે દેશવિરતિધરને પણ મંદ પરિણામી આર્તધ્યાન હોઇ શકે છે. આવા આર્તધ્યાનના પણ ચાર પ્રકાર છે. (૧) અનિષ્ટ વસ્તુ સંયોગ આર્તધ્યાન. (૨) ઇષ્ટ વસ્તુ વિયોગ આર્તધ્યાન (૩) રોગચિન્તા આર્તધ્યાન અને (૪) નિદાન સંબંધી આર્તધ્યાન.

દેશવિરતિધર જેમ જેમ આરાધનામાં આગળ વધતો જાય છે તેમ તેમ ઉપર જણાવેલા રૌદ્ર અને આર્તધ્યાન મંદ પરિણામી બને છે. જીવનમાં ધર્મધ્યાનની વૃદ્ધિ થવા લાગે છે. આ ધર્મધ્યાન પણ ચાર પ્રકારે છે જે આગળ કહેવાશે. ૧. સામાયિક, ૨. ચઉવિસત્થો ૩. વાંદણા ૪. પ્રતિક્રમણ ૫. કાયોત્સર્ગ અને ૬. પચ્ચક્ખાણ પ્રમુખ છ આવશ્યક, પ્રાણાતિપાત આદિ ૧૨ વ્રત અને અગિયાર પ્રતિમા વિગેરેના આલંબને જીવ ધર્મધ્યાનમાં આગળ વધે છે. ધીરે ધીરે એમાં સ્થિરતા કેળવે છે.

આ ગુણસ્થાનકે સડસઠ પ્રકૃતિનો બંધ હોય છે. સત્યાસી પ્રકૃતિઓ ઉદય અને ઉદીરણામાં હોય છે જ્યારે ૧૪૮ પ્રકૃતિ સત્તામાં હોય છે.

## अतः परं प्रमत्तादि गुणस्थानकसप्तके ।
## अन्तर्मुहूर्त्तमेकैकं, प्रत्येकं गदिता स्थितिः ।।२६।।

દેશવિરતિ ગુણસ્થાનથી આગળના પ્રમત્ત-અપ્રમત્ત-અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ-સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ અને ક્ષીણમોહ એ સાત ગુણસ્થાનોની પ્રત્યેકની ઉત્કૃષ્ટ સ્થિતિ એકેક અન્તર્મુહૂર્ત પ્રમાણ છે.

શ્રી ગૌતમસ્વામી પ્રભુ મહાવીરસ્વામીને પૂછે છે - ''હે વીતરાગી ! આ ગુણસ્થાનકે ક્યા ગુણ પ્રાપ્ત થયા ?''

અનંત ઉપકારી પ્રભુ મહાવીરસ્વામીએ કહ્યું - ''હે ગૌતમ ! આ ગુણસ્થાને રહેલો જીવ નવતત્વને જાણે... નવકારસીથી માંડીને વરસીતપ પર્યંતના તપને જાણે... સદ્દહે... પ્રરૂપે અને શક્તિ પ્રમાણે કરે. આ ગુણસ્થાને રહેલો જીવ એક પચ્ચક્ખાણથી માંડી શ્રાવકના ૧૨ વ્રત - ૧૧ પ્રતિમા સુધી આદરે અને સંલેખના પર્યંત અણસણની આરાધના કરે. એ જીવ અલ્પેચ્છુ, અલ્પઆરંભી, સુશીલ, સુવ્રતી, ધર્મિષ્ઠ, સંવેગવન્ત, દ્રઢસમ્યક્ત્વી, ઉત્તમ ક્રિયાનુગામી, જૈન ધર્મ પ્રભાવક આદિ ગુણસંપન્ન હોય. દેશવિરતિવાળો હોય પરંતુ પરિણામની ધારાએ સાધુ જેવો જાણવો. તેથી જઘન્યથી ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટથી સાત-આઠ ભવ કરીને મોક્ષે જાય.''

### અષ્ટભંગી

શાસ્ત્રકાર ભગવંતોએ જ્ઞાન-સ્વીકાર અને પાલનની અષ્ટભંગી બતાવી છે.

| વિરતીનું યથાર્થ જ્ઞાન ક્યાં છે ? | વિરતીનો સ્વીકાર કર્યો છે ? પ્રતિજ્ઞા કરી છે ? | વિરતીનું યથાર્થ પાલન કરે છે ? | કોણ ? |
|---|---|---|---|
| ૧. ✗ (ના) | ✗ | ✗ (ના) | સઘળા જીવો |
| ૨. ✗ | ✗ | ✓ (હા) | અજ્ઞાન તપસ્વી |
| ૩. ✗ | ✓ | ✗ | પાસત્થા વિ. કુસાધુઓ |
| ૪. ✗ | ✓ | ✓ | અગીતાર્થ મુનિ |
| ૫. ✓ | ✗ | ✗ | શ્રેણિકાદિ |
| ૬. ✓ | ✗ | ✓ | અનુત્તરવાસી દેવ |
| ૭. ✓ | ✓ | ✗ | સંવિગ્ન પાક્ષિક |
| ૮. ✓ | ✓ | ✓ | દેશસર્વવિરત આત્મા |




A – અનંતાનુબંધી
B – અપ્રત્યાખ્યાની

## ૬.પ્રમત્ત સંયત ગુણસ્થાન

દેશવિરતિધર જ્યારે સર્વવિરતિનો સ્વીકાર કરે છે ત્યારે એ પાંચમા ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાનકે આવે છે. અહીં સર્વ વિરતિ છે પરંતુ સાથે પાંચ પ્રકારનો પ્રમાદ પણ છે. તેથી તે પ્રમત્ત સંયત ગુણસ્થાન છે.

**कषायाणां चतुर्थानां व्रती तीव्रोदये सति ।**
**भवेत्प्रमाद युक्तत्वात् प्रमत्तस्थान गोमुनिः ।।२७।।**

સંજ્વલન કષાયના તીવ્ર ઉદયમાં જીવ પ્રમાદ યુક્ત થાય છે. આ પ્રમાદ પાંચ પ્રકારે છે – (૧) જાતિ આદિ આઠ પ્રકારના મદ (૨) પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષય, (૩) કષાય (૪) પાંચ પ્રકારની નિદ્રા અને (૫) ચાર પ્રકારની વિકથા. આ પાંચ પ્રમાદસહિતનું જે જીવન તે **પ્રમત્ત સંયત ગુણસ્થાન** છે.

અંતર્મુહૂર્તથી વધારે પ્રમાદમાં રહે તો પાંચમા દેશવિરતિ ગુણસ્થાને જાય અને જો અંતર્મુહૂર્તથી વધારે અપ્રમાદમાં રહે તો સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાને જાય.

આ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**अस्तित्वान्नो कषायाणा मत्रार्तस्यैव मुख्यता ।**
**आज्ञा द्यालम्बनोपेता धर्मध्यानस्य गौणता ।।२८।।**

આ પ્રમત્ત સંયત ગુણસ્થાનમાં આર્તધ્યાનની મુખ્યતા છે પરંતુ ઉપલક્ષણથી રૌદ્રધ્યાન પણ છે. આર્તધ્યાનની મુખ્યતા શા માટે છે ? તે જણાવતાં કહે છે કે હાસ્યાદિક ષટક્ છે તેથી આર્તધ્યાન છે.

આજ્ઞાના આલંબનથી ધર્મધ્યાન ગૌણતાએ છે. ધર્મધ્યાનના ચાર ભેદ છે – (૧) અન્ય મતપંથવાળાઓથી બાધા પામ્યા વગર સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનો સ્વીકાર કરીને તત્વનો વિચાર કરવો એને **આજ્ઞાવિચય** ધર્મધ્યાન કહે છે. (૨) રાગ અને દ્વેષથી જ જીવને કષ્ટ થાય છે. રાગ-દ્વેષના કડવા પરિણામનું ચિંતવન એની વિચારણા તે **અપાય વિચય ધર્મધ્યાન** (૩) ક્ષણે ક્ષણે જીવને વિવિધ પ્રકારના કર્મ ઉદયમાં આવે છે. ઘડીકમાં શાતા-ઘડીકમાં અશાતા, ક્ષણમાં જ્ઞાનવરણીયનો ઉદયતો બીજી જ પળે અંતરાયકર્મનો ઉદય આવા કર્મ વિપાકનું ચિંતવન તે **વિપાક વિચય** ધર્મધ્યાન છે. (૪) આ સંસાર અનાદિ કાળથી છે. ઉત્પત્તિ-વિનાશ અને ધ્રૌવ્ય પણ છે. ઉર્ધ્વલોક-અધોલોક-તિર્છાલોક સ્વરૂપ ચૌદ રાજલોકના સ્વરૂપનું ચિંતવન તે **સંસ્થાન વિચય** ધર્મધ્યાન છે. આવું જે ધર્મધ્યાન તેની અહિં ગૌણતા છે કારણ કે અહીં પ્રમાદની હાજરી છે.

પ્રમત્ત સંયત ગુણસ્થાને રહેલો સાધક નિરાલંબન ધ્યાન કરવાનો અધિકારી નથી. નિરાલંબન ધ્યાન માટે એને નિષેધ કરતાં કહે છે –

**यावत्प्रमादसंयुक्तं स्तावत्तस्यन तिष्ठति ।**
**धर्मध्यानं निरालम्ब मित्युचुर्जिन भास्करा: ।।२९।।**

જિન એટલે જ ભગવન્ત રૂપી સૂર્ય-ભાસ્કર એમ કહે છે કે જ્યાં સુધી સાધક પ્રમાદ સંયુક્ત છે ત્યાં સુધી તે સાધુને આલંબન રહિત ધર્મધ્યાન સંભવતું નથી... હોતું નથી. કારણ આ ગુણસ્થાને ધર્મધ્યાન મધ્યમ છે પરંતુ મુખ્ય વૃત્તિથી નથી. એટલે નિરાલમ્બન ધ્યાન કરવું અયોગ્ય છે.

જે આ વાત ન માને એને ફરીથી હિતશિક્ષા આપે છે –

**प्रमाद्यावश्यकत्यागा न्निश्चलं ध्यानमाश्रयेत् ।**
**योऽसौ नेवागमं जैनं वेत्तिमिथ्यात्व मोहित: ।।३०।।**

જે સાધુ પ્રમાદ યુક્ત છે અને સામાયિકાદિ છ આવશ્યકને છોડીને નિશ્ચલ ધ્યાન કરે છે. એને મિથ્યાત્વી કહેવું; કારણ કે તે જૈનાગમને પણ નથી જાણતો. જિનશાસન નિશ્ચય અને વ્યવહાર યુક્ત છે. જે વ્યવહારનો લોપ કરે છે તે મિથ્યાત્વી છે. **જિન શાસન કહે છે કે નિશ્ચયને અંગીકાર કરો પરંતુ વ્યવહારને ન છોડો. જેણે વ્યવહાર છોડ્યો એણે શાસનનો ઉચ્છેદ કર્યો.**

દૃષ્ટાંતથી આ વાત સમજાવે છે –

એક માણસ દરરોજ પોતાના ઘરે નિરસ ભોજન કરે છે. એક વખત ક્યાંકથી આમંત્રણ આવ્યું. આમંત્રણને માન આપી માનવી એને ઘેર જમવા ગયા. જમણવારમાં અનેક પ્રકારની સરસ...સ્વાદિષ્ટ રસવતી જમ્યા. પછી બીજા દિવસે પોતાના ઘરનું ભોજન કરવા બેઠો પણ ભોજન ભાવતું નથી તેથી તેણે ઘરના ભોજનનો ત્યાગ કર્યો... સરસ-સ્વાદિષ્ટ ભોજન મળ્યું નહીં... ક્ષુધા વેદનીયથી માણસ દુઃખી દુઃખી

થઈ ગયો... અતો ભ્રષ્ટ – તતો ભ્રષ્ટ થઈ મરણને શરણ થયો.

કથાનકનો ઉપનય જણાવતાં કહે છે કે છઠ્ઠા ગુણસ્થાને રહેલો સાધક છ આવશ્યકાદિ ક્રિયા કરતા સાતમા ગુણસ્થાનકે જાય છે જ્યાં તે નિરાલંબન ધ્યાનામૃત પ્રાપ્ત કરે છે હવે ફરી તે છઠ્ઠા ગુણસ્થાનકે આવે છે ત્યાં એને નિરસ ભોજન તુલ્ય છ આવશ્યકાદિ ક્રિયા ગમતી નથી એથી એણે એ ક્રિયાઓનો ત્યાગ કર્યો અને ક્રિયા છોડવાથી (આલંબન છોડવાથી) નિરાલંબન ધ્યાનામૃતની પ્રાપ્તિ થતી નથી. તેથી તે ઉભયથી ભ્રષ્ટ થઈને દુઃખી દુઃખી થઈ ગયો. તેથી નિશ્ચય અને વ્યવહાર બન્નેને જીવનમાં સ્થાન આપવું જોઈએ.

જ્યાં સુધી અપ્રમત્તદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નિશ્ચયને મનમાં રાખી વ્યવહારમાં સાધુ યોગ્ય સર્વ ક્રિયાઓ... છ આવશ્યકાદિ કરવા જોઈએ.


## પ્રમત્ત મુનિ કર્તવ્ય

**तस्मादावश्यकैः कुर्यात् प्राप्त दोषनिकृन्तनम् ।**
**यावन्नाप्नोतिसद्धयान - मप्रमत्तगुणाश्रितम् ।।३१।।**

જ્યાં સુધી અપ્રમત્ત ગુણસ્થાનથી સાધ્ય એવું શ્રેષ્ઠ ધ્યાન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી પ્રાપ્ત થયેલા દોષોનો આવશ્યકાદિ ક્રિયાઓથી ક્ષય કરવો.

શ્રેષ્ઠ એવા નિરાબંધન ધ્યાનની પ્રાપ્તિ અપ્રમત્ત ગુણસ્થાને થાય છે. પ્રમત્ત ગુણસ્થાને પ્રમાદના કારણે મહાવ્રતોમાં અતિચારાદિ લાગે છે... ચારિત્રમાં દોષોનું સેવન થાય છે. આ દોષો અતિચારોમાંથી મુક્ત થવા આવશ્યકાદિ ક્રિયાઓ સવિશેષ જાગૃતિ અને બહુમાન પૂર્વક કરવી જોઈએ. ષડ્ આવશ્યક યુક્ત પ્રતિક્રમણાદિ ક્રિયાઓ દોષમુક્ત બનાવનાર હોવાથી એવી આરાધનાના આલંબને દોષ ક્ષય પ્રાપ્ત કરી આત્માને વધુને વધુ નિર્મળ બનાવવો. નિર્મળ બનેલો આત્મા જલ્દીથી અપ્રમત્ત દશાને પામવા સમર્થ બને છે.

આ ગુણસ્થાનકે ૬૩ પ્રકૃતિનો બંધ, ૮૧ પ્રકૃતિનો ઉદય અને ઉદિરણા હોય છે. તથા ૧૩૮ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.




A - અનંતાનુબંધી
B - અપ્રત્યાખ્યાની
C - પ્રત્યાખ્યાની



## ૭. અપ્રમત્ત સંયત ગુણસ્થાન

**चतुर्थानाङ्क षायाणां जातेमन्दोदये सति ।**
**भवेत्प्रमाद हीनत्वादप्रमत्तो महाव्रती: ।।३२।।**

પ્રથમ જણાવેલા પાંચ પ્રમાદથી રહિત... સંજ્વલનાદિ કષાય-નોકષાયના મંદપણાથી અપ્રમત્ત જેની વૃત્તિ થઇ છે એવો સાધુ **અપ્રમત્ત સંયત ગુણસ્થાન**માં આવી વસે છે. જેમ જેમ સંજ્વલન કષાય પણ મંદ-મંદ થાય છે તેમ તેમ સાધુની અપ્રમત્તદશા વિકાસ પામતી જાય છે. વિષયસુખ સુલભ હોય તો પણ એમના પ્રત્યે રુચિ થતી નથી તેમ તેમ જીવ ઉત્તમ-શ્રેષ્ઠ તત્વને પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાનનો સમય માત્ર એક જ અંતર્મુહૂર્ત છે. સાધક વારંવાર પ્રમત્ત-અપ્રમત્ત સંયત ગુણસ્થાને હિંચકાની જેમ આવ-જાવ કરે છે. અપ્રમત્ત ગુણસ્થાનનું અંતર્મુહૂર્ત એટલું નાનું છે એના બધા જ અંતર્મુહૂર્તનો સરવાળો એક મોટું અંતર્મુહૂર્ત થાય છે.

**नष्टा शेष प्रमादात्मा व्रत शील गुणाऽन्वित: ।**
**ज्ञानध्यानधनोमौनी शमनक्षपणोन्मुखः ।।३३।।**
**सप्तकोत्तरमोहस्य प्रशमाय क्षयाय वा ।**
**सद्धयान साधनारंभं कुरुते मुनि पुंगव: ।।३४।।**

જેમણે સંપૂર્ણ પ્રમાદનો નાશ કર્યો છે... પાંચ મહાવ્રત અને અઢાર હજાર શીલાંગરથ ભેદ વાળા બ્રહ્મચર્ય સહિત છે... તત્વ વિવેચનરૂપ જ્ઞાન અને એકાગ્રતા રૂપ ધ્યાન છે ધન જેમનું એવા... ધ્યાનની

શુદ્ધતા માટે મૌનને ધારણ કરનારા એવા સાધુ મહાત્મા ઉદયમાં આવેલા મોહનીય કર્મની પ્રકૃતિઓને ખપાવે છે અને ઉદયમાં નહીં આવેલી પ્રકૃતિઓને ઉપશમાવે છે. આવા મહાત્માઓ નિરાલંબન સદ્ધ્યાન કરે છે.

સદ્ધ્યાનના ત્રણ પ્રકાર છે - (૧) આરંભક (૨) સંનિષ્ટ અને (૩) નિષ્પન્ન યોગ.

વાંદરાની જેમ ચંચળ મનને સ્થિર કરવા માટે નિરંતર નાસિકાના અગ્રભાગે (નાસાગ્રે) જેમણે દષ્ટિને સ્થાપન કરીને ધીર બનીને વીર આસનમાં બેસીને નિષ્કંપ સમાધિ લગાડવી તે **આરંભક** કહેવાય છે.

વાયુ-આસન-ઈન્દ્રિય-મન-ક્ષુધા-નિદ્રાને જે જીતે છે અને વારંવાર અંતકરણમાં મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ ભાવના ભાવતો જીવ ધ્યાનના બીજા **સંનિષ્ઠ** પ્રકારમાં પ્રવેશે છે.

અંતકરણમાંથી ચિંતનને દૂર કરી મનમાં સંપૂર્ણ વિદ્યા રૂપી અમૃતને ભરે છે... જેનું ચૈતન્ય નિરંતર પાન કરતો થકો સમાધિમાં લીન બને છે તે અવસ્થા **નિષ્પન્ન** યોગ કહેવાય છે. આત્મ સ્વરૂપમાં રમણતાની આ અવસ્થા છે.

વિવિધ પ્રકારની લબ્ધિઓની પ્રાપ્તિ અહીં થાય છે પરંતુ એનો ઉપયોગ પ્રમત્ત સંયત ગુણસ્થાને થાય છે.

આ અપ્રમત્ત સંયત ગુણસ્થાને કેવું ધ્યાન સંભવે તે જણાવતાં કહે છે -

**धर्मध्यानं भवत्यत्र मुख्यवृत्या जिनोदितम् ।**
**रुपातीत तयाशुक्ल मपि स्यादंश मात्रतः ।।३५।।**

આ ગુણસ્થાને જિનેશ્વર પરમાત્માએ કહેલું ધર્મધ્યાન મુખ્યપણે હોય છે. એના ચાર ભેદ આપણે પહેલા જાણી લીધા છે. ધર્મધ્યાનની ચાર ભાવનાઓ છે. (૧) મૈત્રી (૨) પ્રમોદ (૩) માધ્યસ્થ અને (૪) કરુણા.

**परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी करुणा ।**
**परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ।।**

અન્ય-પર જીવોના હિતની ચિંતા કરવી... બીજાના હિતનો વિચાર કરવો તે **મૈત્રી ભાવના** છે.

અન્ય-પર જીવોના દુઃખના વિનાશની ચિંતા કરવી... બીજાના દુઃખ વિનાશ માટે ચિંતન-વિચારણા કરવી તે **કરુણા ભાવના** છે.

પર-અન્ય જીવોના સુખને જોઇ રાજી થવું... ખુશ થવું તે **પ્રમોદ ભાવના** છે.

પરના દોષની ઉપેક્ષા કરવી તે **માધ્યસ્થ ભાવના** છે.

ધર્મધ્યાનના બીજી રીતે પણ ચાર ભેદ છે - (૧) પિંડસ્થ, (૨) પદસ્થ (૩) રુપસ્થ અને (૪) રુપાતીત.

**અરિહંત** પરમાત્માના જીવ સહિત સાક્ષાત શરીરના આલંબનથી જે ધ્યાન તે **પિંડસ્થ ધ્યાન** છે.

**અરિહંત - અર્હં - જિનેશ્વર** આદિ પવિત્ર પદોનું આલંબન લઇને જે ધ્યાન તે **પદસ્થ ધ્યાન** છે.

અષ્ટપ્રાતિહાર્ય યુક્ત અરિહંત પરમાત્મા, સિદ્ધશીલા પર બિરાજમાન સિદ્ધ ભગવંતાદિનું વર્ણ એવં વિશેષ આકૃતિ કે રૂપ સહિત જે ધ્યાન તે **રૂપસ્થ ધ્યાન** છે.

વર્ણ, આકાર, રૂપ રહિત નિરંજન - નિરાકર - અરૂપી એવા આત્મ સ્વરૂપનું ધ્યાન તે **રૂપાતીત ધ્યાન** છે.


રુપાતીત ધર્મધ્યાનમાં આંશિક રૂપથી શુક્લધ્યાન છે. પરંતુ ગૌણ વૃત્તિથી છે મુખ્ય વૃત્તિથી નહીં.

આ ગુણસ્થાનમાં રહેલો સાધક સદ્ધ્યાનમાં સતત લીન હોવાથી એને વ્યવહારીક ક્રિયા માટે અવકાશ જ રહેતો નથી. આવા સમયે આવશ્યકાદિના અભાવમાં પણ સદ્ધ્યાનથી શુદ્ધિ થાય છે. આ વાત જણાવે છે-

**इत्येतस्मिन् गुणस्थाने नो संत्यावश्यकानि षट् ।**
**सन्ततध्यान सद्योगा च्छुद्धिः स्वाभाविकी यतः ।।३६।।**

આ ગુણસ્થાને સામાયિકાદિ છ આવશ્યક નથી કારણ કે સામાયિકાદિ આવશ્યક તો વ્યવહાર ક્રિયારુપ છે... તે વ્યવહાર શુદ્ધિ માટે કરાય છે. પરંતુ આ ગુણસ્થાનકે નિરંતર સદ્ધ્યાનના સંયોગથી સ્વાભાવિક શુદ્ધિ જ છે. કારણ કે અનેક પ્રકારના ચિત્તના સંકલ્પરૂપ જે મલ એનો અભાવ વર્તે છે. તેમજ અહીં સ્વભાવરૂપ નિર્મલતા પણ છે. **ધ્યાનરુપી ભાવતીર્થથી પરમશુદ્ધિને પામે છે. ગરમીથી અત્યંત આકુળ-વ્યાકુળ વ્યક્તિ એક સરોવર પાસે પહોંચે છે. સરોવરના કિનારે ઠંડી હવા આવતી હોવાથી એની આકુળ-વ્યાકુળતા શાંત થઈ - ગરમીમાં શાતા મળી... સરોવરનું મીઠું જલ પીવાથી તરસ દૂર થઈ તેમજ સરોવરમાં સ્નાન કરવાથી મલિનતા દૂર થઈ. એવી જ રીતે ધ્યાનરૂપી તીર્થના સેવનથી ક્રોધ રૂપ ગરમી શાંત થાય છે... લોભરૂપી તરસ દૂર થાય છે.. અનાદિ કાળથી સંચિત કર્મરૂપી મલ પણ નાશ પામે છે.**

આ ગુણસ્થાને ૫૯ પ્રકૃતિનો બંધ હોય છે. ૭૬ પ્રકૃતિનો ઉદય અને ૭૩ પ્રકૃતિની ઉદીરણા હોય છે. ૧૩૮ પ્રકૃતિની સત્તા હોય છે.



હવે આગળથી બે ગાથામાં ૮ મા થી ૧ ૨ મા એ પાંચ ગુણસ્થાનોના નામ અને અર્થ જણાવે છે -

**अपूर्वत्मगुणाप्तित्वा दपूर्व करणंमतम् ।**
**भावानामनिवृत्तत्वा दनिवृत्ति गुणास्पदम् ॥३७॥**
**अस्तित्वात्सूक्ष्मलोभस्य भवेत्सूक्ष्मकषायकम् ।**
**शमना च्छान्तमोहं स्यात् क्षपणात् क्षीणमोहकम् ॥३८॥**

સંજ્વલન કષાય અને નોકષાયના મંદ ઉદયથી જે પરમ આલ્હાદની પ્રાપ્તિ થાય છે, તે પહેલા ક્યારેય થઇ નથી તે અહીં થાય છે. તેને **અપૂર્વ ગુણસ્થાનક** કહે છે.

જોયેલા - સાંભળેલા અને અનુભવેલા જે ભોગો એમની ઇચ્છા-આકાંક્ષાદિક સંકલ્પ રહિત થઇને પરમાત્મતત્વપર નિશ્ચલ થઇને એકાગ્ર ધ્યાનથી અલગ ન હોય તેને **અનિવૃત્તિ ગુણસ્થાનક** કહે છે. આ ગુણસ્થાનને **અનિવૃત્તિ બાદર ગુણસ્થાન** પણ કહે છે. કારણ અહિં સાધક અપ્રત્યાખ્યાનાદિ ૧ ૨ કષાય અને ૯ નોકષાયને ક્રમથી ઉપશમવા અથવા ખપાવવા તૈયાર થાય છે એ માટે એને અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક કહે છે. અધ્યવસાયોની અનિવૃત્તિ થતી હોવાથી **અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાન** કહેવાય છે.

સૂક્ષ્મ પરમાત્મ તત્વના બળથી મોહનીય કર્મની ૨૦ પ્રકૃત્તિ શાંત અથવા ક્ષીણ થવાથી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન. લોભના સૂક્ષ્મ અંશના હોવાથી **સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન** કહેવાય છે. સંપરાય એટલે કષાય. જ્યાં સૂક્ષ્મ કષાય છે તે સૂક્ષ્મ સંપરાય.

કષાયોનો ક્ષય ન કરતાં જ્યાં કેવળ ઉપશમ જ થાય છે અને જે પોતાના સહજ સ્વભાવ બળથી સંપૂર્ણ મોહનીય કર્મની પ્રકૃતિઓનું ઉપશમન કરે છે તે **ઉપશાન્તમોહ** નામનું અગિયારમું ગુણસ્થાનક જાણવું.

ક્ષપક શ્રેણી ઉપર આરુઢ થયેલ સાધક દસમા ગુણસ્થાને સંપૂર્ણ કષાયને નિશેષ કરીને શુદ્ધ આત્મબળ કરીને મોહનીય કર્મ ખપાવીને બારમા **ક્ષીણમોહ ગુણસ્થાન**ને પ્રાપ્ત કરે છે.

આઠમા ગુણસ્થાનથી સાધક મોક્ષમાર્ગ તરફ આગળ વધે ત્યારે બે પ્રકારના માર્ગ છે જે શ્રેણી કહેવાય છે. એક માર્ગમાં સાધક ઉપશમ સમ્યક્ત્વથી મોહનીયાદિ કર્મોને દબાવતો... ઉપશમાવતો જાય છે આ માર્ગ ઉપશમશ્રેણી કહેવાય છે.

બીજા માર્ગમાં કર્મ દબાવવાને બદલે જીવ કર્મ ક્ષય કરતો જાય છે, કર્મ ખપાવતો મોક્ષને પ્રાપ્ત કરે છે. આ માર્ગ ક્ષપકશ્રેણી કહેવાય છે.

## આઠમા ગુણસ્થાને શ્રેણી દ્વય

**तत्रापूर्व गुणस्थाना द्यांशादेवाधिरोहति ।**
**शमकोहिसमश्रेणिं क्षपकः क्षपकावलीम् ॥३९॥**

આ અપૂર્વકરણ ગુણસ્થાનના પ્રથમ અંશના અધિરોહણમાં ઉપશમન કરવાવાળા સાધુ મહાત્મા શુક્લધ્યાનના પ્રથમ પાયાનું (જેનું સ્વરૂપ આગળ કહેવાશે) ધ્યાન કરતાં છતાં ઉપશમશ્રેણી કરે છે અને ક્ષપકશ્રેણીવાળા ક્ષય કરવા યોગ્ય પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

## ઉપશમશ્રેણી યોગ્ય કોણ ?

બે શ્રેણીઓનો પ્રારંભ આઠમા ગુણસ્થાનથી થાય છે. એમાંથી ઉપશમશ્રેણી કોણ કરી શકે ? ઉપશમશ્રેણીએ ચઢનારની યોગ્યતા શું હોય છે ?

આ વાત જણાવતા કહે છે –

**पूर्वज्ञः शुद्धिमान् युक्तो ह्याद्यैः सहननैस्त्रिभिः ।**
**सन्ध्यायन्नाद्यशुक्लाशं स्वां श्रेणीं शमकः श्रयेत् ।।४०।।**

પૂર્વગત શ્રુતજ્ઞાનને ધારણ કરનાર... અતિચાર રહિત ચારિત્રનું પાલન કરનાર... પ્રથમના ત્રણ (વજ્રઋષભ નારાચ, ઋષભ નારાચ અને નારાચ) સંઘયણમાંથી કોઇ સંઘયણયુક્ત... એવા સાધુ મહાત્મા ઉપશમ શ્રેણી ઉપર આરૂઢ થઇ શકે છે.

## ઉપશમશ્રેણીવાળો સાધક કાળ કરે તો ક્યાં જાય ?

મૃત્યુ જીવનની વાસ્તવિકતા છે. એ કોઇ પણ ક્ષણે આવીને ઉભું રહી શકે છે. મોક્ષ પ્રાપ્તિની નજીક પહોંચેલા સાધકની સમક્ષ આવીને એના સંસારની વૃદ્ધિ કરી શકે છે. ઉપશમશ્રેણી ઉપર આરૂઢ થયેલા સાધુ મહાત્માનું આયુષ્ય પૂર્ણ થાય તો એ ક્યાં જાય તે જણાવે છે –

**श्रेण्यारूढः कृतेकालेऽहमिंद्रेष्वेव गच्छति ।**
**पुष्टायुषस्तूपशान्तं जयेच्चारित्रमोहनम् ।।४१।।**

જે સાધુ અલ્પ આયુષ્યકાળવાળો છે અને એ ઉપશમ શ્રેણી ઉપર આરૂઢ થયેલો છે અને કાળ કરે તો અહમિન્દ્ર એટલે સર્વાર્થસિદ્ધ દેવલોકમાં જાય છે.

કારણ કે વજ્રઋષભનારાચ સંઘયણ વાળો જીવ નિયમા સર્વાર્થ સિદ્ધમાં જાય છે. અન્ય સંઘયણવાળા અન્ય દેવલોકમાં જાય છે. છેવટ્ઠા સંઘયણવાળા સાધક પ્રથમ ચાર દેવલોક સુધી જાય છે.

કિલીકા સંઘયણવાળા સાધક પાંચમા-છઠ્ઠા દેવલોક સુધી જાય છે.

અર્ધનારચ સંઘયણવાળો સાધક સાતમા-આઠમા દેવલોક સુધી જાય છે. (પરંતુ આ ત્રણ સંઘયણવાળા સાધક ઉપશમશ્રેણી ઉપર આરૂઢ થઇ શકતા નથી.)

નારાચ સંઘયણવાળા નવમા-દસમા દેવલોક સુધી જાય છે.

ઋષભ નારાચ સંઘયણવાળા અગિયારમા-બારમા દેવલોક સુધી જાય છે.

પ્રથમ વજ્રઋષભ નારાચ સંઘયણવાળા મોક્ષ સુધી જાય છે.

સર્વાર્થ સિદ્ધ વાળાઓને **લવસત્તમિયા** કહે છે. કારણ કે જો એમનું આયુષ્ય સાતલવ અધિક હોત તો તે મોક્ષે ચાલ્યા જાત.

અહીં કોઇ શંકા કરે કે સાતલવ આયુષ્ય અધિક હોય તો મોક્ષમાં કેમ જાય ? એનો જવાબ આપતાં જણાવે છે કે સાત લવ આયુષ્ય અધિક હોય તો ઉપશમશ્રેણીવાળો જીવ અગિયારમાં ગુણસ્થાને જાય ત્યાંથી પડીને સાતમે ગુણસ્થાને જાય ત્યાં ક્ષપકશ્રેણી કરીને અંતકૃત કેવલિ થઇને મોક્ષે જાત.

## ઉપશમશ્રેણી વાળા સાધુ આઠમા-નવમા ગુણસ્થાને શું કરે ?

ઉપશમશ્રેણીએ આરૂઢ થયેલા સાધુ-મહાત્મા કેવી રીતે કર્મપ્રવૃત્તિઓ ઉપશમાવે છે તે જણાવે છે -

**अपूर्वादिद्वयेकैक गुणेषु शमक: क्रमात् ।**
**करोति विंशते: शातिं लोभाणुत्वं च तत्समम् ।।४२।।**

અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં સંજ્વલન લોભને છોડીને મોહનીયની ૨૦ પ્રકૃતિઓને ઉપશમ શ્રેણીવાળો સાધુ ઉપશમાવે છે. પછી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનમાં સંજ્વલન લોભને સૂક્ષ્મ કરે છે. ઉપશાન્ત મોહ ગુણસ્થાનમાં સૂક્ષ્મ લોભને સંપૂર્ણ ઉપશમાવે છે.

આ ઉપશાંત મોહ ગુણસ્થાને એક પ્રકૃતિનો બંધ છે... ૫૯ પ્રકૃતિઓનો ઉદય હોય છે... ૫૬ પ્રકૃતિઓની ઉદીરણા હોય છે તથા ૧૪૮ની સત્તા હોય છે.

### ૮. અપૂર્વકરણ ગુણસ્થાને
### બંધ - ઉદય - સત્તા

✻ અપૂર્વકરણના પ્રથમ ભાગે અઠ્ઠાવન (૫૮) પ્રકૃતિનો બંધ હોય છે.

✻ આગળ નિદ્રાદ્વિકનો બંધ વિચ્છેદ થવાથી બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા ભાગે છપ્પન્ન (૫૬) પ્રકૃતિનો બંધ હોય છે.

✻ આગળ વધતાં દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, શુભ વિહાયોગતિ, ત્રસાદિ નવ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, સમચતુરસ્ત્ર સંસ્થાન, તૈજસ, કાર્મણ આ ત્રીસ (૩૦) પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે તેથી સાતમે ભાગે ફક્ત છવ્વીસ પ્રકૃતિઓનો બંધ હોય છે.

✻ સમ્યક્ત્વ મોહનીય અને છેલ્લા ત્રણ સંઘયણના ઉદયનો વિચ્છેદ થવાથી બહુંતેર (૭૨) પ્રકૃતિઓનો ઉદય હોય છે.

✻ એક સો અડતાલીસ (૧૪૮) પ્રકૃતિની સત્તા હોય છે.

### ૯. અનિવૃત્તિ ગુણસ્થાને
### બંધ - ઉદય - સત્તા

✻ અપૂર્વકરણ ગુણસ્થાનના અંતે જે ૨૬ પ્રકૃતિઓ બંધમાં હતી તેમાંથી હાસ્ય, રતિ, ભય અને

જાુગુપ્સા એ ચારનો બંધ વિચ્છેદ થાય છે. તેથી પ્રથમ ભાગે બાવીસ ( ૨ ૨ ) પ્રકૃતિઓનો બંધ હોય છે.

✻ આગળ પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે તેથી બીજા ભાગે એકવીસ ( ૨ ૧ ) પ્રકૃતિનો બંધ હોય છે.

✻ આગળ સંજ્વલન ક્રોધનો બંધ વિચ્છેદ થવાથી ત્રીજા ભાગે વીસ ( ૨ ૦ ) પ્રકૃતિનો બંધ હોય છે.

✻ આગળ સંજ્વલન માનનો બંધ વિચ્છેદ થવાથી ચોથા ભાગે ઓગણીસ ( ૧ ૯ ) પ્રકૃતિનો બંધ હોય છે.

✻ આગળ સંજ્વલન માયાનો બંધ વિચ્છેદ થાય છે જેથી પાંચમે ભાગે અઢાર ( ૧ ૮ ) પ્રકૃતિનો બંધ હોય છે.

✻ હાસ્યાદિ છ નો ઉદય વિચ્છેદ થવાથી હવે છાસઠ ( ૬ ૬ ) પ્રકૃતિઓનો ઉદય હોય છે.

✻ સત્તામાં ૧ ૪ ૮ પ્રકૃતિઓ હોય છે.

## ૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાને
## બંધ - ઉદય - સત્તા

✻ અનિવૃત્તિ ગુણસ્થાનના અને અઢાર પ્રકૃતિનો બંધ હોય છે તેમાંથી સંજ્વલન લોભનો વિચ્છેદ થાય છે જેથી સત્તર ( ૧ ૭ ) પ્રકૃતિઓ બંધમાં હોય છે.

✻ ત્રણ વેદ અને સંજ્વલન ક્રોધ, માન, માયા, એ છ પ્રકૃતિઓનો ઉદય વિચ્છેદ પામે છે. તેથી સાઇઠ ( ૬ ૦ ) પ્રકૃતિઓનો ઉદય હોય છે.

✻ એક સો અડતાલીસ ( ૧ ૪ ૮ ) પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

## ઉપશાન્ત મોહ ગુણસ્થાને સમ્યક્ ચારિત્ર

ઉપશાન્ત મોહ ગુણસ્થાને કેવા પ્રકારનું દર્શન અને ચારિત્ર છે તે જણાવતાં કહે છે –

**शान्तद्दग्वृत्त मोहत्वादत्रौपशमिकाभिधे ।**
**स्याता सम्यक् चारित्रे भावश्चो पशमात्मक: ।।४३।।**

ઉપશાંત મોહ ગુણસ્થાનમાં દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયને ઉપશમાવવાથી ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર હોય છે. ઉપશમભાવ હોવાથી ઉપશમ છે. પરંતુ ક્ષાયિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અથવા ચારિત્ર નથી.

## ઉપશાન્ત મોહથી ચ્યવન

પાણીમાં માટી વગેરેની મલીનતા હોય એને સ્થિર રાખવામાં આવે તો માટી નીચે બેસી જાય માટી પાણીમાં છે તે પાણી સ્થિર હોવાથી ઉપરનું પાણી ચોક્ખું દેખાય છે. પરંતુ નિમિત્ત મળે તો ફરી પાણી ડહોળું – મલીન બની જાય છે. એવી જ હાલત ઉપશાન્ત મોહ વાળા સાધકની હોય છે. મોહ છે મોહ ગયો નથી. નિમિત્ત મળે ને મોહ ઉછળે આ વાત જણાવે છે.

वृत्त मोहोदयं प्राप्यो पशमी च्यवते ततः ।
अधःकृत मलन्तोयं पुनर्मालिन्यमश्नुते ।।४४।।

ઉપશમ સમ્યક્ત્વવાળા સાધક ચારિત્ર મોહનીયના ઉદયને પામીને ઉપશાન્ત મોહથી નીચે પડે છે. મોહ જનિત પ્રમાદ કલુષિતતાને પ્રાપ્ત કરાવે છે. એમ કહેવાય છે કે શ્રુતકેવલિ, આહારક લબ્ધિવાળા તથા મનઃપર્યવજ્ઞાની જો ઉપશમી હોય તો પ્રમાદથી ચારે ગતિમાં ફરે છે.

## ઉપશમીની ગુણસ્થાનમાં ચડ - ઉતર

अपूर्वाद्यास्त्रयोप्यूर्ध्व मेकंयान्तिशमोद्यताः ।
चत्वारोपिच्युतावाद्यं सप्तमंचान्त्यदेहिनः ।।४५।।

ઉપશમ શ્રેણીવાળો સાધક અપૂર્વાદિક ત્રણ ગુણસ્થાનમાંથી એક એક ગુણસ્થાનમાં જાય છે. જેવી રીતે અપૂર્વ ગુણસ્થાનમાંથી અનિવૃત્તિ બાદરમાં... અનિવૃત્તિ બાદરથી સૂક્ષ્મ સંપરાયમાં અને સૂક્ષ્મ સંપરાયથી ઉપશાન્ત મોહ ગુણસ્થાનમાં.

ઉપશાન્તાદિક ચાર ગુણસ્થાનથી ચ્યવીને મિથ્યાત્વ ગુણસ્થાને જાય છે. પરંતુ જે ચરમ શરીરી છે તે તો સાતમા ગુણસ્થાને જઇ ક્ષપક શ્રેણી કરે છે. પરંતુ જેણે એક ભવમાં એક જ વખત ઉપશમ શ્રેણી કરી હોય તે ક્ષપક શ્રેણી કરી શકે છે. પરંતુ જેણે એક ભવમાં બે વખત ઉપશમશ્રેણી કરી હોય તે જીવ ક્ષપકશ્રેણી નથી કરતો.

## ઉપશમ શ્રેણિ સ્થાપના

અહીં ઉપશમ શ્રેણિમાં મોહનીય કર્મ કેવી રીતે ઉપશમાવે છે ? તે ક્રમ જણાવે છે. જે પ્રકૃતિ સાથે લખી છે તે સમકાળે ઉપશમાવે છે.

| |
|---|
| ઉપશાંત મોહ |
| સંજ્વલન લોભ |
| ૨ - અપ્રત્યાખ્યાનીય લોભ અને પ્રત્યાખ્યાનીય લોભ |
| ૧ સંજ્વલન માયા |
| ૨ - અપ્રત્યાખ્યાનીય માયા અને પ્રત્યાખ્યાનીય માયા |
| ૧ સંજ્વલન માન |
| ૨ - અપ્રત્યાખ્યાનીય માન અને પ્રત્યાખ્યાનીય માન |
| ૧ સંજ્વલન ક્રોધ |
| ૨ - અપ્રત્યાખ્યાનીય ક્રોધ અને પ્રત્યાખ્યાનીય ક્રોધ |
| ૧ પુરુષ વેદ |
| ૬ હાસ્યાદિક ષટક્ |
| ૧ સ્ત્રી વેદ |
| ૧ નપુંસક વેદ |
| ૩ મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય |
| ૪ અનંતાનુબન્ધિ ક્રોધ, માન, માયા, લોભ. |

**ઉપશમશ્રેણીની સંખ્યા જણાવે છે.**

ઉપશમ શ્રેણી જીવ કેટલી વખત કરી શકે ? આવી શંકાનું સમાધાન કરતાં જણાવે છે કે -

**आ संसारं चतुर्वारं मेवस्याच्छमनावली ।**
**जीवस्यैकभवे वार द्वयं सा यदि जायते ॥४६॥**

જીવને આ અનાદિ સાન્ત સંસારમાં પરિભ્રમણ કરવા છતાં જો ઉપશમશ્રેણી હોય તો વધુમાં વધુ ચાર વખત હોય છે. આ ઉપશમશ્રેણી એક જીવને એક ભવમાં જો ઉત્કૃષ્ટથી હોય તો બે વાર હોય છે.

ક્ષપકશ્રેણી તો ભવમાં એક જ વાર હોય છે.

## ક્ષપક શ્રેણી

ઉપશમ શ્રેણીનું સ્વરૂપ જણાવ્યા પછી હવે સંક્ષેપથી ક્ષપક શ્રેણીનું સ્વરૂપ જણાવે છે -

**अतो वक्ष्ये समासेन, क्षपक श्रेणी लक्षणम् ।**
**योगी कर्मक्षयं कर्त्तुं, यामारूह्य प्रवर्त्तते ॥४७॥**

ઉપશમશ્રેણીમાં સાધક મોહનીય કર્મની પ્રકૃતિઓને ઉપશમાવે છે પરંતુ અહીં ક્ષપકશ્રેણી હોવાથી સાધક કર્મોની પ્રકૃતિઓને ખપાવે છે. ક્ષપક શ્રેણીએ આરુઢ થયેલો યોગી કર્મક્ષય કરવા પ્રવૃત્ત થાય છે. યોદ્ધા જેમ યુદ્ધ કરવા અને જીત મેળવવા તૈયાર થાય તેમ અહીં યોગી કર્મસત્તા સાથે યુદ્ધ કરવા અને કર્મવિજેતા બનવા સજ્જ થાય છે. હવે તે કેવી રીતે કર્મક્ષય કરે છે તે જણાવે છે.

**अनिबद्धायुष: प्रान्त्य देहिनोलघुकर्मण: ।**
**असंयतगुणस्थाने नरकायु: क्षयंव्रजेत् ।।४८।।**

જેણે પરભવનું આયુષ્ય નથી બાંધ્યું અથવા જે ચરમશરીરી છે.. થોડા કર્મ વાળો હળુકર્મી જીવ છે... તેણે ચોથા ગુણસ્થાનકે નરકના આયુષ્યનો ક્ષય કર્યો છે.

**तिर्यगायु: क्षयंयाति गुणस्थाने तु पञ्चमे ।**
**सप्तमेत्रिदशायुश्च दृग्मोहस्यापिसप्तकम् ।।४९।।**

પાંચમા ગુણસ્થાનમાં તિર્યંચાયુનો ક્ષય થાય છે. સાતમા ગુણસ્થાનમાં દેવઆયુનો તથા મોહનીયની સાત પ્રકૃતિઓનો ક્ષય કરે છે ત્યારે સાધક ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

**दशैता: प्रकृति: साधु:, क्षयं नीत्वा विशुद्ध धी: ।**
**धर्म्मध्यानेकृताभ्यास: प्राप्नोति स्थानमष्टमम् ।।५०।।**

જે શુદ્ધબુદ્ધિવાળો સાધુ પૂર્વોક્ત દસ પ્રકૃતિઓનો ક્ષય કરીને જેણે ધર્મધ્યાનનો સુંદર અભ્યાસ કર્યો છે એવો તે સાધુ આઠમા ગુણસ્થાનને પામે છે. એથી એ ૧૪૮ કર્મ પ્રકૃતિઓમાંથી પૂર્વોક્ત નરકાયુ-તિર્યંચાયુ, દેવાયુ આ ત્રણ આયુષ્ય તથા અનન્તાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાય અને સમ્યક્ત્વ મોહનીય - મિશ્ર મોહનીય તથા મિથ્યાત્વ મોહનીય રુપી સર્વ દસ પ્રકૃતિઓનો ક્ષય કરવાથી બાકી રહેલી ૧૩૮ પ્રકૃતિઓની સત્તા રાખતો જીવ આઠમા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે.

### આઠમા ગુણસ્થાને શુક્લ ધ્યાન

આઠમા ગુણસ્થાનમાં પહોંચેલો સાધુ ધર્મધ્યાનના અભ્યાસથી આગળ વધતાં શુક્લધ્યાનમાં પ્રવેશ કરે છે તે જણાવે છે. **ધ્યાન જાણવા માત્રથી સિદ્ધ થતું નથી પરંતુ અભ્યાસથી સિદ્ધ થાય છે.**

**तत्राष्टमे गुणस्थाने शुक्लसद्ध्यानमादिमम् ।**
**ध्यातुम्प्रक्रमतेसाधु राद्यसंहननान्वित: ।।५१।।**

ક્ષપક શ્રેણીવાળો સાધુ આ આઠમા ગુણસ્થાનમાં શુક્લધ્યાનના પ્રથમ પાયારૂપ સપૃથ્કત્વ સવિતર્ક સપ્રવિચાર નામના ધ્યાનનો પ્રારંભ કરે છે. આ સાધુ પહેલા વજ્રઋષભનારાચ સંઘયણવાળો હોય છે.

મજબૂત સંઘયણ વિના ઉચ્ચ કોટિના શુક્લધ્યાનની સંભાવના જ કેમ હોઇ શકે ?

હવે ધ્યાતાનું સ્વરૂપ જણાવે છે -

**निःप्रकम्पं विधायाथ दृढम्पर्यङ्कमासनम् ।**
**नासाग्रे दत्तसन्नेत्रः किञ्चिदुन्मिलितेक्षणः ॥५२॥**
**विकल्पवागुरा जालाद् दूरोत्सारित मानसः ।**
**संसारच्छेदनोत्साहो योगीन्द्रोध्यातुमर्हति ॥५३॥**

શુક્લધ્યાનનો પ્રારંભ કરતાં જ યોગી મહાત્મા ક્ષપક શ્રેણીવાળા મુની ભગવંત વ્યવહારનો આશ્રય કરીને ધ્યાન કરવા યોગ્ય થાય છે. તેઓ શું કરે છે તે જણાવતાં કહે છે -

* તેઓ પર્યંકાસન દઢ કરે છે... મજબૂત કરે છે. મજબૂત કરે છે એટલે આસન નિશ્ચલ અને નિષ્કંપ હોય છે. આસન જય એ જ ધ્યાનની પ્રથમ સફળતા છે... આહાર-આસન-નિદ્રા અને શરીર આ ચારને જીતે તે જ ધ્યાન કરી શકે છે.

* પર્યંકાસનનું સ્વરૂપ જણાવતાં કહે છે કે બન્ને જંઘાઓની ઉપર બન્ને પગને સ્થાપન કરવા અને તે ઉપર પોતાના બન્ને હાથ રાખવાથી આ આસન થાય છે. એને કોઇ સિદ્ધાસન પણ કહે છે. દૃષ્ટિ નાસિકા ઉપર સ્થિર કરવાની હોય છે.

* નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિને સ્થિર કરવી તે જ ધ્યાનની શુદ્ધતા છે.

* નેત્ર કાંઇક ખુલ્લા અને કાંઇક બીડાયેલા હોય છે.

* સંસારિક કૃત્યોના જાળમાંથી જેણે પોતાની ચિત્તવૃત્તિને દૂર કરી છે એવો સર્વ વિકલ્પોની જાળથી મુક્ત સાધક હોય છે.

* અપેક્ષાએ કહેવાય છે કે સંસારના કાર્યોથી શુદ્ધ ધ્યાન ન સંભવી શકે. એક વખત નિદ્રા લેવી... મૂર્ચ્છા.. વિકલતા સારી પરંતુ આર્તરૌદ્ર ધ્યાન અને ખોટી લેશ્યાવાળી ચિત્તવૃત્તિ સારી નહીં.

* ધ્યાનમાં આગળ વધતો મુનિ સંસાર છેદન-ભાવનાશને માટે જ ઉદ્યમવંત હોય છે.

## આસન

યોગશાસ્ત્રમાં નવ મુખ્ય આસન જણાવ્યા છે. જેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**पर्यक-वीर-बज्राब्ज-भद्र-दण्डासनानि च ।**

**उत्कटिका गोदोहिका, कायोत्सर्गस्तथाऽऽसनम् ॥**

૧ પર્યંકાસન, ૨ વીરાસન, ૩ વજાસન, ૪ કમલાસન, ૫ ભદ્રાસન, ૬ દંડાસન, ૭ ઉત્કટિકાસન, ૮ ગોદોહિકાસન, ૯ કાયોત્સર્ગાસન. આ નામનાં આસનો કહેલાં છે.

ક્રમપૂર્વક દરેક આસનોની વ્યાખ્યા સમજાવે છે -

**स्याज्जङ्घयोरघोभागे, पादोपरि कृते सति ।**

**पर्यङ्को नाभिगोत्तान-दक्षिणोत्तरपाणिकः ।।**

જંઘાના નીચેના ભાગમાં એટલે ઢીંચણ પાસે બે પગની ગોઠવણી કર્યા પછી નાભિ પાસે ડાબો હાથ જમણા ઉપર રાખવો, તે પર્યંકાસન કહેવાય. શાશ્વત પ્રતિમાઓને અને શ્રી મહાવીર ભગવંતના નિર્વાણ સમયે જે પ્રમાણે પર્યંકાસન હતું, તે પ્રમાણે આ પણ સમજવું. પાતંજલો જાનુ અને હાથને લાંબા કરી સૂવું તેને પર્યંક કહે છે. હવે વીરાસન કહે છે -

**वार्मोऽह्रिर्दक्षिणोरूर्ध्वं, वामोरूपरि दक्षिणः ।**

**क्रियते यत्र तद् वीरोचितं वीरासनं स्मृतम् ।।**

ડાબો પગ જમણા સાથળ ઉપર અને ડાબા સાથળ ઉપર જમણો પગ જેમાં કરાય, તે તીર્થંકર આદિ વીર પુરુષોને ઉચિત હોવાથી વીરાસન, કાયરોને આ આસન ન હોય. બે હાથ આગળ સ્થાપના કરવાના છે, તે પર્યંકાસન માફક સ્થાપના કરવા. કેટલાક આને પદ્માસન પણ કહે છે. એક સાથળ ઉપર એક પગ આરોપણ કરવામાં અર્ધ પદ્માસન કહેવાય. હવે વજ્રાસન કહે છે -

**पृष्ठे वज्राकृतीभूते, दोर्म्यां वीरासने सति ।**

**गृहणीयात् पादयोर्यत्राङ्गुष्ठौ वज्रासनं तु तत् ।।**

પૂર્વે બતાવેલી રીત પ્રમાણે વીરાસન કર્યા પછી વજ્રની આકૃતિ માફક પાછળ બંને હાથ રાખી તે બંને પગના અંગુઠા પકડવા અર્થાત્ પીઠ પાછળ કરી વીરાસન પર રહેલા ડાબા પગના અંગુઠાને ડાબા હાથથી અને જમણા પગના અંગુઠાને જમણા હાથથી પકડવા, તેને વજ્રાસન કહે છે. કેટલાક તેને વેતલાસન કહે છે, મતાંતરે વીરાસન કહે છે.

**सिंहासनाधिरूढस्यासनापनयने सति ।**

**तथैवावस्थितिर्या तामेके विरासनं विदुः ।।**

સિંહાસન કે ખુરશી ઉપર બેઠેલા હોય, પગ નીચે ભૂમિને સ્પર્શતા હોય, ત્યાર પછી કોઇક સિંહાસન કે ખુરશી ખેંચી લે અને જે સ્થિતિ સિંહાસનના ટેકા વગરની હોય, તે પ્રમાણે રહેવું, તે વીરાસન. સિદ્ધાંતકારો કાયક્લેશના તપ-પ્રકરણમાં આ આસન જણાવે છે. પાતંજલો વીરાસનની વ્યાખ્યામાં એક પગ ઉપર ઉભા રહીને બીજો પગ વાંકો વાળી અદ્ધર રાખવો કહે છે. પદ્માસન કહે છે -

**जङ्घाया मध्यभागे तु, संश्लेषो यत्र जङ्घया ।**

**पद्मासन मिति प्रोक्तं, तदासनविचक्षणैः ।।**

એક જંઘાના મધ્ય ભાગમાં, બીજી જંઘા વડે જે સંશ્લેષ કરવો, તેને આસનના જાણકારો પદ્માસન કહે છે. ભદ્રાસન કહે છે -

**संपुटीकृत्य मुष्काग्रे, तलपादौ तथोपरि ।**

**पाणिकच्छपिकां कुर्याद्, यत्र भद्रासनं तु तत् ।।**

પગનાં બંને તળીયાં સામ-સામાં એકઠાં કરી અંડકોશ આગળ રાખી પગના તળીયા ઉપર બંને હાથનાં

આંગળા એક-બીજામાં ભીડાવી ગોઠવવાં, તે ભદ્રાસન કહેવાય, પાતંજલ ભદ્રાસનનું લક્ષણ આ પ્રમાણે કહે છે - પગનાં તળીયાને વૃષણની સમીપમાં સંપુટરૂપ બનાવીને તેના ઉપર બે હાથ આંગળીઓ માંહોમાંહે રાખી ગોઠવીને રાખવા. દંડાસન કહે છે -

**श्लिष्टाङ्गुली श्लिष्टगुल्फौ, भूश्लिष्टोरू प्रसारयेत्।**

**यत्रोपविश्य पादौ तद्, दण्डासनमुदीरितम्।।**

પગની અંગુલીઓ એકઠી રાખી ઘુંટીઓ એકઠી રાખી ભૂમિને સ્પર્શ કરે, તેમ સાથે બેસીને પગ લાંબા કરે, તે દંડાસન કહેવાય. પાતંજલ આ પ્રમાણે કહે છે કે - બેસીને આંગળીઓ જોડાએલી રહે, ઘુંટીઓ પણ જોડેલી હોય, સાથળ ભૂમિને સ્પર્શ કરતા હોય અને પગ લાંબા કરે, તેવા દંડાસનનો અભ્યાસ કરવો.

હવે ઉત્કટિકાસન અને ગોદોહિકાસન કહે છે -

**पुत-पार्ष्णिसमायोगे, प्राहुरुत्कटिकासनम्।**

**पार्ष्णिभ्यां तु भुवस्त्यागे, तत् स्याद् गोदोहिकाऽऽसनम्।।**

કેડની નીચેના કુલાઓને પગની પાની સાથે નીચે ભૂમિ ઉપર અડકાવીને રાખવા, તે ઉત્કટિકાસન કહેવાય, જે આસનમાં પ્રભુ મહાવીરને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું. કહેલું છે કે - ''જાંભિકા બહાર ઋજુવાલિકા નદીના કિનારે વૈશાખ સુદિ દશમીના દિવસે ત્રીજા પહોરે છટ્ઠતપમાં શાલવૃક્ષ નીચે ઉત્કટિકાસને રહેલા હતા, ત્યારે કેવલજ્ઞાન થયું.'' એ જ આસનમાં બે પાનીઓ ભૂમિનો ત્યાગ કરે અને ગાય દોહનાર જે આસને બેસે, તે પ્રમાણેનું આસન ગોદોહિકાસન કહેવાય છે. પ્રતિમા કલ્પી મુનિઓએ આ આસન કરવાનું હોય છે. હવે કાયોત્સર્ગ કહે છે -

**प्रलम्बितभुजद्वन्द्वमूर्ध्वस्थस्यासितस्य वा।**

**स्थानं कायानपेक्षं यत्, कायोत्सर्गः स कीर्तितः।।**

ઉભાં, બેઠાં કે સૂતાં બે હાથ લાંબા લટકતા રાખીને, કાયાની દરકાર વગરના રહેવું, તે કાયોત્સર્ગાસન. જિનકલ્પીઓ તથા છદ્મસ્થ તીર્થંકરોને આ આસન હોય છે. તેઓ ઉભા ઉભા જ કાયોત્સર્ગ કરે છે. સ્થવિરકલ્પીઓ તો ઉભા-બેઠા અને ઉપલક્ષણથી સૂતા સૂતા જેમ સમાધિ ટકે તેમ યથાશક્તિ કાયોત્સર્ગ કરે. એ પ્રમાણે સ્થાન - ધ્યાન - મૌનક્રિયા સાથે કાયાનો ત્યાગ તે કાયોત્સર્ગ.

આવા અનેક આસનો જણાવવામાં આવ્યા છે.

## પ્રાણાયામ (યોગશાસ્ત્રમાં)

**प्राणायामस्ततः कैश्चिद्, आश्रितो ध्यानसिद्धये।**

**शक्यो नेतरथा कर्तुं, मनः पवननिर्जयः।।**

આસન-જય કર્યા પછી ધ્યાનની સિદ્ધિ માટે પ્રાણાયામનો પતંજલિ આદિ યોગાચાર્યોએ આશ્રય કરેલો છે. પ્રાણાયામ તે કહેવાય, જેમાં મુખ અને નાસિકાની અંદર ફરતા વાયુને સર્વ પ્રકારે રોકવો - તેની ગતિનો છેદ કરવો એ પ્રમાણે કરવામાં ન આવે તો, મન અને પવનનો જય કરી શકાતો નથી. પ્રશ્ન કર્યો કે

પ્રાણાયામથી પવનનો વિજય કરી શકાય, તે વાત સ્વીકારી લઈએ, પણ મનનો વિજય કેવી રીતે બને ? તેના સમાધાનમાં જણાવે છે કે –

**मनो यत्र मरुत् तत्र, मरुद् यत्र मनस्ततः ।**

**अतस्तुल्य क्रियावेतौ, संवीतौ क्षीरनीरवत् ।।**

મન જયાં છે, ત્યાં પવન છે અને જયાં પવન છે, ત્યાં મન છે. આ કારણે સમાન ક્રિયાવાળા તે બંને દૂધ-પાણી ન્યાયે એક સાથે મળીને જ રહેનારા છે. સમાન ક્રિયા સમજાવે છે –

**एकस्य नाशेऽन्यस्य स्यात्, नाशो वृत्तौ च वर्तनम् ।**

**ध्वस्तयोरिन्द्रियमति-ध्वंसात् मोक्षश्च जायते ।।३।।**

મન અગર પવન બેમાંથી ગમે તે એકના નાશમાં બીજાનો નાશ થાય છે, એકની પ્રવૃત્તિ થાય, તો બીજાની પણ થવાની જ, મન અને પવનના વિનાશમાં ઇન્દ્રિય અને મતિનો નાશ થાય છે અને ઇન્દ્રિય અને મતિના નાશમાં મોક્ષ થાય છે. પ્રાણાયામનું લક્ષણ, તથા તેના ભેદો કહે છે –

**प्राणायामो गतिच्छेदः, श्वास-प्रश्वासयोर्मतः ।**

**रेचकः पूरकश्चैव, कुम्भकश्चेति स त्रीधा ।।**

બહારના વાયુને ગ્રહણ કરવો, તે શ્વાસ, ઉદરના કોઠામાં રહેલા વાયુને બહાર કાઢવો, તે નિશ્વાસ અગર પ્રશ્વાસ કહેવાય. તે બંનેની ગતિનો છેદ કરવો અર્થાત્ રોકવા, તે પ્રાણાયામ. તેના રેચક, પૂરક અને કુંભક એવા ત્રણ પ્રકાર છે.

**यत् कोष्टादतियत्नेन्, नासा-ब्रह्म-पुराननैः ।**

**बहिः प्रक्षेपणं वायोः, स रेचक इति स्मृतः ।।**

નાસિકા અને તાળવા પરના બ્રહ્મારંધ્રવડે અતિપ્રયત્નપૂર્વક કોઠામાંથી વાયુને બહાર ફેંકવો, તે રેચક પ્રાણાયામ કહેવાય. તથા –

**समाकृष्य यदापनात्, पूरणं स तु पूरकः ।**

**नाभिपद्मे स्थिरीकृत्य, रोधनं स तु कुम्भकः ।।**

બહારના વાયુને ખેંચીને કોઠામાં ગુદા સુધી પુરવો, તે પૂરક અને તેને નાભિ-કમળમાં કુંભ માફક સ્થિર કરવો, તે કુંભક કહેવાય.

## પ્રાણાયામ - સ્વરૂપ

શ્વાસોશ્વાસનું નિયમન અધ્યાત્મિક વિશ્વમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. શ્વાસોશ્વાસ એ જીવના પ્રાણ છે. તેથી જ એનું નિયમન પ્રાણાયામના નામે ઓળખાય છે.

**अपान द्वार मार्गेण निस्सरन्तं यथेच्छया ।**
**निरुन्ध्योर्ध्व प्रचाराप्तिम्प्रापयत्य निलंमुनिः ।।५४।।**

સાધુ-મુનિરાજ વાયુની પ્રાપ્તિ દશમ દ્વાર ગોચર કરે છે. વાયુ નિકળવાના માર્ગથી પોતાની ઇચ્છાથી નિકળતાને (વાયુને) મુલબન્ધન યુક્તિથી અટકાવે. મુલબન્ધન વિધિ જણાવતાં કહે છે – 'એડીથી અપાન દ્વારને દબાવીને વાયુને ઉપર ખેંચવું તે મુલબન્ધન કહે છે.'

## પૂરક પ્રાણાયામ

**द्वादशांगुल पर्यन्तं समाकृष्य समीरणम् ।**
**पूरयत्यतियत्नेन पूरक ध्यानयोगतः ।।५५।।**

મુનિરાજ પૂરક ધ્યાનના યોગથી અત્યંત પ્રયત્ન કરીને બાર અંગુલ બહારથી – ચારેબાજુથી હવાને ખેંચીને શરીરની અંદરની સર્વ નાડીઓને પૂર્ણ ભરે છે તે પૂરક પ્રાણાયામ કહેવાય છે.

## રેચક પ્રાણાયામ

**निस्सार्यते ततोयत्नान्नाभि पद्मोदरात्छनैः ।**
**योगिना योगसामर्थ्या द्रेचकाख्यः प्रभंजनः ।।५६।।**

પૂરક પ્રાણાયમ પછી યોગી સાધક યોગસામર્થ્ય અથવા પ્રાણાયામના અભ્યાસના બળથી વાયુને નાભિ કમલથી ધીરી ધીરે ઘણા પ્રયત્ન બહાર કાઢે છે. એને રેચક પ્રાણાયામ કહેવાય છે.

## કુમ્ભક પ્રાણાયામ

**कुंभवत् कुंभकंयोगी, श्वसननाभिपङ्कजे ।**
**कुंभकध्यानयोगेन, सुस्थिरंकुरुतेक्षणम् ।।५७।।**

યોગી કુંભક નામના પવનને નાભિ કમલથી કુંભક નામના ધ્યાન વડે ઘટના આકારે સ્થિર કરે છે. એને કુંભક ધ્યાન... કુંભક પ્રાણાયામ કહે છે.

## પવનજયથી મનોજય

**इत्येवं गन्धवाहाना - माकुञ्चनविनिर्गमौ ।**
**संसाध्य निश्चलं धत्ते, चित्तमेकाग्रचिंतने ।।५८।।**

જ્યાં મન છે ત્યાં પવન છે અને જ્યાં પવન છે ત્યાં મન છે. એમ કહેવાય છે દૂધ અને પાણી જેમ એકબીજામાં ભળી જાય છે અને એકરૂપ થઈ જાય છે તેમ મન અને પવન એકબીજાની સાથે એકરૂપ થયેલા છે. એકના નાશથી બીજાનો નાશ થાય છે. મનના નાશથી પવનનો નાશ થાય છે અને મનની પ્રવૃત્તિથી પવનની પ્રવૃત્તિ થાય છે. એથી જ મન અને પવનના વેગનો નાશ કરવાથી સર્વ ઇન્દ્રિયો ઉપર જીત મેળવી શકાય છે. ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એથી જ ઉપર જણાવેલા પૂરક-રેચક અને કુંભક ધ્યાનના ક્રમથી પવનને અંદર લેવાનું - છોડવાનું અને સંગ્રહ કરવાનું થાય છે, તેથી પવનને સાધન કરવાથી ચિત્ત એકાગ્ર થાય છે. મન સમાધિમાં નિશ્ચલ થાય છે. તેથી જ એમ કહેવાયું છે કે પવનને જીતવાથી મનને જીતાય છે.

### ભાવોનું પ્રાધાન્ય કહે છે -

**प्राणायाम: क्रम: प्रौढि रत्ररूढयैवदर्शिता ।**
**क्षपकस्य यत: श्रेण्यारोहे भावो हि कारणम् ।।५१।।**

પ્રાણાયામનું સ્વરૂપ - મહત્વ જણાવ્યું પરંતુ આત્મ ઉત્થાનમાં... ક્ષપક શ્રેણી આરોહણમાં કેવળ ભાવનું પ્રાધાન્ય છે. અહિં પ્રાણાયામનું જે સ્વરૂપ જણાવવામાં આવ્યું છે તે રુઢિ અને પ્રસિદ્ધિ માત્ર છે. ક્ષપકશ્રેણીવાળા સાધકને કેવળજ્ઞાન પામવામાં નિયમા ભાવની જ મુખ્યતા છે. પ્રાણાયામ કેવળ આડંબર માત્ર છે.

### શુક્લ ધ્યાન

**सवितर्क सविचारं सपृथक्त्व मुदाहृतम् ।**
**त्रियोगी योगिन: साधो राद्यंशुक्लं सुनिर्मलम् ।।६०।।**

મન, વચન, કાયાના શુદ્ધ વ્યાપારવાળા સાધુને પ્રથમ શુક્લધ્યાન કહ્યું છે. આ શુક્લધ્યાન કેવું છે ? તે જણાવતાં કહે છે તે સવિતર્ક છે એટલે વિવિધ પ્રકારના તર્કોથી યુક્ત છે. એનું આગળ નામ સવિચાર છે એટલે આ ધ્યાન અનેક વિચારોથી યુક્ત છે. આ શુક્લધ્યાનનું ત્રીજું વિશેષણ સપૃથક્ત્વ છે. જેમાં આત્માની અલગ વિચારણા છે. આ ત્રણ વિશેષણો યુક્ત શુક્લધ્યાન ત્રણ યોગવાળા શુદ્ધ સાધુને જ હોય છે.

**श्रुत चिन्ता वितर्कस्यात्, विचार: संक्रमोमत: ।**
**पृथक्त्वं सपादनेकत्वं, भवत्येतत्त्रयात्मकम् ।।६१।।**

પ્રથમ ત્રણ વિશેષણો યુક્ત શુક્લધ્યાન જણાવ્યું હવે તે ત્રણ વિશેષણોનું સ્વરૂપ જણાવે છે. શ્રુત ચિંતા એટલે ફક્ત સૂત્રનો જ વિચાર **વિતર્ક** કહેવાય છે. સૂત્રના શબ્દ અને અર્થનો પરસ્પર યોગ કરવો તે **સંક્રમ** કહેવાય છે. તે જ વિચારે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયની ભિન્નતા તે **પૃથક્ત્વ** છે.

## સવિતર્ક સ્વરૂપ

**સ્વશુદ્ધાત્માનુભુતાત્મા ભાવશ્રુતાવલંબનાત્ ।**
**અન્તર્જલ્પોવિતર્કઃ સ્યાત્, યસ્મિંસ્તત્સવિતર્કજમ્ ॥૬૨॥**

જે ધ્યાનમાં અન્તરંગ વિચારણા રૂપ ધ્વનિ થાય છે, તે સવિતર્ક ધ્યાન છે. તે શેનાથી હોય છે ? ધ્યાનથી જ હોય છે. આપણા નિર્મલ અંતરંગ આત્મભાવનો અનુભવ કરાવનાર આગમનું આલંબન કરવાથી થાય છે. એને સવિતર્ક ધ્યાન કહેવાય છે.

## સવિચાર સ્વરૂપ

**અર્થાદર્થાન્તરેશબ્દાત્ શબ્દાન્તરે ચ સંક્રમઃ ।**
**યોગાદ્યોગાન્તરે યત્ર, સવિચારં તદુચ્યતે ॥૬૩॥**

જે ધ્યાનમાં પૂર્વે જણાવેલ જે વિતર્ક વિચારણારૂપ અર્થ તેને અર્થાંતરમાં સંક્રમાવે તથા શબ્દને શબ્દાંતરમાં સંક્રમાવે તેવી જ રીતે યોગને યોગાંતરમાં સંક્રમાવે એવા ધ્યાનને સવિચાર સંક્રમ કહેવાય છે. આ સંક્રમણ યુક્ત એટલે સવિચાર ધ્યાન છે.

## સપૃથક્ત્વ સ્વરૂપ

**દ્રવ્યાદ્દ્રવ્યાંતરં યાતિ, ગુણાદ્યાતિ ગુણાન્તરમ્ ।**
**પર્યાયાદન્ય પર્યાયં, સપૃથક્ત્વંભવત્યતઃ ॥૬૪॥**


જે ધ્યાનમાં પૂર્વોક્ત વિતર્ક સવિચાર અર્થ - વર્ણ - યોગાંતરમાં સંક્રમાવે છે. અથવા ગુણને ગુણાંતરમાં અથવા પર્યાયને પર્યાયાંતરમાં પ્રાપ્ત કરે છે. તેને સપૃથક્ત્વ ધ્યાન કહે છે. પરંતુ ગુણ જો સાથે જ ઉત્પન્ન થાય છે એને ધર્મ એટલે ગુણ કહેવાય છે. જેવી રીતે સુવર્ણમાં પીતવર્ણ તે ગુણ છે અને ક્રમથી દ્રવ્યમાં જે પરિવર્તન થાય છે તે પર્યાય છે. જેવી રીતે અંગુઠી મુકુટ - હાર વિગેરે સર્વ સુવર્ણ દ્રવ્યના પર્યાય છે. આ જે પૂર્વે બતાવ્યા તે દ્રવ્ય-ગુણ, એના પર્યાયોના વિચારોથી પૃથક્ત્વ બુદ્ધિ થાય છે. જે ધ્યાનમાં તેને પૃથત્ક્ત્વ બુદ્ધિ થાય એવા ધ્યાનને સપૃથક્ત્વ જાણવું.

**इति त्रयात्मकं ध्यानं, ध्यानन् योगी समाहित: ।**
**स प्राप्नोति परांशुद्धिं सिद्धि श्री सौख्य कर्णिकाम् ॥६५॥**

સમાધિવાન યોગી પૂર્વોક્ત ત્રણ વિશેષણ યુક્ત શુક્લ ધ્યાનને ધ્યાતા ધ્યાતા ઉત્કૃષ્ટ શુદ્ધિને પ્રાપ્ત કરે છે. આ શુદ્ધિ કેવી છે ? મુક્તિરૂપ લક્ષ્મીના સુખને દેખાડનારી છે. મોક્ષ સુખનો સ્વાદ ચખાડનાર આ આત્મ વિશુદ્ધિ છે.

**यद्यपि प्रतिपात्येत च्छुक्लं ध्यानंप्रजायते ।**
**तथाप्यति विशुद्धत्वा दूर्ध्व स्थानं समीहते ॥६६॥**

યદ્યપિ આ શુક્લધ્યાન પતન શીલ છે તથાપિ અત્યંત વિશુદ્ધ છે. અહીંથી સાધક આગળના ગુણસ્થાન ચડવા દોડે છે તેથી આ અવસ્થા સારી (પ્રગતિશીલ) છે. આ ગુણસ્થાને ૨૬ પ્રકૃતિનો બંધ હોય છે... ૭૨ પ્રકૃતિનો ઉદય હોય છે. અને ૧૩૮ પ્રકૃતિની સત્તા હોય છે. આ વાત ક્ષપક શ્રેણીવાળાને આઠમા ગુણસ્થાને હોય છે.




## ૯. અનિવૃત્તિ ગુણસ્થાન

હવે ક્ષપક શ્રેણીવાળા ૯મા ગુણસ્થાને સાધુ મહાત્મા જે પ્રકૃતિઓ ખપાવે છે તે પાંચ ગાથાથી જણાવે છે.

**अनिवृत्ति गुणस्थानं तत: समधि गच्छति ।**
**गुणस्थनस्य तस्यैव भागेषु नवसु क्रमात ॥६७॥**

આઠમા ગુણસ્થાન પછી ક્ષપક શ્રેણીવાળો સાધક ક્ષપકશ્રેણીના નવમા ગુણસ્થાને જાય છે. નવમા ગુણસ્થાનના નવ ભાગ છે. હવે ક્યા ગુણસ્થાને કેટલી કર્મ પ્રકૃતિઓને ખપાવે છે તે જણાવે છે.

**गति:श्वाभ्रमी च तैरश्ची द्वेतयोरनुपूर्विके ।**
**साधारणत्व मुद्योत: सूक्ष्मत्वं विकलत्रयम् ।।६८।।**
**एकेन्द्रियत्वमातप: स्त्यानगृद्ध्यादिकत्रयम् ।**
**स्थावरत्वमिहाद्यंशे क्षीयंते षोडशेत्यमू: ।।६९।।**

નરકગતિ$_{૧}$, તિર્યંચગતિ$_{૨}$, નરકાનુપૂર્વી$_{૩}$, તિર્યંચાનુપૂર્વી$_{૪}$, સાધારણ નામ કર્મ$_{૫}$, ઉદ્યોત નામકર્મ$_{૬}$, સૂક્ષ્મ નામ કર્મ$_{૭}$, બેઇન્દ્રિય નામ કર્મ$_{૮}$, તેઇન્દ્રિય નામકર્મ$_{૯}$, ચઉરેન્દ્રિય નામકર્મ$_{૧૦}$, એકેન્દ્રિય નામકર્મ$_{૧૧}$, આતપ નામ કર્મ$_{૧૨}$, નિદ્રા$_{૧૩}$, નિદ્રાનિદ્રા$_{૧૪}$, પ્રચલા$_{૧૫}$, સ્થાવર નામકર્મ$_{૧૬}$, આ સોળ પ્રકૃતિઓ ક્ષપક શ્રેણીવાળો સાધક નવમા ગુણસ્થાનના પહેલા ભાગમાં ખપાવે છે.

**अष्टौमध्य कषायांश्च, द्वितीयेऽथतृतीयके ।**
**षंढत्वतुर्य के स्त्रीत्वं, हास्यषट्कं च पंचमे ।।७०।।**

આઠ મધ્ય કષાય અપ્રત્યાખ્યાનીય ક્રોધ$_{૧}$, માન$_{૨}$, માયા$_{૩}$, લોભ$_{૪}$, તથા પ્રત્યાખ્યાનીય ક્રોધ$_{૫}$, માન$_{૬}$, માયા$_{૭}$, લોભ$_{૮}$, તે નવમા ગુણસ્થાનના બીજા ભાગમાં ખપાવે છે.

ત્રીજા ભાગમાં નપુંસક વેદ ખપાવે છે.

ચોથા ભાગમાં સ્ત્રીવેદ ખપાવે છે.


પાંચમા ભાગમાં હાસ્ય$_{૧}$, રતિ$_{૨}$, અરતિ$_{૩}$, શોક$_{૪}$, ભય$_{૫}$, અને જુગુપ્સા આ છ પ્રકૃતિઓને ખપાવે છે.

**चतुर्थाशेषुशेषेषु क्रमेणैवातिशुद्धि त: ।**
**पुंवेदश्च तथा क्रोधो, मानो माया च नश्यति ।।७१।।**

છઠ્ઠા ભાગ વિષે આગળના ચાર ભાગમાં અનુક્રમથી પુરુષવેદ$_{૧}$, સંજ્વલન ક્રોધ$_{૨}$, સંજ્વલન માન$_{૩}$, સંજ્વલન માયા$_{૪}$ આ ચાર પ્રકૃતિઓને ધ્યાનથી ઉત્પન્ન થયેલી નિર્મળતાથી ખપાવે છે.

આ ગુણસ્થાનકે ૨ ૨ પ્રકૃતિઓ બંધમાં, ૬ ૬ પ્રકૃતિઓ ઉદયમાં અને ૧ ૦ ૩ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

નવમું ગુણસ્થાન : અનિવૃત્તિ બાદર




A – અનંતાનુબંધી
B – અપ્રત્યાખ્યાની
C – પ્રત્યાખ્યાની
D – નવ નો કષાય
E – સંજ્વલન

## ૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન

નવમા ગુણસ્થાન પછી ક્ષપક શ્રેણીવાળા મુનિ ભગવંત દસમા સૂક્ષ્મ સંપરાય નામના ગુણસ્થાને જાય છે. અહીં શું બને છે તે જણાવે છે –


**ततोऽसौ स्थूललोभस्य सूक्ष्मत्वं प्रापयन क्षणात् ।**
**आरोहति मुनिः सूक्ष्म संपरायं गुणास्पदम् ॥७२॥**

ક્ષણમાં ભાવોની શુદ્ધિથી સ્થૂલ લોભનો ચુરો કરીને સૂક્ષ્મ કરે છે. જેને કીટ્ટીકરણ કહેવાય છે. સંપરાય એટલે કષાય. સ્થૂલ નહીં પણ સૂક્ષ્મ અંશ જ્યાં કષાયનો છે તે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન છે.

આ ગુણસ્થાને ૧૭ પ્રકૃતિનો બંધ હોય છે. ૬૦ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તથા ૧૦૨ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

(ક્ષપક શ્રેણીવાળાને અગિયારમું ગુણસ્થાન હોતું નથી.)

દસમું ગુણસ્થાન : સૂક્ષ્મ સંપરાય





E – સંજ્વલન

## ૧૧. ઉપશાંત મોહ ગુણસ્થાન

**एकादशं गुणस्थानं क्षपकस्य भवेन्नहि ।**
**दशमात्सूक्ष्म लोभांशान् क्षपयन् द्वादशंव्रजेत ।।७३।।**

ક્ષપકશ્રેણી એ આરુઢ થયેલા ક્ષપક મહાત્માને અગિયારમું ગુણસ્થાન હોતું નથી. દસમા ગુણસ્થાને જ લોભના સૂક્ષ્મ અંશને અત્યંત સૂક્ષ્મ કરી એ સંજ્વલન લોભના કણને ખપાવીને સીધો જ બારમા ક્ષીણ મોહ ગુણસ્થાને પહોંચી જાય છે.




## ૧૨. ક્ષીણ મોહ ગુણસ્થાન

બારમા ક્ષીણ મોહ ગુણસ્થાને શુક્લધ્યાનનો બીજો ભેદ હોય છે તે જણાવે છે –

**अथ भूत्वास क्षीण मोहात्मा, वीतरागो महायतिः ।**
**पूर्ववद्भावसंयुक्तो, द्वितीयंशुक्लमाश्रयेत् ।।७४।।**

બારમા ગુણસ્થાનમાં રહેલા ક્ષપક શ્રેણીવાળા ક્ષીણમોહ સાધુ મહાત્માને આ ગુણસ્થાને શુક્લ ધ્યાનનો બીજો ભેદ હોય છે. પ્રથમ પાયાના ધ્યાનના સ્વરૂપને જણાવ્યું એ જ પ્રકારે બીજા પાયામાં ધ્યાતા ધ્યાન કરે છે. આ ગુણસ્થાને ક્ષપક કેવા સ્વરૂપે હોય છે તે જણાવે છે –

* ક્ષપક વીતરાગ હોય છે. વિશેષ રાગ-દ્વેષ રહિત હોય છે.
* મહાયતી એટલે યથાખ્યાત ચારિત્રવાળો હોય છે.

✻ વિશુદ્ધ ભાવ યુક્ત એટલે સારા-શુદ્ધ પરિણામવાળો હોય છે.

## શુક્લધ્યાનનું નામ

**अपृथकत्वमवीचारं, सवितर्क गुणान्वितम् ।**
**सध्यायत्येकयोगेन, शुक्लध्यानंद्वितीयकम् ।।७५।।**

આ ક્ષીણમોહ ગુણસ્થાનમાં રહેલો ક્ષપક શ્રેણીવાળો સાધુ (ત્રણ યોગમાંથી) એક યોગ કરીને શુક્લધ્યાનના બીજા ભેદનું ધ્યાન કરે છે. આ ધ્યાન કેવું છે ? તે જણાવતા કહે છે -

✻ અપૃથક્ત્વ એટલે પૃથક્ત્વ રહિત છે.

✻ અવિચાર એટલે વિચાર રહિત છે.

✻ પરંતુ સવિતર્ક એટલે વિતર્ક ગુણ યુક્ત છે.

ક્યા યોગવાળાને ક્યું શુક્લ ધ્યાન હોય છે એ જણાવતા સિદ્ધાંતમાં કહ્યું છે કે -

**एकं त्रियोगभाजा माद्यं स्यादपरमेकयोगवताम् ।**
**तनु योगिनां तृतीयं, नियोगिनां चतुर्थं तु ।।**

ત્રણ યોગવાળાને પહેલું શુક્લધ્યાન,
એક યોગવાળાને બીજું શુક્લધ્યાન
કેવળ કાયયોગવાળાને ત્રીજું શુક્લધ્યાન અને
અયોગીને ચોથું શુક્લધ્યાન હોય છે.

**निजात्मद्रव्यमेकं वा, पर्यायमथवा गुणम् ।**
**निश्चलंचिंत्यते यत्र, तदेकत्वं विदुर्बुधाः ।।७६।।**

ધ્યાન કરવા તત્પર થયેલા ધ્યાતાએ પોતાના શુદ્ધ આત્મદ્રવ્યને તથા પરમાત્મ દ્રવ્યને જાણી લીધું છે. પરમાત્મ દ્રવ્યના પર્યાયનું અથવા એના કોઇ એક ગુણનું નિશ્ચલ થઇને ચિંતવન કરે છે. આ ધ્યાનને જ એકત્વ કહે છે.

**यद्व्यंजनार्थ योगेषु, परावर्तविवर्जितम् ।**
**चिन्तनं तदविचारं, स्मृतं सद्ध्यान् कोविदैः ।।७७।।**

શાસ્ત્રની આમ્નાયના જાણકાર પંડીતોએ આ સદ્ધ્યાનને અવિચાર વિશેષણયુક્ત દ્વિતીય શુક્લધ્યાનનો ભેદ કહ્યો છે. આ ધ્યાન એવું છે જેમાં વર્ણ, અર્થ અને યોગનું ક્યાંય પરિવર્તન નથી. વર્ણમાં અથવા અર્થમાં જ ધ્યાતા સ્થિર બને છે. આ ધ્યાનમાં શબ્દ શબ્દાંતર પણ નથી આવું આ ચિંતન અવિચાર

કહેવાય છે.

શબ્દ, અભિધેય અને યોગમાં એક શબ્દથી બીજા શબ્દમાં, એક અર્થથી બીજા અર્થમાં, એક યોગથી બીજા યોગમાં જઇ ધ્યાન કરવું, એવા પરસાર સંક્રાંતિ રહિત, જે ધ્યાન શ્રુતાલંબનથી કરવું તે અવિચાર શુક્લધ્યાન છે.

**निजशुद्धात्मनिष्ठं हि, भावश्रुतावलंबनात् ।**
**चिन्तनंक्रियते यत्र, सवितर्कतदुच्यते ।।७८।।**

પોતાના શુદ્ધ પરમાત્મામાં ભાવશ્રુતનું આલંબન લઇને સૂક્ષ્મ વિચારનું ચિંતન કરે એને સવિતર્ક એટલે વિતર્ક સહિત ગુણોપેત બીજું શુક્લધ્યાન કહે છે.

**इत्येकत्वमविचारं सवितर्कमुदाहृतम् ।**
**तस्मिन् समरसीभावं, धत्तेरवात्मानुभूति तः ।।७९।।**

એકત્વ-અવિચાર અને સવિતર્ક રૂપ ત્રણ વિશેષણોથી યુક્ત બીજા ભેદવાળું શુક્લધ્યાન છે. આ બીજા શુક્લધ્યાનમાં વર્તતો થકો ધ્યાનનો કરનાર સાધક મહાત્મા સમરસી ભાવને પોતાના આત્મઅનુભવથી ધારણ કરે છે.

ધ્યાનના પ્રભાવથી આત્મા-પરમાત્મામાં એકાકાર બની જાય... લયલીન થઇ જાય... આત્મા-પરમાત્માનો જાણે ભેદ દૂર થઇ જાય... આત્મા પરમાત્મામય બની જાય. તે સમરસી ભાવ છે. પોતાના આત્માનુભવથી આવો ભાવ બીજા શુક્લધ્યાનમાં વર્તતા સાધકને થાય છે.


**इत्येतद्ध्यानयोगेन प्लुष्यत्कर्मेन्धनोत्करः ।**
**निद्रा प्रचलयोर्नाशं मुपान्त्ये कुरुते क्षणे ।।८०।।**

બીજા શુક્લધ્યાનના યોગથી સાધુ કર્મરૂપી સમિધ એટલે કાષ્ટને બાળીને ઉપાન્ત્ય સમયે નિદ્રા તથા પ્રચલા આ બે પ્રકૃતિઓનો નાશ કરે છે.

**अंत्ये दृष्टि चतुष्कं च, दशकं ज्ञानविघ्नयोः ।**
**क्षपयित्वा मुनिः क्षीणमोहः, स्यात्केवलात्मकः ।।८१।।**

ક્ષપક શ્રેણીએ આરૂઢ મુની ક્ષીણ મોહ ગુણસ્થાનના અંત સમયે ચક્ષુદર્શન$_{૧}$, અચક્ષુદર્શન$_{૨}$, અવધિદર્શન$_{૩}$, કેવલદર્શન$_{૪}$, જ્ઞાનાવરણીય પાંચ$_{૯}$, અંતરાયકર્મની પાંચ$_{૧૪}$,આ ચૌદ પ્રકૃતિઓને ખપાવીને મોહનીય કર્મના અંશથી રહિત થઇને **કેવળજ્ઞાન**થી યુક્ત બને છે.

આ ગુણસ્થાને એક શાતા વેદનીયનો બંધ...સત્તાવન (૫૭) પ્રકૃતિઓનો ઉદય છે તથા એકસો એક (૧૦૧) પ્રકૃતિની સત્તા હોય છે.




## ૧૩. સયોગી ગુણસ્થાન

**एवं च क्षीण मोहान्ता त्रिषष्ठि प्रकृति स्थितिः ।**
**पञ्चाशीतिर्जरद् वस्त्रप्रायाः शेषाः सयोगिनिः ॥८२॥**

પૂર્વ જણાવેલ ૬૩ પ્રકૃતિઓની સ્થિતિ ક્ષીણમોહ ગુણસ્થાન સુધી જ છે. ચોથા ગુણસ્થાનથી ત્રેસઠ પ્રકૃતિઓમાંથી ક્ષીણમોહ ગુણસ્થાન સુધી જે કર્મ પ્રકૃતિઓ ખપાવી છે તેમનો ક્રમ જણાવે છે.

(નરકાયુ) એક પ્રકૃતિનો ચોથા ગુણસ્થાને ક્ષય કર્યો...
(તિર્યંચાયુ) એક પ્રકૃતિનો પાંચમા ગુણસ્થાને ક્ષય કર્યો...
(દેવાયુ અને દર્શન- મોહનીય સપ્તક) આઠ પ્રકૃતિનો સાતમે ગુણસ્થાને ક્ષય કર્યો...
છત્રીસ પ્રકૃતિનો નવમે ગુણસ્થાને ક્ષય કર્યો...
સત્તર પ્રકૃતિનો બારમે ગુણસ્થાને ક્ષય કર્યો...
૧+૧+૮+૩૬+૧૭=૬૩

આ ત્રેસઠ પ્રકૃતિઓની સ્થિતિ ક્ષીણમોહ ગુણસ્થાન સુધી જ છે. બાકી રહેલી પંચ્યાશી (૮૫) પ્રકૃતિઓ જીર્ણ વસ્ત્ર તુલ્ય સયોગી ગુણસ્થાન સુધી રહે છે.

**भावोऽत्र क्षायिकः शुद्धः सम्यक्त्वं क्षायिकंपरम् ।**
**क्षायिकंहि यथाख्यात चारित्रं तस्य निश्चितम् ॥८३॥**

કેવલી ભગવંતને આ સયોગી ગુણસ્થાનમાં શુદ્ધ ક્ષાયિક ભાવ હોય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન તથા યથાખ્યાત નામનું ચારિત્ર હોય છે. આ સયોગી ગુણસ્થાને ઉપશમિક અથવા ક્ષાયોપશમિક ભાવ નથી. કારણ કે આ ગુણસ્થાને મોહનીયનો ક્ષય થઇ ગયેલો છે. તેથી આવા આત્માને ફક્ત-કેવળ ક્ષાયિક ભાવ જ હોય છે. સમ્યક્ત્વ અને ચારિત્ર પણ ક્ષાયિક ભાવના હોય છે.

## કેવળજ્ઞાન મહિમા

**चराचरमिंदंविश्वं, हस्तस्थामलकोपमम् ।**
**प्रत्यक्षंभासतेतस्य, केवलज्ञान भास्करः ॥८४॥**

એ કેવળજ્ઞાનરૂપી સૂર્ય આ ચરાચર એટલે જ ત્રસ-સ્થાવર રુપ સમસ્ત જગતને હાથમાં રહેલા આમળાના ફળની જેમ પ્રત્યક્ષ જુએ છે. જેવી રીતે આમળાના ફળને હાથમાં લેવાથી એની નસો વગેરે સર્વ અવયવ પ્રગટપણે દેખાય છે તેવી જ રીતે કેવલી ભગવંત પણ કેવળજ્ઞાનરુપી સૂર્યથી આ સમસ્ત જગતને જુએ છે.

અહીં કેવળજ્ઞાનને સૂર્યની ઉપમા ફક્ત વ્યવહારથી આપે છે પરંતુ કેવળજ્ઞાન અને સૂર્યમાં ઘણું જ અંતર છે. એવું કહેવાય છે કે ચંદ્ર-સૂર્ય ગ્રહ - ત્રણ આ સમસ્ત - બધા જ ભેગા થઇને પણ પ્રમાણવાળા (મર્યાદિત) ક્ષેત્રને જ પ્રકાશિત કરે છે પરંતુ કેવળજ્ઞાનથી તો સમસ્ત લોક અને અલોક પણ પ્રકાશિત થાય છે.

## તીર્થંકર નામકર્મ વિશેષતા

**विशेषात्तीर्थकृत्कर्म, येनास्त्यार्ज्जितमूर्ज्जितम् ।**
**तत्कर्मोदयतोऽत्रासौ स्याज्जिनेन्द्रोजगत्पतिः ॥८५॥**

જે જીવ વિશેષ કરીને અરિહન્તની ભક્તિ પ્રમુખ વીસસ્થાનક તપનું સેવન કરે છે તે જીવ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે કારણ કે એવો નિશ્ચય છે કે તીર્થંકર નામ કર્મના ઉપાર્જનમાં અરિહંતાદિક વીસ સ્થાનકની ભક્તિ મુખ્ય છે. આ વીસ સ્થાન આ પ્રમાણે છે - (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) આચાર્ય (૫) સ્થવિર (૬) ઉપાધ્યાય (૭) તપસ્વી (૮) જ્ઞાન (૯) દર્શન (૧૦) વિનય (૧૧) આવશ્યક (૧૨) શીલવ્રત (૧૩) ક્રિયા (૧૪) તપ (૧૫) ગૌતમ (૧૬) વૈયાવચ્ચ (૧૭) સમાધિ (૧૮) અપૂર્વજ્ઞાન ગ્રહણ (૧૯) શ્રુત ભક્તિ (૨૦) તીર્થ પ્રભાવના.

આ વીસ સ્થાનકોના સેવનથી જે જીવે તીર્થંકર નામ કર્મ પ્રાપ્ત કર્યું છે તે જીવ સયોગી ગુણસ્થાનકે તીર્થંકર નામ કર્મના ઉદયથી કેવલિ બનીને જગત્પતિ ત્રિભુવનાધિપતિ બને છે. તે જિનેન્દ્ર કહેવાય છે. જિન એટલે સામાન્ય કેવળી એમાં ઇન્દ્ર સમાન તે જિનેન્દ્ર.

**ससर्वातिशयैर्युक्तः सर्वामरनरैर्नतः ।**
**चिरंविजयतेसर्वो - त्तमं तीर्थप्रवर्त्तयन् ।।८६।।**

તીર્થંકર પ્રભુ ચોત્રીસ અતિશયોથી યુક્ત છે. આ ચોત્રીસ અતિશય ક્યા છે ? તે જણાવતાં કહે છે – (૧) ચાર અતિશય જન્મથી હોય છે (૨) અગિયાર અતિશય કર્મ ક્ષયથી છે. (૩) ઓગણીસ અતિશય દેવકૃત હોય છે. એવી રીતે (૪+૧૧+૧૯=૩૪) ચોત્રીસ સંપૂર્ણ અતિશય તીર્થંકર પ્રભુને હોય છે. મનુષ્યો અને દેવો એમને નમે છે... પૂજે છે... શ્રેષ્ઠ... સર્વોત્તમ ઉપદેશથી તીર્થંકરો શાસનને પ્રવર્તાવે છે.

**वेद्यतेतीर्थकृत्कर्म तेनसद्देशनादिभिः ।**
**भूतले भव्य जीवानां, प्रतिबोधादिकुर्वता ।।८७।।**

તીર્થંકર પરમાત્મા નિર્મલ દેશના આપીને ભૂતલને વિષે અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ કરતાં થકાં એટલે જ સર્વવિરતિ – દેશવિરતિ વગેરે વ્રતો આપીને તીર્થંકર નામકર્મને ભોગવે છે. ધર્મદેશના આપવામાં અગ્લાન બનીને તીર્થંકર નામકર્મ ભોગવે છે.

**उत्कृष्टतोऽष्टवर्षोनं पूर्वकोटीप्रमाणकम् ।**
**कालयावन्महीपीठे केवली विहरत्यलम् ।।८८।।**

કેવલજ્ઞાની ભગવંત પૃથ્વીપીઠ ઉપર ઉત્કૃષ્ટથી આઠ વર્ષ ઓછા પૂર્વ ક્રોડ વર્ષ પ્રમાણ કાળ સુધી સુવર્ણકમલ ઉપર પગ સ્થાપન કરીને વિચરે છે. અષ્ટ મહાપ્રાતિહાર્ય સહિત હોય છે. કરોડો સુર–અસુરોથી સેવાતા હોય છે ચરણ કમલ જેમના એવા તીર્થંકર પરમાત્મા મધ્યમ આયુષ્યવાળા હોય છે. અહીં જે આયુષ્ય સ્થિતિ જણાવી છે (દેશોના પૂર્વ ક્રોડ વર્ષ) તે સામાન્ય કેવલીની અપેક્ષાએ જણાવી.

## કેવલી સમુદ્‌ઘાત

**चेदायुषः स्थितिर्न्यूना, सकाशाद् वेद्यकर्मणः ।**
**तदातत्तुल्यतांकर्तुं समुद्घातं करोत्यसौ ।।८९।।**

જ્યારે કેવલી ભગવંતના વેદનીય કર્મની સ્થિતિથી આયુષ્ય કર્મની સ્થિતિ અલ્પ હોય છે, ત્યારે બન્નેને સમાન કરવા એટલે વેદનીય અને આયુષ્ય કર્મની સ્થિતિને સમાન કરવા કેવલી સમુદ્‌ઘાત કરે છે.


**दंडत्वं च कपाटत्वं, मन्थानत्वं च पूरणम् ।**
**कुरुते सर्वलोकस्य चतुर्भिः समयैरसौ ।।१०।।**

પ્રથમ સમુદ્‌ઘાતનું સ્વરૂપ જણાવે છે.


આત્મા સ્વસ્વભાવમાં રહેલા આત્મપ્રદેશોને સાત કારણથી પર સ્વભાવમાં પરિણમાવે છે. એને સમુદ્‌ઘાત કહે છે. આ સાત કારણ જણાવે છે - (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) વૈક્રિય સમુદ્‌ઘાત (૪) મરણ સમુદ્‌ઘાત (૫) તેજસ સમુદ્‌ઘાત (૬) આહારક સમુદ્‌ઘાત અને (૭) કેવલી સમુદ્‌ઘાત.

કેવલી સમુદ્‌ઘાત કેવળજ્ઞાનીને જ હોય બીજાને નહીં.

કેવલી સમુદ્‌ઘાતમાં કેવલી પ્રથમ સમયે પોતાના આત્મપ્રદેશોને ઉર્ધ્વ અને અધો લોકાન્ત સુધી શરીરની બહાર કાઢીને દંડ કરે છે. પછી બીજા સમયે આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ ફેલાવીને કપાટ કરે છે. ત્રીજા સમયે રવૈયાની રચના કરે છે. ચોથા સમયે સમસ્ત ચૌદ રાજલોકમાં આત્મપ્રદેશોને ફેલાવીને ચૌદરાજ લોક ભરી દે છે.






**एवमात्मप्रदेशानां प्रसारणविधानतः ।**
**कर्मलेशान् समीकृत्यो त्क्रमात्तस्मान्निवर्त्तते ॥९१॥**

ઉપરોક્ત વિધિથી કેવલી આત્મપ્રદેશોને ચૌદ રાજલોકમાં ફેલાવીને કર્મોની સ્થિતિને (સમ)સમાન કરે છે. કપડાને બેવડું-ચોવડું સુકાવીએ તો સુકાતા વાર લાગે પરંતુ જો એને ખોલીને સુકાવીએ તો જલ્દી સુકાઇ જાય છે. તેવી જ રીતે આત્મપ્રદેશો ફેલાવવામાં આવે તો કર્મની સ્થિતિ અલ્પ થઇ શકે છે. કર્મ નિર્જરા જલ્દી થઇ જાય છે.

કાર્ય સિદ્ધ થઇ ગયા પછી ફરીથી કેવલી પોતાની મૂળ સ્થિતિમાં આવવા માટે આત્મપ્રદેશોને સમેટે છે. આ ક્રિયા કેવી રીતે થાય છે ? તે જણાવે છે - પાંચમા સમયે ચૌદ રાજલોકમાં ફેલાયેલા આત્મપ્રદેશોને પાછા ખેંચે છે... છઠ્ઠા સમયે રવૈયાને સંહરે... સાતમે સમયે કપાટ સંહરે... આઠમા સમયે દંડને સંહરે અને સ્વભાવસ્થ થાય છે.

એવી રીતે આઠ સમયમાં કેવલી સમુદ્ઘાતની વિધિ સંપૂર્ણ થાય છે.

समुद्घातस्य तस्याद्ये, चाष्टमेसमये मुनिः ।
औदारिकाङ्गःस्यात्, द्विषद्सप्तमकेषुच ॥९२॥
मिश्रौदारिकयोगीच, तृतीयाद्येषुतुत्रिषु ।
समयेष्वेककर्माङ्ग, धरोनाहारकश्च सः ॥९३॥

કેવલજ્ઞાની ભગવંત કેવલી સમુદ્ઘાત કરતા હોય છે ત્યારે પહેલા તથા આઠમા સમયે ઔદારિક યોગવાળા હોય છે. બીજા, છટ્ઠા, અને સાતમે સમયે મિશ્ર ઔદારિક યોગ હોય છે. પરંતુ અહીં મિશ્રપણું કાર્મણ શરીરની સાથે ઔદારિક શરીરનું જાણવું. ત્રીજા-ચોથા અને પાંચમા સમયમાં કેવળ કાર્મણયોગ હોય છે. જ્યારે કેવળ કાર્મણ કાયયોગ હોય છે ત્યારે એ ત્રણ સમયમાં કેવલી અણાહારી હોય છે... બાકી સમયમાં આહારી હોય છે.

કેવલી સમુદ્ઘાત નિયમથી આઠ સમયનો હોય છે.

यः षण्मासाधिकायुष्को, लभते केवलोद्गमम् ।
करोत्यसौ समुद्घात, मन्ये कुर्वन्ति वानवा ॥९४॥

છ મહિનાથી અધિક આયુષ્યવાળા કેવળજ્ઞાની કેવળજ્ઞાનને પામે છે તે નિયમા કેવલી સમુદ્ઘાત કરે છે. કેવળજ્ઞાન પામતી વખતે જેમનું આયુષ્ય છ મહિનાથી ઓછું હોય તેના માટે સમુદ્ઘાતની ભજના છે. એ સમુદ્ઘાત કરે પણ અને ન પણ કરે.

समुद्घातान्निवृत्तोऽसौ मनोवाक्काययोगवान् ।
ध्यायेद्योगनिरोधार्थं शुक्लध्यानं तृतीयकम् ॥९५॥

મન, વચન, કાયાના યોગવાળા કેવળી ભગવંત, કેવલી સમુદ્ઘાતથી નિવૃત્ત થઈને યોગ રૂંધવા માટે ત્રીજા શુક્લધ્યાનને ધ્યાવે છે... આદરે છે.

आत्मस्पंदात्मिका सूक्ष्मा, क्रियायत्रानिवृत्तिका ।
तत्तृतीयभवेच्छुक्लं सूक्ष्मक्रिया निवृत्तिकम् ॥९६॥

કેવલી ભગવંતને કેવલી સમુદ્ઘાત પછી ત્રીજું સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ નામનું શુક્લધ્યાન હોય છે. આ શુક્લધ્યાનમાં આત્મવ્યાપાર રુપ સૂક્ષ્મક્રિયાથી નિવૃત્તિ નથી હોતી. એટલે આત્મવ્યાપાર રુપ સૂક્ષ્મક્રિયા હોય છે. પરંતુ સ્થૂલ ક્રિયાથી નિવૃત્તિ હોય છે.

આગળ ચાર ગાથાઓ દ્વારા મન વચન કાયાને સૂક્ષ્મ કરે છે તે જણાવે છે -

**बादर काययोगेस्मिन् स्थितिं कृत्वा स्वभावत: ।**
**सूक्ष्मीकरोति वाक्चित्त, योगयुग्मं स बादरम् ।।९७।।**

કેવલી ભગવંત સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ નામના ત્રીજા શુક્લધ્યાન પછી અચિંત્ય આત્મવીર્ય શક્તિથી બાદર કાયયોગમાં સ્વભાવથી સ્થિતિ કરીને બાદર વચન તથા બાદર મનોયોગને સૂક્ષ્મ કરે છે.

**त्यक्त्वा स्थूलं वपुर्योगं, सूक्ष्म वाक्चित्तयो: स्थितिम् ।**
**कृत्वा नयति सूक्ष्मत्वं, काययोगं च बादरम् ।।९८।।**

કેવલી ભગવંત સ્થૂલ-બાદર કાયયોગનો ત્યાગ કરીને સૂક્ષ્મ વચન યોગને વિષે અથવા સૂક્ષ્મ મનોયોગને વિષે સ્થિતિ કરીને બાદર કાયયોગને સૂક્ષ્મ કરે છે.

**ससूक्ष्मकाययोगेऽथ, स्थितिं कृत्वापुन:क्षणम् ।**
**निग्रहं कुरुते सद्य:, सूक्ष्मवाक्चित्तयोगयो: ।।९९।।**

કેવલી ભગવંત સૂક્ષ્મકાયયોગમાં ક્ષણમાત્ર સ્થિતિ કરીને તત્કાળ સૂક્ષ્મકાયયોગનો તથા સૂક્ષ્મમનોયોગનો નિગ્રહ કરીને એટલે સર્વ પ્રકરના સૂક્ષ્મ મન-વચનના યોગના સંભવનો અભાવ કરે છે.

**तत: सूक्ष्मे वपुर्योगे, स्थिति: कृत्वा क्षणं हि स: ।**
**सूक्ष्मक्रियं निजात्मानं, चिद्रूपं विन्दति स्वयम् ।।१००।।**

કેવલી ભગવંત સૂક્ષ્મ કાયયોગમાં ક્ષણવાર સ્થિતિ કરીને નિજ આત્મદ્રવ્યને સૂક્ષ્મ ક્રિયા ચિદ્રૂપ સ્વયં અનુભવ કરે છે. કેવલી ભગવંત ક્ષણવાર સૂક્ષ્મ કાયયોગમાં રહીને પ્રગટ રીતે સૂક્ષ્મ ક્રિયા અને જ્ઞાનરૂપ પોતાના આત્માને પોતે જ અનુભવે છે.

**छद्मस्थस्य यथा ध्यानं, मनस: स्थैर्यमुच्यते ।**
**तथैव वपुष: स्थैर्यं, ध्यानं केवलीनो भवेत् ।।१०१।।**

જેવી રીતે છદ્મસ્થ સાધુનું મનઃ સ્થિર થાય છે એને જ ધ્યાન કહે છે.
એવા પ્રકારે શરીરનું નિશ્ચલ હોવું એ જ કેવલી ભગવંતની દૃષ્ટિએ ધ્યાન છે.

## શૈલેશીકરણ

**शैलेषीकरणारंभी, वपुर्योगे स सूक्ष्मके ।**
**तिष्टन्नुद्धर्वास्पदं शीघ्र, योगातीतं यियासति ।।१०२।।**

કેવલી ભગવન્ત જેમનું આયુષ્ય ફક્ત પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલું જ છે તથા પર્વત સમાન

જેમનું શરીર નિશ્ચલ છે એમને શુક્લધ્યાનના ચોથા પાયાના ધ્યાન સ્વરૂપે શૈલેશીકરણ હોય છે.


સૂક્ષ્મ કાયા યોગમાં રહીને પર્વતની જેમ સ્થિર રહેવું એ જ શૈલેશીકરણ છે. આ શૈલેશીકરણનો પ્રારંભ કરીને ચૌદમા અયોગી ગુણસ્થાને જવાની તૈયારી કરે છે.

સયોગી કેવલી ગુણસ્થાનના અંતે શું બને છે તે જણાવે છે –

**अस्यांन्त्येऽङ्गोच्छेदात् स्वप्रदेश घनत्वत: ।**
**करोत्यं त्यांगसंस्थान त्रिभागोनावगाहनम् ।।१०३।।**

આ સયોગી ગુણસ્થાનના અંતમાં અંતિમ સમયે ઔદારિક દ્વિક, વિહાયોગતિ દ્વિક, પ્રત્યેક ત્રિક, સંસ્થાન ષટક્, અગુરુલઘુ ચુતષ્ક, વર્ણાદિ ચતુષ્ક, નિર્માણ નામ કર્મ, તેજસ કાર્મણ દ્વિક, પ્રથમ સંઘયણ, સ્વર દ્વિક, એક વેદનીય આ ત્રીસ પ્રકૃતિઓનો ઉદયમાં વિચ્છેદ થાય છે. અંગોપાંગના ઉદયનો વિચ્છેદ થવાથી જે અંતમાં અંગની અવગાહના હતી તેથી ત્રિભાગન્યુન અવગાહના કરે છે. સામાન્યથી શરીર આખામાં આત્મા વ્યાપ્ત હોય છે પરંતુ અહીં તેના પોલાણના ભાગો પુરાઇ જતાં ⅓ ભાગ ઘટીને ⅔ ભાગનો ઘન રહે છે. (શરીર છ ફૂટનું હોય તો ⅓ એટલે ૨ ફુટ ઓછું થઇને ⅔ એટલે ૪ ફુટની અવગાહના રહે છે.)

આ ગુણસ્થાનકમાં એક માત્ર વેદનીય કર્મનો બન્ધ છે. બેંતાલીસ પ્રકૃતિઓનો ઉદય છે અને પંચ્યાશી (૮૫) પ્રકૃતિની સત્તા હોય છે.



## (૧૪) અયોગી ગુણસ્થાન

**अथायोगिगुणस्थाने, तिष्ठतोऽस्य जिनेशितुः ।**
**लघुपंचाक्षरोच्चार, प्रमितैववास्थितिर्भवेत् ।।१०४।।**

કેવલી ભગવંત જ્યારે સૂક્ષ્મ કાયયોગને રુંધે છે ત્યારે જ આત્માને શરીરથી છૂટું પાડવાનું મહત્વનું કાર્ય થઇ ગયેલું હોય છે. બાકી કર્મોનો ક્ષય થતાં જ એક સમયમાં આત્મા સિદ્ધશીલા ઉપર પહોંચી જાય છે. ચૌદમા ગુણસ્થાનકની સ્થિતિ જ પાંચ હ્રસ્વાક્ષર **અ,ઇ,ઉ,ઋ,લૃ** બોલીએ એટલી જ હોય છે.

**तत्रानिवृत्ति शब्दान्तं समुच्छिन्नक्रियात्मकम् ।**
**चतुर्थंभवतिध्यान-मयोगिपरमेष्ठिनः ।।१०५।।**

અયોગી ભગવંતને અયોગી ગુણસ્થાનકે સમુચ્છિન્નક્રિયા નામનું ચોથું શુક્લધ્યાન હોય છે. જેનું સ્વરૂપ આગળ જણાવવામાં આવશે. આ ધ્યાનના અંતમાં અનિવૃત્તિ શબ્દ છે. એટલે ધ્યાનનું નામ સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ એવું થાય છે.

**समुछिन्नाक्रियायत्र सूक्ष्मयोगात्मिकापिहि ।**
**समुछिन्नक्रियंप्रोक्तं, तद्द्वारं मुक्ति वेश्मनः ।।१०६।।**

જે ધ્યાનમાં સૂક્ષ્મ કાયયોગ રૂપ ક્રિયાની સર્વથા નિવૃત્તિ થાય છે, તે ધ્યાન સમુછિન્ન ક્રિયા નિવૃત્તિ કહેવાય છે. આ ધ્યાન મુક્તિ મહેલના પ્રવેશદ્વાર સમાન છે.

શિષ્ય દ્વારા કરવામાં આવેલા પ્રશ્ન જણાવે છે –

**देहाऽस्तित्वेस्त्ययोगित्वं कथं तद् घटते प्रभो ।**
**देहाभावे तथा ध्यानं, दुर्घटं घटते कथम् ।।१०७।।**

શિષ્ય ગુરુને પ્રશ્ન પૂછે છે – ‘‘હે સ્વામીન્ ! સૂક્ષ્મ કાયયોગ હોવા છતાં અયોગીપણું કેવી રીતે ઘટી શકે ?’’

સૂક્ષ્મકાય યોગનો પણ અભાવ હોય તો ધ્યાન કેવી રીતે સંભવી શકે ? દેહના અભાવમાં ધ્યાનનો પણ અભાવ હોવો જોઇએ કારણ કે દેહ વિના ધ્યાન ન થઇ શકે.

આચાર્ય ભગવંત શિષ્યના પ્રશ્નનો જવાબ આપે છે –

वपुषोऽत्रातिसूक्ष्मत्वा  च्छीघ्रंभाविक्षयत्वत: ।
कायाकार्यसमर्थत्वात् सतिकायेप्ययोगता ।।१०८।।
तच्छरीराश्रयाद्ध्यान  मस्तीतिनविरुध्यते ।
निजशुद्धात्मचिद्रुप  निर्भरानन्दशालिन: ।।१०९।।

હે શિષ્ય ! આ અયોગી ગુણસ્થાનનો સૂક્ષ્મ કાયયોગ છે તો પણ તે અયોગી કહેવાય છે કારણ કે ત્યાં કાયયોગની અત્યંત સૂક્ષ્મતા છે. તેમજ આ સૂક્ષ્મકાયયોગ કાર્યનું સાધન બનવામાં અસમર્થ છે. તેથી જ તે સૂક્ષ્મકાયયોગ હોવા છતાં અયોગી કહેવાય છે.

શરીર હોવાથી અથવા સૂક્ષ્મ કાયયોગનો આશ્રય કરવા છતાં ધ્યાન હોય એમાં કોઇ વિરોધ ન હોઇ શકે. અયોગી ગુણસ્થાનવર્તી પરમેષ્ઠિ છે તે પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં અત્યંત આનંદ માણે છે એટલે એને ધ્યાન કહેવામાં પણ કાંઇ અયોગ્ય નથી.

## ધ્યાનમાં નિશ્ચય - વ્યવહાર

आत्मानमात्मनात्मैव, ध्याता ध्यायति तत्वत: ।
उपचारस्तदन्योहि, व्यवहारनयाश्रित: ।।११०।।

અયોગી ગુણસ્થાનવર્તી કેવલી ભગવંત નિશ્ચયનયથી જે વિચારે છે તે તો પોતાના આત્મ દ્રવ્ય દ્વારા આત્માનું જ ધ્યાન કરે છે અને જે અષ્ટાંગ યોગ ધ્યાન છે તે કેવળ વ્યવહાર માત્ર છે.

चिद्रूपात्ममयोयोगी, ह्युपान्त्यसमये द्रुतम् ।
युगपत्क्षपयेत् कर्म-प्रकृतिनां द्विसप्ततिम् ।।१११।।

અયોગી ગુણસ્થાનવર્તી કેવલજ્ઞાની યોગી અયોગી ગુણસ્થાનમાં ઉપાંત્ય સમયમાં સમકાળે બહુંતેર (૭૨) કર્મ પ્રકૃતિઓને ખપાવે છે.

આ બહુંતેર પ્રકૃતિઓ કઇ કઇ છે તે જણાવે છે -

देह बंधन संघाता प्रत्येकं पंच पंच च ।
अंगोपांग त्रयं चैव, षट्कं संस्थान संज्ञकम् ।।११२।।

શરીર$_{૫}$, બંધન$_{૫}$, સંઘાતાન$_{૫}$, અંગોપાંગ$_{૩}$, સંસ્થાન$_{૬}$, આ ૨૪ પ્રકૃતિ.

वर्णा: पंच रसा: पंच, षट्कं संहननात्मकम् ।
स्पर्शाष्टकं च गंधौ द्वौ, नीचानादेयदुर्भगम् ।।११३।।

પાંચ વર્ણ$_{૨૯}$, પાંચ રસ$_{૩૪}$, છ સંઘયણ$_{૪૦}$, આઠ સ્પર્શ$_{૪૮}$, બે ગંધ$_{૫૦}$, નીચ ગોત્ર$_{૫૧}$, અનાદેય નામ કર્મ$_{૫૨}$, તથા દૌર્ભાગ્ય નામ કર્મ$_{૫૩}$

**तथागुरुलघुत्वाख्य-मुपघातोऽन्यघातिता: ।**
**निर्माणमपर्याप्त-मुच्छावासश्चायशस्तथा ।।११४।।**

અગુરુલઘુ નામ કર્મ$_{૫૪}$, ઉપઘાત નામકર્મ$_{૫૫}$, પરાઘાત નામ કર્મ$_{૫૬}$, નિર્માણનામ કર્મ$_{૫૭}$, અપર્યાપ્ત નામ કર્મ$_{૫૮}$, શ્વાસોશ્વાસ નામ કર્મ$_{૫૯}$, તથા અયશ નામ કર્મ$_{૬૦}$.

**विहायोगतियुग्मंच, शुभास्थैर्यद्वयंपृथक् ।**
**गतिर्दिव्यानुपूर्वीच, प्रत्येकंच स्वरद्वयं ।।११५।।**

શુભવિહાયો ગતિ$_{૬૧}$, અશુભવિહાયો ગતિ$_{૬૨}$, શુભ નામ કર્મ$_{૬૩}$, અશુભ નામ કર્મ$_{૬૪}$, સ્થિર નામ કર્મ$_{૬૫}$, અસ્થિર નામ કર્મ$_{૬૬}$, દેવગતિ$_{૬૭}$,દેવાનુપૂર્વી$_{૬૮}$, પ્રત્યેક નામ કર્મ$_{૬૯}$, સુસ્વરનામ કર્મ$_{૭૦}$ તથા દુઃસ્વર નામ કર્મ $_{૭૧}$.

**वेद्यमेकतरंचेति, कर्मप्रकृतय: खलु ।**
**द्वासप्ततिरिमामुक्ति पुरीद्वारार्ग लोपमा: ।।११६।।**

એક શાતા અથવા અશાતા વેદનીય આ બહુંતેર પ્રકૃતિઓ ચૌદમા ગુણસ્થાનનો એક સમય બાકી હોય એથી પૂર્વે ખપાવે છે. આ બહુંતેર પ્રકૃતિઓ કેવી છે તે જણાવતા કહે છે કે આ પ્રકૃતિઓ મુક્તિનગરીના દ્વારના અર્ગલા (આંગળીયા) સમાન છે. જેવી રીતે દરવાજાની પાછળ રહેલ અર્ગલા લગાડવાથી ખોલવું કઠીન બની જાય. એવી જ રીતે જ્યાં સુધી આ બહુંતેર પ્રકૃતિઓ રહે છે ત્યાં સુધી જીવ મુક્તિનગરીમાં પ્રવેશ કરી શકતો નથી. તેથી તે અર્ગલા સમાન છે.

**अन्त्येह्येकतरंवेद्य - मादेयत्वंचपूर्णता ।**
**त्रसत्वंबादरत्वंहि मनुष्यायुश्चसद्यश:   ।।११७।।**


અયોગી કેવલી ગુણઠાણના અંત સમયને વિષે કેવલી ભગવંત વેદનીય એક$_{૧}$, આદેયનામ કર્મ$_{૨}$, પર્યાપ્ત નામ કર્મ$_{૩}$, ત્રસ નામ કર્મ$_{૪}$, બાદર નામ કર્મ$_{૫}$, મનુષ્યાયુ$_{૬}$, યશ નામ કર્મ$_{૭}$, આ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

**नृगतिश्चानुपूर्वीच, सौभाग्यंचोच्चगोत्रतां ।**
**पंचाक्षत्वं तथा तीर्थ-कृन्नामेति त्रयोदश ॥११८॥**

તથા મનુષ્યગતિ નામ કર્મ$_{૮}$, મનુષ્યાનુપૂર્વી નામ કર્મ$_{૯}$, સૌભાગ્ય નામ કર્મ$_{૧૦}$, ઉચ્ચગોત્ર$_{૧૧}$, પંચેન્દ્રિય જાતિ નામ કર્મ$_{૧૨}$, તથા તીર્થંકર નામ કર્મ$_{૧૩}$, એ તેર પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

**क्षयं नीत्वा स लोकान्तं, तत्रैव समये व्रजेत् ।**
**लब्धसिद्धत्वपर्याय: परेमष्ठी सनातन: ॥११९॥**

કેવલી ભગવંત ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે પૂર્વે કહેલી તેર પ્રકૃતિઓનો ક્ષય કરીને એક સમયમાં લોકના અંતમાં રહેલા સ્થાનમાં જાય છે... મુક્તિમાં જાય છે. સિદ્ધ પર્યાયને પ્રાપ્ત કરે છે.




ચૌદમા ગુણસ્થાનકે બે સમય બાકી હોય એના પહેલા પંચ્યાસી ( ૮૫ ) પ્રકૃતિની સત્તા હોય છે.. એક સમય બાકી હોય ત્યારે તેર ( ૧ ૩ ) પ્રકૃત્તિની સત્તા હોય છે... અંત સમયે સત્તા રહિત થઈને મુક્તિમાં જાય છે.

# ક્ષપક શ્રેણિ સ્થાપના

| | |
|---|---|
| સિદ્ધ પદ | |
| ૧૩ પ્રકૃતિ | ૧૪ મે ક્ષય (અન્તે) |
| ૭૨ પ્રકૃતિ | ૧૪ મે ક્ષય (ઉપાન્ત્યે) |
| ૫ જ્ઞાના. ૪ દર્શના. ૫ અંતરાય | ૧૨ મે ક્ષય (અન્તે) |
| ૨ નિદ્રા | ૧૨ મે ક્ષય (ઉપાન્ત્યે) |
| સંજ્વલન લોભ ૧ | ૧૦ મે ક્ષય |
| સંજ્વલન માયા ૧ | ૯ માના ૯ માં ભાગે |
| સંજ્વલન માન ૧ | ૯ માના ૮ માં ભાગે |
| સંજ્વલન ક્રોધ ૧ | ૯ માના ૭ માં ભાગે |
| પુરૂષવેદ ૧ | ૯ માના ૬ઠ્ઠા ભાગે |
| હાસ્ય ષટક્ ૬ | ૯ માના ૫ મે ભાગે |
| સ્ત્રી વેદ ૧ | ૯ માના ૪ થે ભાગે |
| નપુંસક વેદ ૧ | ૯ માના ૩ જે ભાગે |
| મધ્ય કષાય ૮ | ૯ માના ૨ જે ભાગે |
| એકેન્દ્રિયાદિ ૧૬ | ૯ માના ૧ લે ભાગે |
| દેવાયુ, નરકાયુ, તિર્યંચાયુ ૩ | ૭-૪-૫ ગુણસ્થાને |
| સમ્યક્ત્વ મોહનીય ૧ | ૪-૫-૬-૭ માનાં કોઈ પણ ગુણસ્થાને |
| મિશ્ર મોહનીય ૧ | |
| મિથ્યાત્વ ૧ | |
| અનંતાનુબંધી ૪ ક્રોધ-માન-માયા-લોભ | |

# સિદ્ધ ભગવંતની ઉર્ધ્વગતિ

**पूर्व प्रयोग तोऽसंग - भावाद्बंधविमोक्षतः ।**
**स्वभावपरिणामाच्च, सिद्धस्योर्ध्वगतिर्भवेत् ।।१२०।।**

કર્મોથી રહિત જે સિદ્ધ ભગવંત એમની એક સમયમાં ઉર્ધ્વગતિ થાય છે. ઉર્ધ્વગતિના હેતુ જણાવે છે-(૧) પૂર્વપ્રયોગ (૨) અસંગ (૩) બંધવિમોક્ષ અને (૪) સ્વભાવ.

ઉપરોક્ત ચાર હેતુથી જીવ કર્મક્ષય કરતાં જ સિદ્ધશીલા ઉપર સ્થિર થાય છે. આ ચારે હેતુને દૃષ્ટાંત સહિત આગળ સમજાવે છે.

**कुलालचक्रदोलेषु - मुख्याणां हि यथा गतिः ।**
**पूर्वप्रयोगतः सिद्धाः, सिद्धस्यो र्ध्वगतिस्तथाः ।।१२१।।**




જેવી રીતે કુંભારના ચક્ર તથા ધનુષ્યમાંથી છોડાયેલું તીર, ગોફણમાંથી નીકળેલ પત્થર એમની ગતિ જેમ પૂર્વ પ્રયોગથી હોય છે તેવી રીતે સિદ્ધ પરમાત્માની પણ ગતિ પૂર્વ પ્રયોગથી થાય છે.

**मृल्लेपसंगनिर्मोक्षाद्यथा दृष्टा प्स्वलाबुनः ।**
**कर्मसंग विनिर्मोक्षात्तथा सिद्धिगतिः स्मृता ।।१२२।।**

જેવી રીતે માટીના લેપ અલગ થવાથી તુંબડુ સ્વયંમેવ પાણી ઉપર આવી જાય છે. તુંબડા ઉપર માટીનો લેપ કરીને પછી એને પાણીમાં છોડી દેવામાં આવે તો તુંબડું પહેલા પાણીમાં નીચે બેસી જાય. પણ જેમ માટીનો સંગ છૂટી જાય તો સ્વયંમેવ ઉર્ધ્વગતિ પામીને ઉપર આવી જાય છે. તેવી જ રીતે કર્મનો સંગ છૂટી જાય તો આત્માની અસંગથી ઉર્ધ્વગતિ થાય છે.




**एरण्डफलबीजादे र्बंध छेदाद्यथागतिः ।**
**कर्मबंधनविच्छेदा त्सिद्धस्यपि तथेक्ष्यते ।।१२३।।**




એરંડાના ફળના બીજની જેમ બંધછેદથી સિદ્ધ પરમાત્માની ઉર્ધ્વગતિ થાય છે. જેવી રીતે એરંડીયાના ફળ પરિપક્વ થાય છે ત્યારે તડકો લાગવાથી એના ફળના બંધન તુટે છે અને બી ઉછળીને દૂર પડે છે તેમજ કર્મરૂપી બંધન તુટવાથી સિદ્ધ ભગવંતની ઉર્ધ્વગતિ થાય છે.

**यथाधस्तिर्यगुर्ध्वंच, लेष्टु वाय्वग्निवीचयः ।**
**स्वभावतः प्रवर्त्तन्ते, तथोर्ध्वगतिरात्मनः ।।१२४।।**

જેવી રીતે પત્થરનો નીચે પડવાનો સ્વભાવ છે, વાયુનો તિર્ચ્છીગતિનો સ્વભાવ છે અને અગ્નિની જ્વાળાનો સ્વભાવ ઉપર જવાનો છે તેવી જ રીતે આત્માનો સ્વભાવ ઉપર જવાનો છે.



**न चाधौ गौरवाभावान्न तिर्यकप्रेरकंविना ।**
**न च धर्मास्तिकायस्याभावालो कोपरिव्रजेत् ॥१२५॥**

સિદ્ધોની ઉર્ધ્વગતિ જણાવી તેથી કોઇ શંકા કરે કે સિદ્ધ જીવો નીચે અથવા તિર્ચ્છા કેમ ગતિ ન કરે ? તેનું સમાધાન કરતા જણાવે છે કે કોઇ વસ્તુ ભારે વજનવાળી હોય તો તે નીચે પડે (દા.ત. પત્થર) અને સિદ્ધના જીવો તો કર્મગુરુતા રહિત છે... હલકા છે તેથી નીચે ગતિ ન કરે. તેવી જ રીતે કર્મરહિત હોવાથી કોઇ પ્રેરક બળ ન હોવાથી તિર્ચ્છા પણ ગતિ ન કરે.

ઉપરના લોકાન્ત સુધી જ કેમ જાય છે ? અલોકમાં કેમ નહીં ? એવી શંકાનું સમાધાન કરતા કહે છે કે ગતિ સહાયક ધર્માસ્તિકાય અલોકમાં ન હોવાથી અલોકમાં સિદ્ધના જીવો જઇ શકતા નથી.

**मनोज्ञा सुरभिस्तन्वी, पुण्यापरमभासुरा ।**
**प्राग्भारा नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ॥१२६॥**

ઇસદ્પ્રાગ્ભારા નામની પૃથ્વીને સિદ્ધશીલા કહે છે. આ સિદ્ધશીલા ચૌદ રાજલોકના મસ્તક ઉપર છે. સિદ્ધશીલા પૃથ્વીની ઉપર લોકના અંતે છે. આ લોકાંતને સ્પર્શીને સિદ્ધ પરમાત્માના આત્મપ્રદેશો રહેલા છે. ઇસદ્પ્રાગ્ભારા પૃથ્વી કેવી છે ? તે જણાવતાં કહે છે કે આ પૃથ્વી જોનારાના મનને હરણ કરનારી છે. કપુરાદિ સુગંધી વસ્તુથી પણ અધિક સુગંધી હોય છે... સૂક્ષ્મ અવયવવાળી છે. કોમલ છે... પવિત્ર અને કાંતિયુક્ત છે.

**नृलोकतुल्य विष्कंभा, सितछत्रनिभाशुभा ।**
**ऊर्ध्वंतस्या: क्षितेः सिद्धाः, लोकांतेसमवस्थिता ॥१२७॥**

વળી આ સિદ્ધશીલા કેવી છે તો કહે છે કે મનુષ્યલોક જેટલા જ ૪૫ લાખ યોજન પ્રમાણવાળી છે. ઉંધા શ્વેત છત્રના આકારની છે... શુભ્ર છે... સર્વાર્થ સિદ્ધ વિમાનથી ૧ ૨ યોજન ઉપર છે... વચમાં આઠ યોજન જાડી છે અને કિનારી પર માખીના પાંખ કરતાં પણ અધિક પાતળી છે... એની એક યોજન ઉપર અલોક છે.. એના ચોવીસમાં ભાગમાં સિદ્ધ ભગવંતોની સ્થિતિ છે.

**कालावसर संस्थाना, यामूषागतसिक्थिका ।**
**तत्रस्थाकाशसंकाशाऽऽकारासिद्धावगाहना ॥१२८॥**

સિદ્ધ પરમાત્મા જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારે જે સંસ્થાનમાં હોય છે તેજ સંસ્થાન મુક્તિના વિષે સિદ્ધના જીવોના આત્મપ્રદેશોનું હોય છે. દૃષ્ટાંતથી સમજાવતાં જણાવે છે કે સોનાને ગાળવાનું જે પાત્ર

મુષાહ છે એમાં જ્યારે સોનું ગાળવામાં આવે છે ત્યારે એનું જે સંસ્થાન છે તે જ સિદ્ધના જીવોનું સંસ્થાન જાણવું.

**ज्ञातारोऽ खिलतत्वानां, द्दष्टारश्चैकहेलया ।**
**गुणपर्याय युक्तानां, त्रैलोक्योदरवर्तिनाम् ।।१२९।।**

સિદ્ધ ભગવંત ચૌદ રાજલોકમાં જે ગુણપર્યાય યુક્ત સંપૂર્ણ તત્વ તથા જીવાજીવાદિ પદાર્થોને જાણે છે. કેવળ જાણતાં જ નથી પરંતુ વિશેષ ઉપયોગથી જુએ પણ છે. એ જોવું એ પણ એક લીલા માત્ર છે.

**अनन्तं केवलज्ञानं, ज्ञानावरणसंक्षयात् ।**
**अनन्तंदर्शनं चैव दर्शणावरणक्षयात् ।।१३०।।**

જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી સિદ્ધ ભગવંતને અનંત કેવળજ્ઞાન હોય છે અને દર્શનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી અનંત દર્શન હોય છે.

**क्षायिके शुद्धसम्यक्त्वे चारित्र मोहनिग्रहात् ।।**
**अनन्ते सुखवीर्ये च, वेद्य विघ्न क्षयात् क्रमात् ।।१३१।।**

સિદ્ધ પરમાત્માને શુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વ તથા યથાખ્યાત ચારિત્ર, સમ્યક્ત્વ મોહનીય અને ચારિત્ર મોહનીયના ક્ષયથી હોય છે. તેવી જ રીતે વેદનીય કર્મના સંપૂર્ણ ક્ષયથી અનંતસુખ હોય છે અને અંતરાય કર્મના ક્ષયથી અનંતવીર્ય હોય છે.

**आयुषः क्षीण भावत्वात्, सिद्धानाम क्षयास्थितिः ।**
**नामगोत्रक्षयादेवा मूर्तानन्तावगाहना ।।१३२।।**

આયુષ્ય કર્મનો ક્ષય કરવાથી સિદ્ધોની અક્ષય ગતિ છે. ફરીથી એમને સંસારમાં આવવાનું નથી. નામકર્મ અને ગોત્રકર્મનો ક્ષય કરવાથી સિદ્ધ ભગવંત અરૂપી છે તથા અનંત અવગાહના વાળા છે.

**यत्सौख्यंचक्रिशक्रादि - पदवी भोग संभवम् ।**
**ततोऽनन्तगुणंतेषां, सिद्धावक्लेशमव्ययम् ।।१३३।।**

ચક્રવર્તીપદ તથા ઇન્દ્રપદને ભોગવવાથી જે સુખ પ્રાપ્ત થાય છે તેને ઉત્કૃષ્ટ સુખ કહેવાય છે. પરંતુ આ સુખથી પણ અનંતગણું અધિક સુખ મોક્ષમાં રહેલા સિદ્ધ ભગવંતોને છે. અજ્ઞાનથી તથા રાગદ્વેષથી કલેશ ઉત્પન્ન થાય છે. પરંતુ સિદ્ધ ભગવંત સંસારથી અને એના કારણભૂત રાગ-દ્વેષથી મુક્ત છે એથી એમને કલેશ નથી. એમનું સુખ કલેશથી રહિત અવ્યયછે. એનો ક્યારે પણ નાશ નથી. આ સુખ આત્મરમણતાનું છે.

**यदाराध्यंचयत्साध्यं, यद्ध्येयंयच्चदुर्लभम् ।**
**चिदानन्दमयंतत्तै: संप्राप्तम्परमं पदम् ।।१३४।।**

આરાધક પુરુષ જેના માટે સુંદર આરાધના કરે છે... જે પદ સાધક પુરુષોને સારી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિકની સાધનાથી પ્રાપ્ત થાય છે. ધ્યાનના કરનારા યોગી પુરુષો નિરંતર જેનું ધ્યાન કરે છે. એવું આ દુર્લભ પદ છે. અભવ્ય જીવોને સદા અલભ્ય છે... દુર્ભવ્ય જીવોને દુઃખ-કષ્ટથી પ્રાપ્ત થાય એવા પ્રકારનું છે. મુક્તિ પામવા યોગ્ય સામગ્રીનો જેમને અભાવ છે એવા ભવ્ય જીવોને પણ સદા દુર્લભ છે. આવું દુર્લભ મુક્તિપદને પરમપદને ચિદાનંદમય સિદ્ધ ભગવંતોએ પ્રાપ્ત કર્યું છે.

**नात्यन्ताभावरुपा न च जडिममयी व्योमवद् व्यापिनी नो ।**
**न व्यावृत्तिन्दधानाविषयसुखघनानेष्यते सर्व विद्भि: ।।**
**सद्रूपात्मप्रसादाद् द्दगवममगुणौघेनसंसारसारा ।**
**नि:सीमात्यक्षसौख्योदयवसतिरनि: पातिनी मुक्तिरुक्ता ।।१३५।।**

અનેક મતાવલંબી આચાર્ય અનેક પ્રકારની મુક્તિને માને છે એમના બધાના કથનનું ખંડન કરીને તાત્વિક મુક્તિનું સ્વરૂપ જણાવે છે.

કેટલાક આચાર્યો અત્યન્તાભાવરૂપ મુક્તિ જણાવે છે...

કેટલાક આચાર્ય જ્ઞાનના અભાવને મુક્તિ કહે છે...

કેટલાક આચાર્ય આકાશની જેમ સર્વવ્યાપી મુક્તિ છે એમ કહે છે...

બીજા આચાર્યો મુક્તિમાં ગયા પછી અવતાર ધારણ કરવારૂપ મુક્તિને માને છે.

કોઇ ક્લિષ્ટકર્મવાળા આચાર્ય વિષયસુખ મય મુક્તિ જણાવે છે...

પરંતુ આ બધું માનવું તે સર્વજ્ઞ ભગવંતના મત વિરુદ્ધ છે. સર્વજ્ઞ ભગવંત વિદ્યમાન ચિદ્રૂપ આત્મપ્રસતિથી સમ્યગ્ દર્શન, સ. જ્ઞાન, સ. ચારિત્ર સમુહથી અસાર એવા સંસારમાં સારભૂત તથા મર્યાદા રહિત સુખનું સ્થાન તથા અનંત અને અતિન્દ્રિય જે આનંદ એનો અનુભવ કરવાનું સ્થાન તથા અનીઃપાતની એટલે મોક્ષમાં ગયા પછી ફરીથી સંસારમાં આવવાના અભાવરૂપ મુક્તિને માને છે.

**इत्युउद्धृतो गुणस्थानरत्नराशि: श्रुतार्णवात् ।**
**पूर्व षिसूक्तिनावैव रत्नशेखरसूरिभि: ।।१३६।।**

પૂર્વે કહેલા સ્વરૂપ વિશિષ્ટ ગુણસ્થાન નામના ગ્રંથરૂપી રત્નરાશિને પૂર્વાચાર્યોએ રચેલા અનેક ગ્રન્થરૂપી સમુદ્રથી ઉદ્ધાર કર્યો છે. પૂર્વાચાર્યોની શુદ્ધવાણીરૂપ નાવ ઉપર બેસીને શ્રી રત્નશેખરસૂરિએ સ્વ-પર કલ્યાણને અર્થે ઉદ્ધૃત કર્યો છે.

**જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.**

## ૧૪ ગુણસ્થાનોમાં બંધ

**બંધ યંત્ર**

| ૧૪ | ગુણસ્થાનક | મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુઃ | નામકર્મ | ગોત્ર | અંતરાય | અબંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૨૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૦ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૩ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૦૧ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૧૯ |
| ૩ | મિશ્રે | ૭ | ૭૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ | ૪૬ |
| ૪ | અવિરતે | ૮ | ૭૭ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ | ૪૩ |
| ૫ | દેશવિરતે | ૮ | ૬૭ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૫૩ |
| ૬ | પ્રમત્તસંયતે | ૮ | ૬૩ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૫૭ |
| ૭ | અપ્રમત્તે | ૮ | ૫૯/૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ | ૬૧/૬૨ |
| ૮ | ભાગ ૧ | ૭ | ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૨ |
| | ભાગ ૨ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ભાગ ૩ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| ૮ અપૂર્વકરણ ભા. ૭ | ભાગ ૪ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ભાગ ૫ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ભાગ ૬ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૪ |
| | ભાગ ૭ | ૭ | ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ | ૯૪ |
| | ભાગ ૧ | ૭ | ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ | ૯૮ |
| | ભાગ ૨ | ૭ | ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ | ૯૯ |
| અનિવૃત્તિ ભા. ૫ | ભાગ ૩ | ૭ | ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦૦ |
| | ભાગ ૪ | ૭ | ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦૧ |
| | ભાગ ૫ | ૭ | ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦૨ |
| ૧૦ | સૂક્ષ્મસંપ૦ | ૬ | ૧૭ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૦૩ |
| ૧૧ | ઉપશાંત૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૯ |
| ૧૨ | ક્ષીણમોહે૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૯ |
| ૧૩ | સયોગિ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૯ |
| ૧૪ | અયોગિ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૦ |

# ૧૪ ગુણસ્થાનોમાં ઉદય

## ઉદય યંત્ર

| ૧૪ | ગુણસ્થાનકો | મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુઃ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય | અનુદય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૦ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧ |
| ૩ | મિશ્રે | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૨૨ |
| ૪ | અવિરતે | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ | ૧૮ |
| ૫ | દેશવિરતિ | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | ૩૫ |
| ૬ | પ્રમત્ત સંયતે | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૪૧ |
| ૭ | અપ્રમત્ત સંયતે | ૮ | ૭૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ | ૪૬ |
| ૮ | અપૂર્વ કરણે | ૮ | ૭૨ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૫૦ |
| ૯ | અનિવૃત્તિ | ૮ | ૬૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૫૬ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાયે | ૮ | ૬૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૬૨ |
| ૧૧ | ઉપશાંત મોહ | ૭ | ૫૯ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૬૩ |
| ૧૨ | ક્ષીણ મોહે | ૭ | ૫૭/૫૫ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ | ૬૫/૬૭ |
| ૧૩ | સયોગિ કેવલી | ૪ | ૪૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ | ૮૦ |
| ૧૪ | અયોગિ કેવલી | ૪ | ૧૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ | ૧૧૦ |

## ૧૪ ગુણસ્થાનોમાં ઉદીરણા

### ઉદીરણા-યંત્ર

| ૧૪ | ગુણસ્થાનક | મૂળકર્મ૦ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાના૦ | દર્શના૦ | વેદનીય | મોહનીય | આયુ: | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય | અનુદય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૧૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૦ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧ |
| ૩ | મિશ્રે | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૨૨ |
| ૪ | અવિરતે | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ | ૧૮ |
| ૫ | દેશવિરતિ | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | ૩૫ |
| ૬ | પ્રમત્ત સંયતે | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૪૧ |
| ૭ | અપ્રમત્ત સંયતે | ૬ | ૭૩ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ | ૪૯ |
| ૮ | અપૂર્વ કરણે | ૬ | ૬૯ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૫૩ |
| ૯ | અનિવૃત્તિ | ૬ | ૬૩ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૫૯ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાયે | ૬ | ૫૭ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૬૫ |
| ૧૧ | ઉપશાંત મોહ | ૫ | ૫૬ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૬૬ |
| ૧૨ | ક્ષીણ મોહે | ૫ | ૫૪/૫૨ | ૫ | ૬/૪ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ | ૬૮/૭૦ |
| ૧૩ | સયોગિ કેવલી | ૨ | ૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૦ | ૮૩ |
| ૧૪ | અયોગિ કેવલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૨ |

# ૧૪ ગુણસ્થાનોમાં સત્તા

## સત્તા યંત્ર

| ૧૪ | ગુણઠાણે સત્તા | મૂળપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | ઉપશમશ્રેણી | ક્ષપક શ્રેણી | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુકર્મ | નામકર્મ | ગોત્રકર્મ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૪૮ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૪૮ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૪૭ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૩ | મિશ્રે | ૮ | ૧૪૭ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૪ | અવિરતે | ૮ | ૧૪૮ | ૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૫ | દેશવિરતિ | ૮ | ૧૪૮ | ૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્ત સંયતે | ૮ | ૧૪૮ | ૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૭ | અપ્રમત્ત સંયતે | ૮ | ૧૪૮ | ૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૮ | અપૂર્વ કરણે | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૨/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૯ | અનિવૃત્તિ કરણના ભાગ ૯ — ૧ | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૨/૧ | ૯૩ | ૨ | ૫ |
| | ૨ | | | ૦ | ૧૨૨ | ૫ | ૯/૬ | ૨ | ૨૧ | ૨/૧ | ૯૩ | ૨ | ૫ |
| | ૩ | | | ૦ | ૧૧૪ | ૫ | ૯/૬ | ૨ | ૧૩ | ૨/૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૪ | | | ૦ | ૧૧૩ | ૫ | ૯/૬ | ૨ | ૧૨ | ૨/૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૫ | | | ૦ | ૧૧૨ | ૫ | ૯/૬ | ૨ | ૧૧ | ૨/૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૬ | | | ૦ | ૧૦૬ | ૫ | ૯/૬ | ૨ | ૫ | ૨/૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૭ | | | ૦ | ૧૦૫ | ૫ | ૯/૬ | ૨ | ૪ | ૨/૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૮ | | | ૦ | ૧૦૪ | ૫ | ૯/૬ | ૨ | ૩ | ૨/૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૯ | | | ૦ | ૧૦૩ | ૫ | ૯/૬ | ૨ | ૨ | ૨/૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાયે | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | ૧૦૨ | ૫ | ૯/૬ | ૨ | ૨૮ ૨૪ ૨૧ ૧ | ૨/૯ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| ૧૧ | ઉપશાંત મોહ | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | | ૫ | ૯/૬ | ૨ | ૨૮ ૨૪ ૨૧ | ૨/૮ | ૯૩ | ૨ | ૫ |
| ૧૨ | ક્ષીણ મોહે | ૭ | ૧૦૧/૯૯ | ૧૪૨/૧૩૯ | ૧૦૧/૯૯ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૩ | સયોગિ કેવલી | ૪ | ૮૫ | ૦ | ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૪ | અયોગિ કેવલી | ૪ | ૮૫ ૧૩ ૧૨ | ૦ | ૮૫ ૧૩ ૧૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૮ ૦/૯ | ૨/૧ | ૦ | ૦ |

✲ તદ્ભવ મોક્ષગામી અનંતાનુબંધી વિસંયોજક ઉપશમશ્રેણી માંડનાર ક્ષાયોપશમિક સમકિતને ૧૪૧ સત્તા ઘટે.

૧. તદ્ભવ મોક્ષે નહિ જનાર ઉપશમ શ્રેણીવાળા ક્ષાયિક સમકિતીને ઘટે.

૨. નવમા ગુણસ્થાનમાં મોહનીયના એ નવે અંક ૨૮-૨૪-૨૧ સહિત જાણવા.

# ચૌદ ગુણસ્થાન દ્વાર

અચલગચ્છ શણગાર **પ.પૂ. મહેન્દ્રસૂરિ મહારાજા**એ બાર દ્વાર સહિત 'વિચાર સત્પતિકા પ્રકરણ'નામનો મનનીય ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથમાં વિવિધ વિષયના મહત્વને વધારતા બાર દ્વાર છે. એમાંથી બારમું દ્વાર **ચૌદ ગુણસ્થાન દ્વાર** છે. ગુણસ્થાનોનો અભ્યાસ કરનારા જિજ્ઞાસુઓ માટે આમાંથી વિશેષ જાણવા મળે. એમ હોવાથી એનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

**अह चउदरससु गुणेसुं, कालपमाणं भणामि दुविहं पि[१] ।**
**न मरइ मरइ[२] वि जेसुं, सह परभवुं जेहिं[३] अप्पबहू ॥१॥ ॥७२॥**

**ગાથાર્થ :-** (અહ) હવે આ ગુણસ્થાન નામના દ્વારમાં ચાર પ્રતિદ્વારો (અંતર્ગતદ્વારો) છે તે આ પ્રમાણે :- **(चउदससु गुणेसुं)** ચૌદ ગુણસ્થાનકોમાં **(दुविहंपि)** જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને પ્રકારની સ્થિતિના **(कालप्रमाण)** કાળનું પ્રમાણ ૧. **(न मरइ मरइ वि जेसुं)** જે જે ગુણસ્થાનોમાં રહેલો જીવ મરે અથવા ન મરે તેનું સ્વરૂપ ૨. **(सह परभवुं जेहिं)** જીવ જે જે ગુણસ્થાન સહિત પરભવમાં જાય તે ૩. **(अप्पबहू)** તથા ગુણસ્થાનોમાં વર્તતા જીવોનું અલ્પ બહુત્વ ૪. આ પ્રમાણે ગુણસ્થાનોનાં ચાર પ્રતિદ્વારોને **(भणामि)** હું કહું છું. ॥૧॥. ૭૨

તેમાં પહેલા પ્રતિદ્વારની વ્યાખ્યા કરવા ઇચ્છતા આચાર્ય મિથ્યાત્વની સ્થિતિના કાળભેદ બતાવે છેઃ-

**मिच्छं अणाइनिहणं, अभव्वे भव्वे वि सिवगमाजुग्गे ।**
**सिवगमा अणाइसंतं, साईसंतं पि तं एवं ॥२॥ ॥७३॥**

**ગાથાર્થ :-** અનાદિ અનંત ૧, અનાદિ સાંત ૨, સાદિ અનંત ૩ અને સાદિ સાંત ૪. એ ચાર ભેદોમાં **(अमच्चे)** અભવ્ય જીવને **(अणाइनिहणं)** અનાદિ અનંત ભાંગે **(मिच्छं)** મિથ્યાત્વ હોય છે. **(सिवगमाजुग्गे)** મોક્ષ પામવાને અયોગ્ય હોય[૧] તેને પણ અનાદિ અનંત ભાંગે મિથ્યાત્વ હોય છે. આથી કરીને જાતિભવ્ય અને અભવ્ય બન્નેને અનાદિ અનંત મિથ્યાત્વ સિદ્ધ થયું, એ પ્રથમ ભાંગો જાણવો. તથા **(सिवगमा)** મોક્ષ પામવાને યોગ્ય એવા ભવ્ય જીવને **(अणाइसंतं)** અનાદિ સાંત એટલે આદિ રહિત અને અંત સહિત મિથ્યાત્વ હોય છે. જેમ કે કોઇક જીવ મરુદેવી માતાની જેમ સમકિત પામીને (વમ્યા સિવાય) તે ભવમાં જ મોક્ષે જાય, એ બીજો ભાંગો જાણવો. ૨. તથા કોઇક જીવને **(साईसंतं पि)** સાદિ સાંત મિથ્યાત્વ હોય છે. જેમકે કોઇ જીવ શ્રી મહાવીરસ્વામી વિગેરેની જેમ સમકિત પામીને પછી ફરીથી મિથ્યાત્વ પામે છે

અને ત્યારપછી ફરીને સમકિત પામી મોક્ષે જાય છે. (तं एवं) એ ચોથો ભાંગો જાણવો. (સાદિ અનંત નામનો ત્રીજો ભાંગો મિથ્યાત્વના વિષયમાં હોતો નથી.) ॥૨॥. ૭૩

ત્રીજો સાદિ સાંત નામનો ભાંગો મિથ્યાત્વને વિષે કેટલા કાળ સુધી રહે છે ? તે કહે છે :-

**लहु अंतमुहू गुरुअं, देवसूणमवड्ढ पुग्गलपरट्टं ।**
**सासाणं लहु समओ, आवलिछक्कं च उक्कोसं ॥३॥ ॥७४॥**

**ગાથાર્થ :-** તે સાદિ સાંત ભાંગે મિથ્યાત્વ (**लहु अंतमुहू**) જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી રહે છે, (**गुरुअं**) ઉત્કૃષ્ટથી (**देसूणमवड्ढपुग्गलपरट्टं**) દેશે ઊણા અર્ધપુદ્‌ગલપરાવર્ત સુધી રહે છે. ૧ (**सासाणं**) તથા સાસ્વાદન નામનું બીજું ગુણસ્થાનક (**लहु समओ**) જઘન્યથી એક સમય (**च**) અને (**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**आवलिछक्कं**) છ આવલિ સુધી રહે છે, તેથી વધારે રહેતું નથી. ॥૩॥. ૭૪.

**अजहन्नमणुक्कोसं, अंतमुहू मीसगं अह चउत्थं ।**
**समहिअतित्तीसयरे, उक्कोसं अंतमुहु लहुअं ॥४॥ ॥७५॥**

**ગાથાર્થ :-** (**मीसगं**) ત્રીજુ મિશ્ર ગુણસ્થાનક (**अजहन्नमणुक्कोसं**) અજઘન્યોત્કૃષ્ટ અસંખ્ય સમયવાળા (**अंतमुहू**) અંતર્મુહૂર્ત સુધી રહે છે.(**अह चउत्थं**) ચોથું અવિરતિ નામનું ગુણસ્થાન (**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**समहिअत्तितीसयरे**) તેત્રીશ સાગરોપમથી કાંઇક અધિક કાળ સુધી રહે છે; કારણ કે સર્વાથસિદ્ધ વિમાનની સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે, તેમાં એક મનુષ્ય ભવનું આયુષ્ય વધે છે, તે અપેક્ષાએ એટલું પ્રમાણ જાણવું કહ્યું છે કે :-

'**साहिअ तित्तीसायर खइअं दुगुणं खओवसमं**' (ક્ષાયિકને આશ્રીને તેત્રીશ સાગરોપમથી અધિક સ્થિતિ છે અને ક્ષાયોપશમિકને આશ્રીને તેથી બમણી સ્થિતિ છે.) એ સ્થળે છાસઠ સાગરોપમથી કાંઇક અધિક સ્થિતિ કહી છે તે ચોથા ગુણસ્થાનકની (**लहुअं**) જઘન્ય સ્થિતિ (**अंतमुहु**)અંતર્મુહૂર્તની જાણવી. ॥૪॥ ૭૫.

**देसूणपुव्वकोडी, गुरुअं च अंतमुहु देसं ।**
**छट्ठाइगारसंता, लहु समया अंतमुहु गुरुआ ॥५॥ ॥७६॥**

**ગાથાર્થ :-** (**देसं**) પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકની (**गुरुअं**) ઉત્કૃષ્ટ સ્થિતિ (**देसूणपुव्वकोडी**) આઠ વર્ષે ઊણી ક્રોડ પૂર્વની જાણવી, કારણ કે કોઇક ક્રોડ પૂર્વના આયુષ્યવાળો જીવ આઠ વર્ષની ઉંમર થયા પછી દેશવિરતિને ગ્રહણ કરે, તેથી આ પ્રમાણે સ્થિતિ હોઇ શકે છે. તથા (**लहु**) જઘન્ય સ્થિતિ (**अंतमुहु**)

અંતર્મુહૂર્તની છે. ૫ (छट्ठाइगारसंता) છઠ્ઠાથી અગ્યારમા પર્યંત છ ગુણસ્થાનકની (लहु समया) જઘન્ય સ્થિતિ એક સમયની છે, (अंतमुहु गुरुआ) છએની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે. ॥૫॥. ૭૬

(અહીં છઠ્ઠા સાતમા ગુણસ્થાનની સ્થિતિ ભેળી દેશે ઊણી ક્રોડ પૂર્વની સમજવી.)

**अंतमुहुत्तं एगं, अलहुक्कोसं अजोगिखीणेसु ।**
**देसूणपुव्वकोडी, गुरुअं लहु अंतमुहु जोगी ॥६॥ ॥७७॥**

**ગાથાર્થ :-** (अजोगि) અયોગી કેવલી નામના ચૌદમા અને (खीणेसु) ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકની (अलहुक्कोसं) જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ (अंतमुहुत्तं एगं) એક અંતર્મુહૂર્તની છે. તથા (जोगी) સયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકની (गुरुअं) ઉત્કૃષ્ટ સ્થિતિ (देसूणपुव्वकोडी) નવ વર્ષ ઊણી એક ક્રોડ પૂર્વની છે અને (लहु अंतमुहु) જઘન્ય અંતર્મુહૂર્તની છે. ॥૬॥. ૭૭

હવે બીજું ને ત્રીજું પ્રતિદ્વાર કહે છે :-

**मीसे खीण सजोगी, न मरंत मरंतेगारसगुणेसु ।**
**तह मिच्छसासाणअविरइ सहपरभवगा न सेसट्ठा ॥७॥ ॥७८॥**

**ગાથાર્થ :-** (मीसे) ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે, (खीण) બારમા ક્ષીણમોહે અને (सजोगी) સયોગી નામના તેરમે ગુણસ્થાને વર્તતા જીવ (न मरंत) મરણ પામતા નથી, (मरंतेगारसगुणेसु) બાકીના અગ્યાર ગુણસ્થાનને વિષે વર્તતા જીવ મરણ પામે છે. (એ બીજું પ્રતિદ્વાર પૂર્ણ થયું.) હવે ઉત્તરાર્ધ ગાથા વડે ત્રીજું પ્રતિદ્વાર કહે છે (तह मिच्छसासाणअविरइ) તેમજ મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતિ એ ત્રણ ગુણસ્થાનક (सहएरभवगा) સહિત જીવો પરભવમાં જાય છે અર્થાત્ તે ત્રણ ગુણસ્થાનો જીવની સાથે પરભવમાં જાય છે. (न सेसट्ठा) બાકીના આઠ ગુણસ્થાનો જીવની સાથે પરભવમાં જતા નથી. બારમા, તેરમા ને ચૌદમાની તો નિયમા મોક્ષગતિ જ છે. ॥૭॥. ૭૮ (અહીં ત્રીજું પ્રતિદ્વાર પૂર્ણ થયું.)

હવે ચોથું અલ્પબહુત્વ નામનું પ્રતિદ્વાર કહે છે :-

**उवसंतिजिणा थोवा, संखिज्जगुणाओ खीणमोहिजिणा ।**
**सुहुमनिअट्टिअनिअट्टि, तिन्नि वि तुल्ला विसेसहिआ ॥८॥ ॥७९॥**

**ગાથાર્થ :-** આધારને વિષે આધેયનો ઉપચાર કરવાથી ગુણસ્થાનને ઠેકાણે ગુણસ્થાનને વિષે વર્તતા જીવો લેવાય છે. તેથી કરીને (उवसंतिजिणा) ઉપશાંતિ જિનો એટલે ઉપશાંત મોહ ગુણઠાણાને વિષે

વર્તતા જીવો **(थोवा)** સર્વથી થોડા હોય છે, કારણ કે ઉપશમ શ્રેણી પ્રતિપદ્યમાન જીવો એક સમયમાં ઉત્કૃષ્ટથી ચોપન લભ્ય થાય છે. તેનાથી **(खीणमोहिजिणा)** ક્ષીણમોહી જિનો **(संखिज्जगुणाओ)** સંખ્યાતગુણા હોય છે, કારણ કે ક્ષપકશ્રેણી પ્રતિપદ્યમાન જીવો ઉત્કૃષ્ટા એક સમયે એક સો ને આઠ લભ્ય થઇ શકે છે. આ ઉત્કૃષ્ટની અપેક્ષાએ જાણવું, જઘન્યની અપેક્ષાએ તો તેથી ઉલટું પણ હોઇ શકે. જેમ કે ક્ષીણમોહી થોડા હોય અને ઉપશાંતમોહી તેનાથી સંખ્યાતગુણા હોય. તેનાથી (ક્ષીણમોહથી) **(सुहुमनिअट्टिअनिअट्टि)** સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિ (અનિયટ્ટી) અને અપૂર્વકરણ (નિયટ્ટી) એ **(तिन्नि वि)** એ ત્રણે ગુણઠાણે વર્તતા જીવો **(विसेसहिआ)** વિશેષ અધિક હોય છે.**(तुल्ला)** સરખા હોય છે. ॥૮॥૭૯

**जोगि अपमत्त इयरे, संखगुणा देस सासणा मिस्सा ।**
**अविरय अजोगि मिच्छा, चउर असंखा दुवे णंता ॥९॥ ॥८०॥**

**ગાથાર્થ :-** તેનાથી **(जोगि)** સયોગી કેવલી **(संखगुणा)** સંખ્યાતગુણા હોય છે, કારણ કે તેઓ બે થી નવ ક્રોડ પામી શકાય છે. તેનાથી **(अपमत्त)** અપ્રમત્ત સંખ્યાત ગુણા હોય છે. કારણ કે તેઓ બે હજાર ક્રોડથી નવ હજાર ક્રોડ પામી શકાય છે. તેનાથી **(इयरे)** બીજા પ્રમત્ત ગુણસ્થાનવાળા સંખ્યાત ગુણા હોય છે, કારણ કે ઘણા જીવો પ્રમાદી હોય છે અને પ્રમત્તપણું ઘણા કાળ સુધી રહે છે. તેનાથી **(देस सासणा मिस्सा)** દેશવિરત, સાસ્વાદન, મિશ્ર અને **(अविरयं)** અવિરત **(चउर असंखा)** એ ચારે અસંખ્યાતગુણા હોય છે, કારણ કે દેશવિરતિને ધારણ કરનાર તિર્યંચો અસંખ્યાતા છે. સાસ્વાદનવાળા તો કોઇવાર ન પણ હોય અને હોય ત્યારે પણ જઘન્યથી એક બે હોય છે, તથા ઉત્કૃષ્ટથી દેશવિરતિ કરતાં અસંખ્યાતગુણા હોય છે. તેમનાથી મિશ્ર અસંખ્યાતગુણા હોય છે, કારણ કે સાસ્વાદનના છ આવલિકારૂપ ઉત્કૃષ્ટ કાળ કરતાં મિશ્રનો અંતર્મુહૂર્ત સંબંધી કાળ ઘણો મોટો છે. તેનાથી અવિરતિ જીવો અસંખ્યાતગુણા હોય છે, કારણ કે તે ગુણસ્થાને ચારે ગતિના જીવો હોય છે. ત્યારપછી **(अजोगि मिच्छा)** અયોગી અને મિથ્યાદૃષ્ટિ **(दुवे णंता)** એ બે અનંતા હોય છે. અવિરતોથી ભવસ્થ (કેવળી) અને અભવસ્થ (સિદ્ધ) એ બે પ્રકારના અયોગી અનંતગુણા હોય છે, કારણ કે સિદ્ધો અનંત છે. તેનાથી મિથ્યાદૃષ્ટિઓ અનંતગુણા છે, કારણ કે તેમાં અનંતા વનસ્પતિકાય જીવોનો સમાવેશ થાય છે. તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે. આ પ્રમાણે ચોથું પ્રતિદ્વાર પૂર્ણ થયું અને તેથી કરીને ગુણ સ્થાન નામનું બારમું દ્વાર પણ પૂર્ણ થયું. ॥૯॥. ૮૦

હવે ગ્રંથનો ઉપસંહાર (સમાપ્તિ) કરે છે :-

**चउदसगुणसोवाणे, इअ दुहरोहे कमेण रुहिऊ णं ।**
**नरसुरमहिंदवंछिय-सिवपासाए सया वसह ॥१०॥ ॥८१॥**

**ગાથાર્થ :-** **(इअ)** આ પ્રમાણે હે ભવ્ય જીવો ! **(चउदसगुणसोवाणे)** ચૌદ ગુણસ્થાનરૂપ પગથિયાં કે જે ભારેકર્મીઓ વડે **(दुहरोहे)** દુઃખે આરોહણ કરાય છે તેવા છે, તેના પર **(कमेण)** અનુક્રમે **(रुहिऊण)** આરોહણ કરીને **(नरसुरमहिंदवंछिय)** મનુષ્ય, દેવ અને તેના ઇંદ્રોએ પણ ઇચ્છેલા **(सिवपासाए)** મોક્ષરૂપ પ્રાસાદને વિષે જઇને **(सया वसह)** નિરંતર નિવાસ કરો. અથવા મનુષ્ય અને દેવોએ તથા મહેંદ્રસિંહ નામના સૂરિએ વાંછિત એવા મોક્ષપ્રાસાદને વિષે શાશ્વત નિવાસ કરો. આ અર્થથી ગ્રંથકારે પોતાનું નામ સૂચવ્યું છે. ॥૧૦॥. ૮૧



સિદ્ધશિલા
દેવવિમાન
ક્ષપક શ્રેણી
૧૪ ગુણ સ્થાન
અયોગી કેવલી
સયોગી કેવલી
ક્ષીણ મોહ
ઉપશાંત મોહ
સૂક્ષ્મ સંપરાય
અનિવૃત્તિ કરણ યા બાદર સંપરાય
અપૂર્વ-કરણ યા નિવૃત્તિ કરણ
અપ્રમત્ત સર્વ - વિરત
પ્રમત્ત સર્વ - વિરત
દેશ વિરત
અવિરત સમ્યગ્ દૃષ્ટિ
મિશ્ર
સાસ્વાદન
૧૪
૧૩
૧૨
૧૧
૧૦
૯
૮
૭
૬
૫
૪
૩
૨
૧
ઉપશમ શ્રેણી
૧૧
૧૦
૯
ઉપશાંત મોહ
સૂક્ષ્મ સંપરાય
અનિવૃત્તિ કરણ યા બાદર સંપરાય
મિથ્યાત્વ ગુણસ્થાન
મિથ્યાત્વ ગુણ સ્થાન

# ચૌદ ગુણસ્થાનમાં આરોહ - અવરોહ



# ઉપશમ શ્રેણીથી અધઃપતન




અનાદિ મિથ્યાદષ્ટિ જીવને ગ્રંથીભેદ પછી પ્રથમ બાર પ્રાપ્ત થવા વાળા ગુણસ્થાનક




ઉપશમ સમ્યક્ત્વના કાળમાં જીવને જિન-પ્રણિત તત્વોં પર દૃઢ અને અચલ શ્રદ્ધા થઇ જાય છે. તે શાન્ત-પ્રશાન્ત, સ્થિર તથા પૂર્ણાનન્દ થઇ જાય છે. તેમની આત્મા કૃષ્ણપક્ષી થી શુક્લપક્ષી બની જાય છે.